Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

વર્ષ : ૩૨ ● અંક : ૩૫૮
તા.૦૪-૦૨-૨૦૧૭, શનિવાર
સંવત ૨૦૭૩ મહા સુદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ

પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭

જનસેવાની પરંપરાના ૩૧ વર્ષ...

સૂર્યોદય : ૦૭:૨૦ સૂર્યાસ્ત : ૦૬:૨૯

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૧૩.૮ | વડોદરા | ૧૬ |
| અમદાવાદ | ૧૮.૩ | સુરત | ૧૯ |
| ગાંધીનગર | ૧૬.૫ | નલિયા | ૧૧ |

ચાંદી : ૪૧૫૦૦ સોનું : ૨૯૫૦૦

# આજે પંજાબ-ગોવામાં ચૂંટણી મતદાન

## નોટબંધી બાદ મોદી સરકારની લોકપ્રિયતાની કસોટી થશે : પંજાબમાં હાલ શિરોમણી અકાલીદળ-ભાજપ ગઠબંધન સરકાર અને ગોવામાં ભાજપ સરકાર છે : કોંગ્રેસ માટે પણ ચૂંટણી પ્રતિષ્ઠાસમાન બની રહેશે

નવી દિલ્હી

પંજાબ અને ગોવામાં આવતી-કાલે વિધાનસભાની ચૂંટણી માટે મતદાન યોજાનાર છે. મતદાનને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. નોટબંધી બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં પ્રથમ ભાજપ સરકારની લોકપ્રિયતાની પ્રથમ મોટી કસૌટી થનાર છે. પંજાબમાં ૧૧૭ અને ગોવામાં ૪૦ બેઠકો માટે મતદાન યોજાનાર છે. બન્ને રાજ્યોમાં ભાજપ સત્તામાં છે. જેથી તેની સામે સત્તા જાળવી રાખવા માટે પડકાર છે. વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચાર બેઠક જીતી જનાર એએપી દ્વારા તમામ ૧૧૭ બેઠકો પર ઉમેદવાર ઉતારી દેવામા આવ્યા છે. તે અપસેટ સર્જવા માટે દાવો કરે છે. કોંગ્રેસ અને ભાજપ સામે એએપી દ્વારા પડકાર ફેંકવામાં આવ્યો છે. ગુરૂવારના દિવસે પ્રચારના અંતિમ દિવસે તમામ રાજકીય પક્ષોએ જોરદાર ચૂંટણી પ્રચાર કરીને મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા. પ્રકાશસિંહ બાદલના નેતૃત્વમાં અકાળી દળ-ભાજપ ગઠબંધન સામે કેટલાક પડકારો રહેલા છે. બીજી બાજુ અમરિન્દર સિંહના નેતૃત્વમાં કોંગ્રેસ મેદાનમાં ઉતરી છે. પંજાબમાં મતદારોને પ્રભાવિત કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી તેમજ એએપીના નેતા અરવિન્દ કેજરીવાલ જોરદાર પ્રચાર કરી ચુક્યા છે. અનુસંધાન પાના નં.૬

### પંજાબ-ગોવા આંકડા...

- ★ પંજાબમાં વિધાનસભાની ૧૧૭ અને ગોવામાં ૪૦ બેઠકો છે
- ★ એએપી દ્વારા તમામ ૧૧૭ બેઠક પર ઉમેદવાર ઉતારવામાં આવ્યા
- ★ પંજાબમાં મતદાન મથકોની સંખ્યા ૨૨૬૦૦ છે
- ★ ગોવામાં મતદાન મથકોની સંખ્યા ૧૬૪૨ છે
- ★ પંજાબમાં પ્રકાશસિંહ બાદલ અને સુખબીર બાદલના ભાવિનો ફેંસલો થનાર છે
- ★ અમરિન્દરસિંહ અને નવજોત સિદ્ધુ જેવા કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓના ભાવિનો પણ ફેંસલો થનાર છે
- ★ પંજાબમાં ૧૧૭ બેઠકો પૈકી ૩૪ બેઠક અનુસૂચિત જાતિ માટે રિઝર્વ છે
- ★ મતદારોની સંખ્યા પંજાબમાં ૧૯૨૧૪૨૩૬ છે
- ★ બંને રાજ્યોમાં મતદારો મતાધિકારનો ઉપયોગ કરવા સજ્જ છે
- ★ પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે
- ★ આવતીકાલે ગોવા અને પંજાબમાં એક જ તબક્કામાં મતદાન પૂર્ણ થઈ જશે
- ★ બંને રાજ્યોમાં ઈવીએમ મારફતે મતદાન થશે
- ★ ઉત્તરપ્રદેશમાં ૧૧મી ફેબ્રુઆરીના દિવસે પ્રથમ તબક્કામાં ૭૨ સીટ માટે મતદાન થશે
- ★ તમામ રાજ્યોમાં સઘન સુરક્ષા વ્યવસ્થા

### વિચાર વૈભવ...

#### ક્યાં છે ધગધગતાં દિલ ?

હરિજનો જાહેર વાહનોમાં છૂટથી બેસતા થયા છે, હોટલોમાં સૌની સાથે ખાતાંપીતાં થયા છે, પ્રસિદ્ધ મંદિરોમાં જઈ શકે છે, એ સાચું. એનું ઘણું મહત્વ છે. પરંતુ આ બધી પ્રવૃત્તિ ઘણેખરે અંશે શહેરોમાં અને સમાજના ઉપલા પડોમા ચાલે છે. વિશાળ ગ્રામસમાજનું અવલોકન કરશું તો જણાશે કે સમાજની અંદરનાં પડ હજુ ભેદાયાં નથી.

સરકાર કાનૂનની શકિત અજમાવી રહી છે. પરંતુ કાનૂન કંઈ પેલાં પડને થોડાં જ વીંધી શકે? લોકસંસ્થાઓ હરિજનોને રાહત પહોંચાડે છે અને પ્રચાર કાર્ય પણ કરે છે. પરંતુ એ જાતના રાહતકાર્યથી કે પ્રચારકાર્યથી પેલાં પડને શી રીતે ભેદી શકાય? એ પડને ભેદવા માટે તો ધગધગતાં દિલ જોઈએ, સામાજિક સંકલ્પ જોઈએ, પ્રાયશ્ચિત્તની તીવ્ર ને વ્યાપક ભાવના જોઈએ. એ બધું ક્યાં છે?

રાષ્ટ્રના લગભગ છઠ્ઠા ભાગના લોકોને અછૂત રાખવા એ ઘોર સામાજિક પાપ છે, એમ આપણને લાગે છે ખરૂં? આ સરાસર અન્યાય સામે આપણા કોના દિલમાંથી બળવો જાગે છે? હિંદુ ધર્મ પરનું આ કલંક ભૂંસી નાખવા માટે જેહાદ ચલાવવાનું કેટલા વર્તમાનપત્રોને કર્તવ્ય લાગતું હશે? આવો અધર્મ ચાલ્યા કરે તો હિન્દુ ધર્મ રસાતાળ જશે, એવી વેદના ધર્મધુરંધરોમાંથી કેટલા અનુભવતા હશે? કાં તો અમે નહિ અને કાં તો આભડછેટ નહિ,એવી પ્રેરણા ક્રાંતિનો ઈતિહાસ વાંચનારા કેટલા નવજુવાનોને થતી હશે? આપણને સૌને સાથે મળીને આ મહાપાપ સામે આખર સુધી લડી લેવાનું કેમ સૂઝતું નથી?

- વજુભાઈ શાહ

## કરન્સી સપ્લાયર અને મેનેજમેન્ટની જવાબદારી રિઝર્વ બેંકની છે

# રોકડની કટોકટી દુર : કેશ ઉપાડવાની મર્યાદા દુર કરાશે

### નોટબંધી બાદ ૯૦ દિવસથી પણ પહેલા જ માર્કેટમાં રોકડની કમી રહી નથી નાની નોટો પર હવે વધુ ધ્યાન : બચત બેંક ખાતા ઉપાડની મર્યાદા દુર કરાશે

નવી દિલ્હી

ભારત સરકારના આર્થિક મામલાના સચિવ શક્તિકાંત દાસે આજે દાવો કરતા કહ્યું હતું કે ગયા વર્ષે આઠમી નવેમ્બરના દિવસે જૂની ૫૦૦ અને ૧૦૦૦ની નોટને અમાન્ય જાહેર કરવામાં આવ્યા બાદ માર્કેટમાં આવેલી રોકડ કટોકટીની તકલીફને દુર કરી દેવામાં આવી છે. હવે કોઈ કટોકટી રહી નથી. સામાન્ય રીતે તમામ અડચણો દુર થઈ ચુકી છે. વિડ્રોઅલ અથવા ઉપાડ પર કોઈ પ્રતિબંધ નથી. તેમણે જાહેરાત કરતા કહ્યું હતું કે રોકડ ઉપાડવા માટેની જે મર્યાદા રાખવામાં આવી છે તે પણ હવે સંપૂર્ણપણે દુર કરી લેવામાં આવશે. એક મુલાકાતમાં તેમણે કહ્યું છે કે બચત ખાતાની દર સપ્તાહમાં ૨૪૦૦૦ રૂપિયા ઉપાડવાની મર્યાદાને છોડી દેવામાં આવે તો રોકડ ઉપાડ પરથી તમામ પ્રતિબંધો હવે દુર કરવામાં આવી ચુક્યા છે. થોડાક સમય બાદ આ પ્રતિબંધને પણ દુર કરી દેવામાં આવશે. દાસે કહ્યું હતું કે કરન્સી સપ્લાય અને મેનેજમેન્ટ કરવાની જવાબદારી રિઝર્વ બેંકની છે. માત્ર કેન્દ્રિય બેંક જ બચત ખાતાથી કેશ ઉપાડની આ મર્યાદાને હટાવી દેવા પર નજીકના ભવિષ્યમાં નિર્ણય કરશે. તેમણે કહ્યું હતું કે કદાચ કોઈ વ્યક્તિ એક મહિનામાં એક લાખ રૂપિયાની રોકડ ઉપાડ કરે છે. જેથી એવું લાગે છે કે કેશ ઉપાડવા પર આ મર્યાદાને વિશેષ મહત્વરૂપે ગણવી જોઈએ નહીં.

## સાંસદ અહેમદના અવસાન પ્રશ્ને લોકસભામાં હોબાળો

નવી દિલ્હી

મુસ્લિમ લીગના સાંસદ ઈ અહેમદના અવસાન બાદ સંસદ સ્થગિત નહીં કરવાના નિર્ણયને લઈને હવે વિવાદ છેડાઈ રહ્યો છે. નાણામંત્રી અરૂણ જેટલીએ બજેટ રજુ કર્યાના બે દિવસ બાદ કોંગ્રેસે ભારે હોબાળો મચાવ્યો હતો. કોંગ્રેસે ધાંધલ ધમાલ મચાવીને સરકાર પર વરિષ્ઠ નેતાનું અપમાન કરવાનો આક્ષેપ કર્યો હતો. વિપક્ષે આ મામલામાં તપાસની માંગ પણ કરી છે. કોંગ્રેસ પાર્ટીએ આ સમગ્ર મામલામાં સંસદમાં સ્થગિત પ્રસ્તાવ લાવવાની પણ માંગ કરી છે. વિપક્ષના હોબાળા બાદ લોકસભાની કાર્યવાહી આજે સોમવાર સુધી મોકુફ કરી દેવામાં આવી હતી.

## કલોલ તાલુકાના પલીયાડ ગામમાં રમખાણો ભડકી ઉઠ્યા હતા

# ગોધરાકાંડ બાદ હિંસા કેસમાં પુરાવાના અભાવે ૨૮ નિર્દોષ

### ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે ગોધરા રેલવે સ્ટેશન નજીક સાબરમતી એક્સપ્રેસને કોચને આગ ચાંપી દેવાયા બાદ પ્રત્યાઘાતરૂપે હિંસા ફેલાઈ હતી

ગાંધીનગર

વર્ષ ૨૦૦૨માં સનસનાટીપૂર્ણ ગોધરા અગ્નિકાંડ બાદ તેના પ્રત્યાઘાતરૂપે ભડકેલી સાંપ્રદાયિક હિંસાના એક કેસમાં ગુજરાતમાં ગાંધીનગરમાં કલોલમાં એડિશનલ ડિસ્ટ્રીક્ટ કોર્ટે આજે ૨૮ આરોપીઓને નિર્દોષ છોડી મુક્યા હતા. કલોલની કોર્ટ દ્વારા તમામને નિર્દોષ છોડી મુકવામાં આવતા આની ચર્ચા આજે સાંજે જોવા મળી હતી. પુરાવાના અભાવે કોઈપણ પ્રકારની સજા વગર તમામને મુક્ત કરવામાં આવ્યા હતા. કોર્ટે જાહેરાત કરી હતી કે કોઈપણ પ્રકારના નક્કર પુરાવા હાથ લાગ્યા નથી. જેથી જે લોકો પકડાયા છે તેમની સામે કોઈ આરોપ સાબિત થતા નથી. મુક્ત થયેલા લોકોમાં કલોલ નાગરિક સહકારી બેંકના ચેરમેન ગોવિંદ પટેલનો પણ સમાવેશ થાય છે. આ તમામ લોકો પર રમખાણો ફેલાવવા તથા જાહેર મિલકતોને નુકસાન પહોંચાડવાના આરોપ મુકવામાં આવ્યા હતા. આગ ચાંપવામાં બનાવમાં ભાગ લેવાનો આરોપ મુકવામાં આવ્યો હતો. કોર્ટમાં થયેલી કાર્યવાહીના આધારે જુબાની આપનાર લોકોએ આ તમામને ઓળખતા ન હોવાની રજુઆત કરી હતી. ૨૮મી ફેબ્રુઆરીના દિવસે રમખાણો થયા હતા. આ સંબંધમાં આરોપીઓ અને ભોગ બનેલા લોકો વચ્ચે કોઈપણ પ્રકારના નક્કર પુરાવા મળી શક્યા નથી. ચુકાદાની જાહેરાત કરતા જ એડિશનલ ડિસ્ટ્રીક્ટ જજ બી.ડી. પટેલે કહ્યું હતું કે આરોપીઓ સામે પુરતા પુરાવા મળ્યા નથી કારણ કે તમામ સાક્ષીઓએ નિવેદન ફેરવી કાઢ્યા હતા અને કહ્યું હતું કે તેઓ આરોપી લોકોને ઓળખતા નથી. ૨૬ લોકો સામે આગ, રમખાણો અને સંપત્તિને નુકસાન કરવાના આરોપો હતા. પલીયાડ ગામમાં મસ્જિદમાં તોડફોડ કરવાનો આ સમગ્ર મામલો પણ રહ્યો હતો. અત્રે નોંધનિય અનુસંધાન પાના નં.૬

# મહેસુલને લગતી કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરાશે

### વચેટીયા વિના કામગીરી થાય તેવું આયોજન કરાયું

અમદાવાદ

મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે, જમીન બાબતે રાજય સરકારે નીતિ વિષયક નિર્ણયો લઈ સમયસર સૌને ન્યાય મળે તેવી પારદર્શી અને પ્રજાલક્ષી નીતિ અપનાવી છે તેમજ સંલગ્ન રેકોર્ડ ઘર બેઠા જોઈ શકાય તેવી આધુનિક પધ્ધતિ અપનાવવામાં આવી છે જેનો લાભ આગામી પેઢીને પણ મળશે. જિલ્લી વહીવટ-તંત્ર દ્વારા યોજાયેલ ઓપન હાઉસ કાર્યક્રમમાં બિન ખેતી જુની શરત તથા અન્ય હુકમોનું વિતરણ કરતાં મહેસુલ મંત્રીએ અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા છ માસના ગાળામાં આઠ જેટલા ઓપન હાઉસનું આયોજન કરી ૧૧૩૫ જેટલા ઈન્ટિમેશન ઈસ્યુ કર્યા છે તે માટે અભિનંદન આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, મહેસુલને લગતી કાયદેસરની વ્યાજબી કામગીરી કોઈપણ વચેટીયા વગર સમય મર્યાદામાં પૂર્ણ થાય તેવું આયોજન મહેસુલી તંત્ર દ્વારા કરવામાં આવ્યું છે ત્યારે સમયમર્યાદામાં થતા કામોમાં ઉતાવળ ન કરાવવા ખાસ અપીલ કરી હતી. મહેસુલમંત્રીએ જણાવ્યું કે, કોઈપણ વહીવટી નિર્ણયોમાં પારદર્શી તેમજ પ્રમાણિકતા આ સરકારની નેમ છે અને પ્રજાલક્ષી, ખેડુતલક્ષી અનેક નિર્ણયો લીધા છે તેનો હકારાત્મક પ્રતિસાદ સતત મળી રહ્યો છે. આ તબક્કે પાણી તેમજ નામફેર જેવી બાબતોમાં પણ ખેડુતોને સંપૂર્ણ ન્યાય મળશે તેવી ખાત્રી તેમણે આપી હતી.

## સાધ્વીની જમીન અરજી ફગાવાઇ

# મુક્તેશ્વર મઠના વિવાસ્પદ સાધ્વી જયશ્રીગિરી જ્યુડિશિયલ કસ્ટડીમાં...!!!

### સહ આરોપી ચિરાગ રાવલની પ્રોહિબિશન કેસમાં અટકાયત કરાઈ : વ્યાજખોરીના કેસમાં પૂર્વ પોલીસે સાધ્વીનો કબ્જો મેળવવા તજવીજ હાથ ધરી

પાલનપુર

મુકતેશ્વર મઠના સાધ્વી જયશ્રીગિરીને પ્રોહિબિશન કેસમાં ૨ દિવસના પોલીસ રિમાન્ડ પૂર્ણ થતા આજે પાલનપુર કોર્ટમાં રજૂ કરાઈ હતી. જયાં નામદાર કોર્ટે, સાધ્વીની જમીન અરજી ફગાવી દઈ જયુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ કરતા સાધ્વીને સબ જેલને હવાલે કરાયા હતા.





મોકેશ્વર મઠના વિવાદિત સાધ્વીના છેતરપિંડી બાદ પ્રોહિબિશન કેસમાં ધરપકડ કરી પોલીસે ૨ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. જે રિમાન્ડની અવધિ પૂર્ણ થતા આજે સાધ્વીને પોલીસે પાલનપુરની ત્રીજી એડિશનલ સિવિલ કોર્ટમાં રજૂ કરી હતી. જ્યાં સાધ્વીએ જમીન અરજી મૂકી હતી. જે જામીન અરજી કોર્ટે ફગાવી દીધી હતી. જોકે, પોલીસે પણ પુનઃ રિમાન્ડની માંગ ન કરતા આખરે નામદાર કોર્ટે સાધ્વીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કર્યો હતો.

જયારે છેતરપિંડી કેસના સહ આરોપી ચિરાગ રાવલના પણ ૩ દિવસના પોલીસ રિમાન્ડ પૂર્ણ થતા પોલીસે તેને કોર્ટમાં રજૂ કર્યો હતો. જ્યાં પશ્ચિમ પોલીસે ટ્રાન્સફર વોરંટને આધારે ચિરાગ રાવલની પ્રોહિબિશનના કેસમાં અટકાયત કરી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું. આમ, સાધ્વી અને તેના સાગરીત ચિરાગ રાવલની જેલયાત્રા નો હજી અંત આવ્યો નથી.

### સાધ્વીની વ્યાજખોરીના કેસમાં અટકાયત..!!! થશે

મુકતેશ્વર મઠના વિવાદિત સાધ્વી જયશ્રીગિરીને આજે કોર્ટમાં રજૂ કરાયા હતા. જ્યાં તેઓની જમીન અરજી ના-મંજુર થતા તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં ધકેલવામાં આવ્યા હતા. ત્યારે પૂર્વ પોલીસે વ્યાજખોરીના ગુનામાં તેઓની ટ્રાન્સફર વોરન્ટને આધારે અટકાયત કરવાની તજવીજ હાથ ધરી છે. ત્યારે ફરીએકવાર સાધ્વીની ત્રીજા ગુનામાં ધરપકડ કરી પોલીસ રિમાન્ડ મેળવવાની કવાયત હાથ ધરશે. જયારે સહ આરોપી ચિરાગ રાવલની તો આજે પશ્ચિમ પોલીસે પ્રોહિબિશન ના કેસમાં ટ્રાન્સફર વોરંટના આધારે અટકાયત કરી દીધી છે. ત્યારે તેને પણ આવતીકાલે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવવા પોલીસે તજવીજ હાથ ધરી છે.

## સાધ્વી જયશ્રીગીરી પહેલેથી માથાફરેલ મિજાજની : પૂર્વ પતિની કેફીયત

### સાધ્વીનો પૂર્વ પતિ ડીસામાં ચાની કીટલી ચલાવે છે

ડીસા

વડગામના મુકતેશ્વર મહાદેવ મઠના સાધ્વી જયશ્રીગીરી પર હત્યા, ખંડણી, બેનામી સંપત્તિ અને પ્રોહીબીશન સહિતના ગુનાઓમાં તેમની ધરપકડ બાદ એક પછી એક ચોંકાવનારી વિગતો બહાર આવી રહી છે. જેમાં સાધ્વીના પુર્વ પતિ બળદેવગીરી ગૌસ્વામીએ પણ તેણી પહેલેથી જ માથાભારે અને ફરેલ મીજાજની હોવાનો ચોંકાવનારો ખુલાસો કર્યો છે અને ફાંસીની સજા થાય તેવી માંગ કરી છે.

સાધ્વી જયશ્રીગીરીનું સંસારી નામ હસુમતી ગૌસ્વામી હતું.તેના લગ્ન ત્રીસેક વર્ષ અગાઉ ખેરાલુ તાલુકાના ચાણસોલ ગામના બળદેવગીરી ગૌસ્વામી સાથે થયા હતા. બળદેવગીરી હાલ ડીસાના આરટીઓ ચાર રસ્તા નજીક ચાની કીટલી ચલાવે છે. અત્યારે સાધ્વીની ધરપકડ બાદ તેના એક પછી એક ગુનાઓનો પર્દાફાશ થઈ રહ્યો છે જેમાં તેમની વિરૂદ્ધ ખંડણી, છેતરપીંડીના ચાર અને પ્રોહીબીશનની એક મળી કુલ પાંચ ફરીયાદ દાખલ થઈ છે અને હાલમાં પ્રોહીબીશનના ગુનામાં પોલીસ રીમાન્ડ હેઠળ છે. જેથી સાધ્વી જયશ્રીગીરીની બનાસકાંઠા જિલ્લા ઉપરાંત અમદાવાદ અને સૌરાષ્ટ્રભરમાં ચર્ચા ચાલી રહી છે. ત્યારે તેણીના પૂર્વ પતિ બળદેવ ગી-રીએ જણાવ્યું હતું કે અમારા લગ્ન બાદ તુરંત જ તેણીએ પોતાનું પોત પ્રકાશ્યું હતું. તે હરવા ફરવા અને ફિલ્મો જોવાની શોખીન હોઈ અમારા પરિવાર સાથે ફાવતું ન હોઈ યેનકેન પ્રકારે અમને હેરાનગતિ કરી એકાદ વર્ષ બાદ મારાથી છુટી થઈ ભરણ પોષણનો દાવો માંડયો હતો. બાદમાં સામાજીક રાહે છુટાછેડા લઈ લીધા બાદ તે કોઈ મુસ્લિમ શખ્સ જોડે ભાગી ગઈ હતી. તે પહેલેથી માથાફરેલ હતી અને દરેક ગુનામાં તેની સીધી સંડોવણી હોઈ તેને ફાંસીની સજા થાય તેવી માંગ કરી હતી. આમ સાધ્વી ઉપર દિન પ્રતિદિન કાયદાનો સકંજો કસાતો જાય છે તેથી તેમની જેલ યાત્રા લંબાવવા સાથે કડક સજા થાય તેવી શકયતા છે.

સૂર્યોદય -૭.૨૦ સૂર્યાસ્ત - ૬.૨૯

## તિથિદર્શન મહા સુદ ૮ શનિવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૮, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ મહા સુદ આઠમ શનિવાર નક્ષત્રઃ ભરણી સાંજે ૬.૩૯ પછી કૃતીકા યોગઃ શુકલ કરણઃવિષ્ટી આજે જન્મેલા બાળકની મેષ (અ.લ.ઈ.) રાત્રે ૧૨.૧૬ પછી વૃષભ (બ.વ.ઉ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે. **- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

### અનાહતઃ પ્રવિશતિ હ્પૃષ્ટો બહુ ભાષતે અવિશ્વસ્તે વિશ્વસિ તિ મૂઢ્ચેતા નરાધમઃ

'જે માણસ વગર નિમંત્રણે કોઈ પ્રસંગે સભામાં કે કોઈના ઘેર જાય, નિશ્ચિત કર્યા વિના જ મંચ પર પહોંચી જાય અને ભાષણ પણ ભરડી નાખે, આવી વ્યક્તિનો કદી પણ ભરોસો- વિશ્વાસ કરવો નહીં. આમ છતાં આવી વ્યક્તિ પર જે વિશ્વાસ કરે છે એ વ્યક્તિ નિશ્ચિંતપણે મૂર્ખ છે એમ સમજવું.' ગુજરાતીમાં કહેવત છે. વણબોલાવ્યો બોલે એ તણખલાંની તોલે- કેટલાક માણસોની એવી આદત હોય છે કે કોઈ ખાનગી- નિયંત્રણવાળા કાર્યક્રમમાં પણ વિના આમંત્રણ ઘુસી જતા હોય છે. એટલું જ નહીં, આયોજક- યજમાન પણ વિચારતા રહી જાય કે આને આમંત્રણ આપ્યું નથી, બોલાવ્યો નથી છતાં કેમ આવી ગયો? અનાદર થાય છે. કોઈને માઈક- મંચનો મોકો મળે તો બોલવામાં પાછું વળી જોતા નથી. સંદર્ભ વિના માત્ર પોતાનું મહત્વ દર્શાવતી વાર્તાઓ બોલ્યા જ કરે છે. કેટલાક લોકોને આવા માણસનો પરિચય હોય છતાં પોતાના ટૂંકા સ્વાર્થ માટે કરી એના પર વિશ્વાસ મૂકે છે. આવા લોકોને અંતે પશ્ચાત્તાપ - દુઃખ સિવાય કંઈ જ મળતું નથી. વગર બોલાવ્યે જવું નહીં, વગર પૂછે કોઈને સલાહ- અભિપ્રાય- માર્ગદર્શન આપવું નહીં, વગર વિચારે સાહસ- કાર્ય કરવું નહીં

## આપની આજ - કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)આર્થિક સમસ્યા હળવી બને. અગત્યના કાર્યમાં સફળતા મળે.**

**વૃષભ : (બ.વ.ઉ.)મનમાં અશાંતિ રહે. મનની મુરાદ બર ન આવે.**

**મિથુન : (ક.છ.ઘ.)નવિન આયોજનો સફળતાથી પાર પાડી શકશો. આરોગ્ય સંભાળવું.**

**કર્ક : (ડ.હ.)કાર્યોમાં વિલંબથી સફળતા મળે. પરિવારજનોમાં વાદ-વિવાદ થાય.**

**સિંહ : (મ.ટ.) ખર્ચ પર કાબુ રાખવો. ચિંતાનો ઉકેલ મળે.**

**કન્યા : (પ.ઠ.ણ.)મનમાં વ્યગ્રતા રહે. જીવનસાથીના આરોગ્ય અંગે સંભાળવું.**

**તુલા : (ર.ત.) અણધારી આફત આવી પડે. મનમાં ચંચળતા રહે.**

**વૃશ્ચિક : (ન.ય.)અણધાર્યો ધન લાભ થાય. ભાગીદારીથી ચેતતા રહેવું.**

**ધન : (ભ.ફ.ધ.)કાર્યબોજ વિશેષ રહે. નાણાંભીડ અનુભવાય.**

**મકર : (ખ.જ.)સફળતા માટે મહેનત કરવી પડે. નવિન ખરીદી થાય.**

**કુંભ : (ગ.શ.સ.)મિલ્કત-વાહનોને લગતા પ્રશ્નો હલ થાય. વ્યર્થ ક્રોધ ટાળવો.**

**મીન : (દ.ચ.જ.થ.)પરિશ્રમનું શ્રેષ્ઠ ફળ મળે. અધિકારીથી લાભ થાય.**

## આજનો દિન મહાન - યશવંત કડીકર

ભૌતિક વિજ્ઞાનના ઊંડા અભ્યાસી, સંશોધક અને તજજ્ઞ પ્રો. સત્યેન બોસની પુણ્યતિથિ છે.

એમનો જન્મ તા. ૧-૧-૧૮૯૪ ના રોજ કલકત્તામાં થયો હતો. પ્રો. સત્યેન બોઝની પ્રતિભા ભારત વ્યાપી બનતી ગઈ અને પછી ધીમે ધીમે વિશ્વવ્યાપી બની.

ભૌતિક વિજ્ઞાનના પ્રતિભાસંપન્ન વિદ્વાન પ્રાધ્યાપક અને સંશોધક પ્રો.સત્યેન બોઝનું તા. ૪-૨-૧૯૭૪ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# ઝંડા ઊંચા રહે હમારા

## રોટરી સ્કૂલ ભીલડી અને સરસ્વતી શિશુ મંદિર ખાતે ૬૮ મા પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી


જમીલ મેમણ

પ્રતિનિધિ ભીલડી

રોટરી સ્કૂલ ભીલડી અને સરસ્વતી શિશુમંદિરમાં ૬૮ મા પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અમીધારા ક્રેડીટ સોસાયટીના ચેરમેન ઈશ્વરભાઈ જે.દેસાઈના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. જયારે શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં પ્રસાદીના દાતા પ્રહલાદભાઈ પ્રજાપતિ, સંજયભાઈ સોનીએ બાળકોને બુંદી અને સેવ પ્રસાદરૂપે આપવામાં આવી હતી. શાળાના આચાર્ય હસુમતીબેન ચૌહાણ રોટરી સ્કૂલના આચાર્ય બીનાબેન તેમજ શાળા પરિવાર શિક્ષક ભાઈ-બહેનોને ભાગ લઈ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી હતી. આ પ્રસંગે ડૉ.કે.બી. પરમાર, જગમાલભાઈ પટેલ, શાંતિભાઈ ઠક્કર, પ્રકાશભાઈ શાહ, વિષ્ણુભાઈ દવે, ડૉ.ભરતભાઈ પટેલ, ઈશ્વરભાઈ જોષી, અલ્પેશ ઠક્કર, મહેન્દ્રભાઈ સોની, મોહનભાઈ અંસારી, રમેશભાઈ જોષી વગેરે હાજર રહ્યા હતા.

## રાજીબા પ્રજાપતિ વિદ્યાસંકુલ

પાલનપુર

શ્રી પ્રજાપતિ કેળવણી મંડળ, પાલનપુર (છાસઠ ગોળ) તળે માતૃશ્રી રાજીબા પ્રજાપતિ વિદ્યાસંકુલમાં માતૃશ્રી એસ.એન.બી.પ્રજાપતિ વિદ્યાલય અને એન.આઈ.બી. સ્કૂલ ઓફ સાયન્સના ઉપક્રમે તા.૨૬/૧/૨૦૧૭ ના રોજ દેશના ૬૮ માં ગણતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી. જેમાં શ્રી પ્રજાપતિ કેળવણી મંડળના પ્રમુખ ગુણવંતભાઈ પ્રજાપતિના હસ્તે ધ્વજ વંદન કરવામાં આવ્યુ હતું. ત્યારબાદ પ્રમુખએ પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. આ કાર્યક્રમમાં એન.આઈ.બી. સ્કૂલના વિદ્યાર્થીઓ તથા નિર્મળ સ્કૂલના બાળ વિદ્યાર્થીઓએ અને માતુશ્રી એસ.એમ.બી.પ્રજાપતિના વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતો અને તેના અનુરૂપ કાર્યક્રમો આપ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રજાપતિ કેળવણી મંડળના કારોબારી સભ્યો તથા તમામ સ્ટાફે હાજરી આપી હતી.

## ન્યુ એરા ઈંગ્લીશ મિડીયમ સ્કુલ

પાલનપુર

પાલનપુર તાલુકાના ચિત્રાસણી ગામે ન્યુ એરા ઈંગ્લીશ મિડીયમ સ્કુલમાં ૬૮ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે દિનેશભાઈ પટેલ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. આ પ્રસંગે શાળાના બાળકો દ્વારા દેશભક્તિને લગતા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરી મોટી સંખ્યામાં ગ્રામજનોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે ગામના સરપંચ સોરમખાન સિંધી તેમજ ગામના અગ્રણી આબાદખાન દાદાભાઈ સિંધી ખુરશીદ હાશમી, ગોવિંદભાઈ મહારાજ, અનસ હાશમી દોલતખાન સિંધી, રાફે હાશમી નાવેદખાન વજીરખાન સિંધી આમંત્રિત મહેમાનોએ હાજર રહી શાળાના બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરેલ.

## શ્રી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, કાંટ

ડીસા

શ્રી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, કાંટમાં ૬૮માં પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત ''વંદેમાતરમ'' ગાન દ્વારા કરવામાં આવી ત્યાર બાદ કાર્યક્રમના અધ્યક્ષ ગલબાભાઈ દયારામજી માળી (સમાજ સેવક તથા ડીસાના પ્રતિષ્ઠિત વેપારી)ના હસ્તે ધ્વજારોહણ કરવામાં આવેલ. આ પ્રસંગે પધારેલ મહેમાનોનું પરિચય અને શાબ્દિક સ્વાગત શ્રી સર્વોદય લો - કોલેજના આચાર્યા ડો.રાજુલાબેન દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થાના પ્રમુખ ઈશ્વરભાઈ મિસ્ત્રીએ અધ્યક્ષ ગલબાભાઈ દયારામજી માળીનું પુષ્પગુચ્છ વડે સ્વાગત કર્યું હતું. ત્યારબાદ સર્વોદય પ્રાથમિક વિદ્યાલય,શ્રી સર્વોદય મા.તથા ઉચ્ચ.માધ્યમિક વિભાગ તથા લો કોલેજ દ્વારા દેશભક્તિને લગતા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા. આ કાર્યક્રમો બાદ સંસ્થાના પ્રમુખ તથા અધ્યક્ષ દ્વારા પ્રસંગોચિત ઉદબોધન આપેલ. આ પ્રસંગે ગામના સરપંચ શંભુજી ઠાકોર, પૂર્વ ડેલીકેટ ચમનજી ઠાકોર તથા ગામના અન્ય આગેવાનઓ, વાલીઓ ખુબ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, આ કાર્યક્રમની આભારવિધિ માધ્યમિક વિભાગના આચાર્ય આલ ભરતભાઈએ કરી હતી. આ પ્રસંગે અધ્યક્ષ ગલબાભાઈ દયારામજી માળી દ્વારા શાળાના સમગ્ર વિદ્યાર્થીઓ માટે પ્રસાદીરૂપે ''દેવડા'' નું વિતરણ કરેલ તથા પ્રમુખ અને અધ્યક્ષ એ આ રાષ્ટ્રીય કાર્યક્રમના સુંદર આયોજન માટે સમગ્ર શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

## લાલપુર નવાવાસ પ્રા.શાળા

પ્રતિનિધિ લાલપુર

લાખણી તાલુકાના લાલપુર નવાવાસ પ્રા.શાળામાં ૬૮માં પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ શાળાના બાળકો દ્વારા ગામમાં પ્રભાત ફેરી નિકાળેલ હતી ત્યારબાદ ગામમાં વધુ ભણેલી દિકરી સાકરબેન રબારીના હસ્તે ધ્વજવંદન થયેલ ત્યારબાદ ગામમાં નવિન ચૂંટાયેલ સરપંચ તલાજી ઠાકોર તથા ડે.સરપંચ ભુદરાભાઈ પટેલનું શાલ ઓઢાડી સન્માન કરેલ. તલાજી ઠાકોરે શાળાના બાળકોને ઈનામ આપેલ શાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ડાન્સ, ગીતો, ગરબા નાટકો, રજુ કરેલ. બાળકોને પ્રવિણભાઈ શાહ તથા ભરતભાઈ ટપાલી દ્વારા પેનો ભેટ આપવામાં આવી. આ પ્રસંગે સરપંચ તલાજી ઠાકોર, ડે.સરપંચ ભુદર સવાજી ડેલીગેટ, ડો.ગઢવી તેમજ ગામમાંથી મોટી સંખ્યામાં વાલીગણ હાજર રહેલ.

## થરા પોલીસ સ્ટેશન ખાતે ૬૮ મા પ્રજાસત્તાક દિનની ઉજવણી


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ થરા

કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા નગરમાં પોલીસ સ્ટેશન ખાતે ૬૮ મા પ્રજાસત્તાક દિનની ઉજવણી પી.એસ.આઈ. અમરસંગ દાદસંગ પરમારના હસ્તે ત્રિરંગો લહેરાવીને કરવામાં આવી. આ પ્રસંગે પોલીસ સ્ટાફ હોમગાર્ડ જવાનો નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ત્રિરંગાને સલામી આપી ઉજવણી કરવામાં આવી હતી.

## છત્રાલા પ્રાથમિક શાળા


જમીલ મેમણ

પ્રતિનિધિ ભીલડી

છત્રાલા પ્રાથમિક શાળામાં ૬૮ મા પ્રજાસત્તાક દિનની ઉજવણી ઉત્સાહભેર માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે છત્રાલા ગામના સરપંચ સોલંકી બનજી ચેનજીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. જેમાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર, સેનાના તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને ચોપડા અને બોલપેનનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ગ્રામજનો તથા શાળા પરિવાર ઉપસ્થિત રહી પ્રજાસત્તાક દિનની ઉજવણી કરી હતી.

## કેશરબા જાડેજા વિદ્યાસંકુલમાં ધ્વજવંદન તથા વર્ગ સુશોભન કાર્યક્રમ


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

વડગામ વરવાડીયા રોડ તરફ લક્ષ્મણપુરા- પટેલપુરા પાસે આવેલ કેશરબા જાડેજા વિદ્યાસંકુલમાં પ્રજાસત્તાક પર્વ પ્રસંગે ગુજરાત ક્ષત્રિય સમાજના પ્રમુખ કરણસિંહ ચાવડાના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ ડૉ.જે.એમ. જાડેજા, પાટણ જિલ્લા રાજપુત યુવક મંડળ પ્રમુખ રાજભા રાઠોડ, પૂર્વ સરપંચ માંઘજીભાઈ આર. ડેકલીયા, જિલ્લા પંચાયત ડેલિગેટ બાલકૃષ્ણ એમ. જિરાલા સહિત તાલુકાના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિના ગીતો- સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા ઉપસ્થિત જનમેદનીને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમ સફળ બનાવવા શિક્ષકો આચાર્ય- સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

## મોટી ઘરનાળ પ્રા.શાળા


જમીલ મેમણ

પ્રતિનિધિ ભીલડી

મોટી ઘરનાળ પ્રાથમિક શાળામાં ૬૮ માં સ્વાતંત્ર્ય દિવસની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સવારે ગામમાં પ્રભાતફેરી કાઢવામાં આવી હતી અને દેશ ભક્તિના નારા બોલાવવામાં આવ્યા હતા. શાળામાં અભ્યાસ કરીને સૌથી વધુ ભણેલ દેસાઈ આશાબેન સરતનભાઈના હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળામાં પ્રાર્થનારૂમ માટે આવેલ ૧ લાખ ઉપરાંતના દાતાઓનું શાલ, ફૂલછડી આપી સન્માન કરાયું હતું. શાળાના ૨૧૦ વિદ્યાર્થી ભાઈ- બહેનોએ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈ ગામલોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ પ્રસંગે શાળાના ઉત્સાહી આચાર્ય પ્રકાશભાઈ દ્વારા ગામલોકોને આવકારી પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. ત્યારબાદ ધ્વજવંદન કરાવનાર આશાબેન દેસાઈ ફુલછડી તેમજ પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ગામલોકોએ હાજરી આપી પ્રજાસત્તાક દિનની શોભામાં વધારો કર્યો હતો.

# માલગઢ ખાતે ગેલોત પરિવાર દ્વારા મહાકાળી માતાના મંદિરનું નવનિર્માણ કરાશે

### ભૂમિપૂજન સાથે મંદિરના નવનિર્માણકાર્યનો મંગલ પ્રારંભઃ માતાજીની પ્રતિમાને ઉત્થાપન કરી અન્યત્ર સ્થાપિત કરાઈ

ડીસા

ડીસા તાલુકાના માલગઢ ગામે જોધપુરીયા ઢાણી વિસ્તારમાં વસેલા ગેલોત કુળના માળી પરિવારોના વડવાઓએ મહાકાળી માતાનું ઈષ્ટદેવી તરીકે પૂજન શરુ કર્યા બાદ મહાકાળી માતાના મંદિરનું નિર્માણ કરાવ્યું હતું અને વર્ષોથી વિદ્યમાન આ મંદિર ગેલોત પરિવાર માટે અદકુ આસ્થા કેન્દ્ર બન્યું છે.

જો કે ગેલોત પરિવારના મોભીઓએ ઈષ્ટદેવી મહાકાળી માતાના મંદિરનું નવનિર્માણ કરવાનો નિર્ણય કર્યા બાદ તાજેતરમાં જ માલગઢ સ્થિત માંના સ્થાનકે શીલાસ્થાપન સાથે મંદિરના નવનિર્માણ કાર્યનો મંગલ પ્રારંભ કરાયો હતો.

માલગઢ જોધપુરીયા ઢાણી ખાતે યોજાયેલા ભૂમિપૂજન કાર્યક્રમ પ્રસંગે ગેલોત પરિવારના વડીલો અને ભાવિકોની બહોળી હાજરીમાં ભુદેવોએ શાસ્રોક્ત રીતે ભૂમિપૂજન કરાવ્યા બાદ શીલા સ્થાપન કરી મહાકાળી માતાના મંદિરના નવ નિર્માણ કાર્યનો શુભારંભ કરાયો હતો.આ અવસરે યજ્ઞ નું આયોજન પણ કરાયું હતું. માઈ ભક્તિના આ મંગળ પ્રસંગે ગેલોત પરિવારના ભવિકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી યજ્ઞ ના દર્શન અને પ્રસાદનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. ઈષ્ટદેવી મહાકાળી માતાના મંદિરનું પુનઃ નિર્માણ કરવાનું ભગીરથ કાર્ય હાથ ધરાતા વર્તમાન મંદિરમાં



બિરાજમાન માતાજીની દૈદિપ્યમાન પ્રતિમાજીનું ઉત્થાપન કરી અન્યત્ર સસ્થાપિત કરાઈ હતી.

મંદિરના પુનઃ નિર્માણના આ ભગીરથ કાર્યની વિગતો આપતા ગેલોત પરિવારના યુવા અગ્રણી નિલેશભાઈ ગેલોત( એલ.ડી.ગ્રુપ-ડીસા) એ જણાવ્યું હતું કે અમારા પરિવારના કુળદેવી બ્રહ્માણી માતા છે પરંતુ અમારા પૂર્વજોએ મહાકાળી માતાને ઈષ્ટદેવી તરીકે સ્થાપિત કરી માલગઢ જોધપુરીયા ઢાણી ખાતે માતાજીના મંદિરનું નિર્માણ પણ કરાવ્યું હતું. જોકે અમારા માટે અતૂટ આસ્થાનું કેન્દ્ર બનેલું છે પણ આ મંદિર હવે જીર્ણથઈ ગયું હોઈ પાયામાંથી જ મંદિરનું નવ નિર્માણ કરવાનો નિર્ણય કરાયો છે અને ભૂમિપૂજન સાથે જ આ મંગલ કાર્યનો શુભારંભ પણ કરી દેવાયો છે.

## થરા કોલેજમાં નિબંધ સ્પર્ધા યોજાઈ

પ્રતિનિધિ થરા

શ્રી એસ.એ. સુરાણી વિદ્યાસંકુલ અંતર્ગત શ્રીમતિ કે.કે.શાહ આર્ટસ- કોમર્સ કોલેજ, થરામાં જ્ઞાનધારા અંતર્ગત તા. ૧૭ જાન્યુઆરીના રોજ નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ. જેમાં કોલેજના છવ્વીસ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેના કો. ઓર્ડિનેટર તરીકે ડૉ.વર્ષાબેન ઠક્કર રહ્યાં. નિર્ણાયક તરીકેની જવાબદારી ડૉ.વર્ષાબેન ઠક્કર, ડૉ.મયંકભાઈ જોશી અને ડૉ.રામજીભાઈ રોહિતે અદા કરી. જેમાં પ્રથમ ક્રમે ઠાકોર સચીનભાઈ તથા મિસ્ત્રી કિરણબેન, દ્વિતીય ક્રમે શાહ જૈનાબેન અને તૃતિય ક્રમે પંચાલ દિનેશકુમાર અને વાઘેલા સોનલબા વિજયી થયા હતા.

## સેવાભાવી સંસ્થા દ્વારા ગરમ ધાબળાનું વિતરણ

### ગામડાઓમાં મફત રોગ નિદાન કેમ્પનું પણ આયોજન

પ્રતિનિધિ ગેળા

''સેવા પરમો ધર્મ'' ના સુત્રને લઈને કામ કરતી શ્રી સનાતન સાર્વજનિક ટ્રસ્ટ નામની સેવાભાવી સંસ્થા દ્વારા વિવિધ પ્રકારની સેવાકીય અને ધાર્મિક પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. જેમાં ખાસ કરીને શિયાળાની કડકડતી ઠંડીમાં અસ્થિર સમાજના લોકો તેમજ ઘરવિહોણા જરૂરિયાતમંદ લોકો જયાં ત્યાં ખુલ્લામાં કે પછી કોઈ શોપિંગોની છત નીચે સુતા હોય છે. તેવા લોકોને માનવતાના ધોરણે આ સંસ્થા દ્વારા વિવિધ દાતાઓના સહયોગથી ગરમ ધાબળાઓનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં થરાદ સીટી અને હાઈવે રોડ ઉપર વિતરણ કરાઈ ચૂક્યું છે અને હવે અન્ય વિસ્તારમાં તેમજ સંસ્થાના સભ્યોને ચોક્કસ માહિતી મળે કે આ વિસ્તારમાં સેવાની જરૂર છે તો ત્યાં આગળ પણ ગરમ ધાબળાનું વિતરણ કરશે વળી આ સંસ્થા દ્વારા ટૂંક સમયમાં ગામડાઓના અંતરિયાળ વિસ્તારમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને મફતમાં નિષ્ણાત તબીબો દ્વારા તબીબી સારવાર અને માર્ગદર્શન મફતમાં મળી રહે તે માટે મફત રોગ નિદાન કેમ્પો પણ શરૂ કરવામાં આવનાર છે.

તેમજ જુન માસથી શરૂ થતા નવા શૈક્ષણિક સત્ર દરમિયાન જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને મફત ચોપડા અને જરૂર પડે અન્ય મદદ કરવાનું પણ આયોજન કરેલ છે. આમ આ સેવાભાવી સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ લોકોને સાચા અર્થમાં દાતાઓના સહયોગથી મદદરૂપ બનવાનું કામ કરવામાં આવી રહ્યું છે. જે ખરેખર પ્રશંસનીય અને આવકારદાયક છે.

## શ્રી સર્વોદય પ્રાથમિક વિદ્યાલય, કાંટમાં વાલી સંમેલન યોજાયું



ડીસા

ગત તા. ૦૨/૦૨/૧૭ ને ગુરુવારના રોજ શ્રી સર્વોદય વિદ્યાલય કાંટ ખાતે વાલી સંમેલનનું આયોજન કરવામાં આવેલ. આવેલા વાલીગણમાંથી વાલીગણના અધ્યક્ષ તરીકે ચૌધરી અગરાભાઈ જીવાભાઈની વરણી કરવામાં આવી. ત્યારપછી વાલી સંમેલનની શરૂઆત શાળાની બાળાઓ દ્વારા પ્રાર્થનાથી કરવામાં આવી. મા.વિભાગના આચાર્ય ભરતભાઈ દ્વારા આવેલા વાલીગણનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું. શાળાએ નવા વસાવેલ સ્માર્ટ ક્લાસનું પ્રેઝન્ટેશન વાલીઓને બતાવવામાં આવ્યું. ત્યારબાદ પ્રા.વિભાગના આચાર્ય રમેશભાઈ સોલંકીએ શાળામાં ચાલતી વિવિધ શૈક્ષણિક તથા અન્ય સાંસ્કૃતિક, રમતગમત તથા કૌશલ્યવર્ધક પ્રવૃત્તિઓથી વાલીઓને માહિતગાર કરવામાં આવ્યા. વાલી સંમેલનમાં ઉપસ્થિત રહેલ. લૉ કોલેજના પ્રાધ્યાપક પ્રો.કલ્પેશભાઈ ઠક્કરે પ્રાસંગિક ઉદ્દબોધન કરેલ. ત્યારબાદ ખુલ્લા મંચ દ્વારા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી. વાલીઓ તરફથી શાળાકીય અને વિદ્યાર્થીઓના શૈક્ષણિક બાબતોને લગતા વિવિધ પ્રશ્નોની ચર્ચા વિચારણા કરવામાં આવી. અધ્યક્ષ દ્વારા પ્રસંગોચિત પ્રવચન આપેલ. અંતે પ્રા.શાળાના શિક્ષક ભાકોદરા દશરથભાઈ દ્વારા કાર્યક્રમની આભારવિધિ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.શાળાના શિક્ષક અરવિંદભાઈ બારોટ દ્વારા કરવામાં આવ્યું.

## થરાદ તાલુકાના સિધોતરા ગામે ક્ષત્રિય ઠાકોર સેનાની મિટીંગ યોજાઈ

થરાદ

થરાદ તાલુકાના સિધોતરા ગામે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાની સભા યોજાઈ હતી જેમા મોટી સંખ્યામા સમાજના યુવાનો આગેવાનો અને બહેનોએ હાજર રહ્યા હતા.સભામા વ્યસનમુક્તિ, શિક્ષણ,સંગઠન મજબુત બનાવવા પર ભાર મુકવામાં આવ્યું હતું.આગામી સમયમાં થરાદમાં શૈક્ષણીક સંકુલ બનાવવા માટે ચર્ચા કરાઈ હતી.છેલ્લા પાંચ મહિનાથી થરાદના ઘોડાસર ગામે દર રવિવારે રામાપીરનો મેળો ભરાય છે જેમા ઠાકોર સમાજની બહેનોને રવિવારે નહી જવા બંધારણ બનાવામાં આવ્યુ.

આ સભામાં બનાસકાંઠા ઠાકોર સેનાના પ્રમુખ મેલાજી ઠાકોર તેમજ જીલ્લા ટીમ,થરાદ પ્રમુખ પ્રવિણજી ઠાકોર,લાખણી માવજી જી, દિયોદર મનુજી,ભાભર ભુરાજી, ધાનેરા કેવળજી, અરજણજી,પ્રધનજી, સિધોતરા સરપંચ ભફાજી,ઉંટવેલીયા સરપંચ મઘાજી, તથા ઠાકોર સેનાના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા.હરચંદજી પુનમાજીએ સભાની આભારવિધી કરી પુરી કરી હતી.

## થરા કોલેજમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

પ્રતિનિધિ થરા

શ્રી એસ.એ. સુરાણી વિદ્યાસંકુલ અંતર્ગત શ્રીમતિ કે.કે.શાહ આર્ટસ - કોમર્સ કૉલેજ, થરામાં તા. ૧૯ જાન્યુ. ૨૦૧૭ ના રોજ જ્ઞાનધારા અંતર્ગત વકતૃત્વ સ્પર્ધાનું આયોજન થયું. જેમાં ઉત્સાહથી વિદ્યાર્થીઓ જોડાયા. સ્પર્ધાના કો.ઓર્ડિનેટર તરીકે ડૉ.વર્ષાબેન જે. ઠક્કરે તથા નિર્ણાયકો તરીકે પ્રા.નયનાબેન ઠક્કર, ડૉ.મોનિકાબેન શાહ તથા ડૉ.રામજી રોહિતે ફરજ બજાવી. આ સ્પર્ધામાં જોષી બિંદુબેન પ્રથમ ક્રમે, શાહ ધારાબેન, દ્વિતીય ક્રમે અને શાહ ધ્રુવાબેન તૃતિય ક્રમે વિજયી થયા હતા.

## સાણંદ ખાતે પૂજ્યશ્રી આનંદમૂર્તિજીના શ્રીમુખથી શ્રીમદ ભાગવત કથા યોજાશે

ડીસા

શ્રેષ્ઠ કથાકાર અને ઉચ્ચ કોટીના સંત કે જેમણે ઉપનિષદ, રામાયણ, મહાભારત, ગીતા જેવા વિષયોમાં અસાધારણ સમજ ધરાવી છે. તેવા અવધૂત યોગી શંકરનાથના પરમ શિષ્ય આનંદમૂર્તિજી મહારાજના શ્રીમુખથી શ્રીમદ ભાગવત કથાનું સાણંદ ખાતે આયોજન થયું છે.

વધુમાં આનંદમૂર્તિજીના ગુરૂજી શંકરનાથની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા પણ હોઈ આ બેવડો સમન્વય માણવાનો લાભ કોઈ સદભાગીને મળે છે,

તાજેતરમાં ડીસા તાલુકાના ટેટોડા ગામે અબોલ જીવ માટે શ્રીમદ ભાગવત કથા યોજાઈ. જેમાં હજારો ભાવિકો જોડાયા અને દરેકે પોતાની તન, મન, ધનથી સેવા કરી.. આ દરેકના ઉપર પુજય ગુરૂદેવના આશિર્વાદ સદા રહ્યા જ છે.. ત્યારે ફરી એકવાર સાણંદ ખાતે તારીખ ૧૮ ફેબ્રુઆરીથી તારીખ ૨૫ ફેબ્રુઆરી, દરરોજ સવારે ૯ થી ૧ સમય દરમિયાન ભગવાન અને ભક્તના ગુણગાનની કથા યોજાશે. તે માટેનું આયોજન સુંદર રીતે થઈ રહ્યું છે. શ્રીમદ ભાગવત કથા અને મૂર્તિ પ્રતિષ્ઠાની સાથે સાથે આનંદનો ગરબો, બ્રહ્મ ચોર્યાશી, સુંદરકાંડનો પાઠ, ભજન સંધ્યા, ૫૧ કુંડી યજ્ઞ, સંત સભા અને સંતોના આશીર્વચન જેવા દિવ્ય કાર્યક્રમો પણ યોજાશે. આ દરેકમાં સહભાગી થવા જાહેર આમંત્રણ અપાયું છે. કથાનું શુભ સ્થળ, શ્રી શંકરતીર્થ આશ્રમ, સાણંદ જે ટોલ પ્લાઝા પાસે, સાણંદ- વિરમગામ રોડ- સાણંદ ખાતે આવેલું છે. આ કથામાં વધુમાં દિવ્ય સંતો- મહંતોનો પણ દર્શન તથા આશિર્વચનનો લાભ મળવાનો હોવાથી આપણે ત્યાં જઈએ અને બીજાને પણ તેનો લાભ અપાવીએ.

# થરાદની સ્ટેટબેંક ઓફ ઇન્ડીયામાં કેશીયરના ઉદ્ધત વર્તનથી ગ્રાહકોમાં આક્રોશ

## ગ્રાહકોનાં કામો કરી આપવાના બદલે તેમની સાથે અશોભનીય વર્તન કરે છે

પ્રતિનિધિ થરાદ

થરાદની બજારમાં આવેલી રાષ્ટ્રીયકૃત બેંક એસબીઆઈમાં રાજસ્થાનનો એક હિન્દી બોલતો કર્મચારી ફરજ બજાવેછે.બેંકમાં તે ફરતા ટેબલ પર કામ કરતો હોયછે.પણ તેના પાસે જે કામ માટે અથવા પુછવા માટે જાય તેની સાથે વિન્રમ ભાષામાં વાત કરવાને બદલે અણછાજતું વર્તન કરતો હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામીછે.આથી બેંકમાં તેના ગેરવર્તતનો ભોગ બનેલા તમામ લોકોમાં તેની સામે બેંકના ઉચ્ચવિભાગ દ્વારા પગલાં ભરવામાં આવે અથવા તો તેની તાકીદે અહિંથી બદલી કરવામાં આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

શુક્રવારની સવારના સાડા દસ વાગ્યાના સુમારે થરાદની એક ખાનગી શાળામાં નોકરી કરતા હિંમતલાલ મગનલાલ પંડ્યા નામના શિક્ષિત યુવકને ભારે કડવો અનુભવ થતાં આ અંગે તેણે એસબીઆઈની રિજ્યોનલ ઓફીસમાં લેખિત રજુઆત કરવાની પણ તજવીજ હાથ ધરી હતી. તેમણે જણાવ્યું હતુકે દોઢ કલાક બાદ તેમનો નંબર આવતાં તેમણે પેટીએમમાંથી ૧૫૦૦ રૂપીયા ઉપાડવાની પ્રોસેસ કરી હતી.જેની સ્લીપ નિકળ્યા બાદ કેશીયર તરીકે કામ કરી રહેલા અભિષેકભાઈ મહેશ્વરીએ તેમનું ખાતું હાઈવેની બ્રાંચમાં હોવાનું જણાવી પાછું આપ્યું હતું.આથી યુવકે કોઈ પણ શાખામાંથી થઈ શકે તેવી દલીલ કરતાં કેશીયર એકદમ ઉશ્કેરાઈ ગયો હતો.અને એ યુવકનો બીજો વ્યવહાર ન કરતાં એક જ ટાઈમે એક જ વ્યવહાર થશે તેમ કહી યુવકના ૧૦૦ રૂપીયાનું ચલણ પણ નહી સ્વીકારી તેને ફરીથી લાંબી લાઇનમાં ઉભો રખાવી તેનો રૂઆબ પ્રદર્શિત કર્યો હતો.એટલું જ નહી એક અભણ વડીલને ફોર્મ ભરતાં નહી આવડતું હોઈ નંબર નહી લખી શકતાં તેમણે અભણ હોવાનું કેશીયરને વિનંતી કરતાં મદદ કરવાના બદલે મારામાટે આવ્યા છો તેમ કહી તેમને પણ અપમાનિત કર્યા હતા. ત્યાર બાદ ઉંચા અવાજે ઘાંટા પાડી તેમના કેબીનમાંથી જતા રહ્યા હતા.ત્યાર બાદ એક મહિલાને પણ આ બેંકમાં સિસ્ટમ અને નિયમ મારા ચાલે છે તેમ કહેતાં ગ્રાહકોમાં ભારે રોષની લાગણી ફેલાવા પામી હતી.

અનુસંધાન પાના નં.૬

# વડાની સીમમાંથી દેશીદારૂ ઝડપાયો



યશપાલસિંહ ટી.વાઘેલા

જિલ્લા પોલીસ વડાની સૂચનાથી થરા પોલીસે પ્રોહીબિશન અંગે જુદી-જુદી ટીમો બનાવી વડા ગામે જનકબા બચુભા વાઘેલાના ખેતરના શેઢા ઉપરથી દેશી દારૂ ગાળવાનો ૨૦૦ લિટર વોશ (કિંમત રૂ. ૮૦૦ ) ઝડપી પાડ્યો હતો. તેમજ ઠાકોર દિનેશજી વજાજી અને વાઘેલા કાંતાબેન મણીલાલના ઘરે પણ દરોડો પાડી દેશી દારૂ કબ્જે લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# માલગઢ સંસ્કાર કેન્દ્ર ખાતેથી ચરણ પાદુકા રથનું પ્રસ્થાન

## ચરણ પાદુકા સ્થાપિત થયા બાદ સંસ્કાર કેન્દ્ર ચરણપીઠ તરીકે ઓળખાશે



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના માલગઢથી કુંપટ જતા રસ્તા પર આવેલા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર ખાતે આગામી એપ્રિલ માસમાં એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શાંતિકુંજ હરિદ્વારના માર્ગદર્શન હેઠળ યોજાનાર આ વિશેષ કાર્યક્રમમાં પૂજ્ય ગુરૂદેવ અને વંદનીય માતાજીના ચરણ પાદુકાને સ્થાપિત કરવામાં આવનાર છે. ત્યારે માલગઢ ગાયત્રી પરિવાર દ્વારા છેલ્લા બે મહિનાથી ડીસા તાલુકાના ૨૪ ગામમાં આ બાબતે તેનો પ્રચાર-પ્રસાર કરવામાં આવી રહ્યો છે. વિવિધ કાર્યક્રમ થકી ગાયત્રી પરિવાર માલગઢના વરિષ્ઠ પરિજનો ડીસા તાલુકાના ૨૪ ગામમાં જઈ પૂજ્ય ગુરૂદેવના વિચારો ઘર ઘર સુધી પહોંચે અને માલગઢ ખાતે સ્થાપિત થનાર ચરણ પાદુકાના મહોત્સવમાં વધુમાં વધુ લોકો આવે તે માટે તેનો પ્રચાર કરવામાં આવી રહ્યો છે. આગામી એપ્રિલ માસમાં શાંતિકુંજ હરિદ્વાર ગાયત્રી પરિવારના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. ત્યારે ડીસા તાલુકાના ૨૪ ગામના લોકો લાભ લે તે માટે માલગઢ ગાયત્રી સંસ્કાર કેન્દ્ર ખાતેથી વસંતપંચમીના પાવન દિવસે ચરણ પાદુકાના રથનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આ ૨૫ માં સ્થાપિત થનાર ચરણ પાદુકા લઈ ડીસા તાલુકાના ૨૪ ગામમાં જશે જ્યાં દરેક ઘરના પરિવાર દ્વારા ચરણ પાદુકાનું પુજન વિધિ કરશે. વસંત પંચમીથી શરૂ થયેલી રથયાત્રા પંદર દિવસ સુધી માલગઢના તમામ વિસ્તારોમાં જઈ દરેક લોકો પાસે તેનું પૂજન કરાવાશે. ત્યારબાદ અન્ય ગામમાં પણ આ ચરણ પાદુકાને લઈ તેની પુજનવિધી કરાયા પછી એપ્રિલ માસમાં ગાયત્રી સંસ્કાર કેન્દ્ર માલગઢ ખાતે તેની પ્રાણ પ્રતિષ્ઠા કરાશે અને માલગઢમાં ચરણપીઠનું નિર્માણ થશે.

# વડગામના માલોસણા ગામે કપીરાજ વિફર્યા

## ૧૬ વ્યક્તિઓને નાની મોટી ઈજા

તા.પ્રતિ. વડગામ

વડગામના માલોસણા ગામે છેલ્લા કેટલાક દિવસોથી એક વાનરે આતંગ મચાવી ૧૬ જેટલી વ્યક્તિઓને ઈજાઓ પહોંચાડતાં સારવાર આપવામાં આવી હોવાનું ગામના જાગૃત નાગરીકે જણાવ્યું હતું આ અંગે ફોરેસ્ટ વિભાગમાં જાણ કરવામાં આવી છે, કપીરાજ વિફરતાં ગામમાં કરફ્યુ જેવો માહોલ સર્જાયો છે.

# રબારી સમાજની શિસ્તબધ્ધ નિકળેલી શોભાયાત્રાએ આકર્ષણ જમાવ્યું

## પાલનપુરમાં શ્રી નિલકંઠ મહાદેવનો ૧૧ મો વાર્ષિકોત્સવ અને સન્માન સમારોહ યોજાયો



પાલનપુર

પાલનપુર ખાતે રબારી સમાજ દ્વારા શ્રી નિલકંઠ મહાદેવના ૧૧ માં વાર્ષિકોત્સવ, યજ્ઞ અને રબારી સમાજના તેજસ્વી તારલાઓના સન્માન સમારોહ પ્રસંગે પધારેલ ગુરૂવર્ય મહંત શ્રી અમૃતભારથી બાપુ (જસલપુર અખાડા- ચાણસ્મા) અને ગુરૂવર્ય મહંત શ્રી ૧૦૦૮ શંકરનાથ બાપુ (નકળંગ ધામ- વાગડોદ) નું એરોમા સર્કલથી ભવ્ય બાઈક રેલી સાથે સ્વાગત બાદ વિશાળ શોભાયાત્રા નિકાળવામાં આવી હતી.

શ્રી રબારી સમાજ નિલકંઠ મહાદેવ, ગોપાલક એજ્યુકેશન ટ્રસ્ટ અને કન્યા કેળવણી મંડળ પાલનપુર દ્વારા શ્રી નિલકંઠ મહાદેવ મંદિરના ૧૧ મો વાર્ષિકોત્સવ, યજ્ઞ, રબારી સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ તેમજ સ્નેહ મિલન સમારોહ ગુરૂવારે પાલનપુર ખાતે ગુરૂવર્ય મહંત શ્રી અમૃતભારથી બાપુ (જસલપુર અખાડા- ચાણસ્મા) અને ગુરૂવર્ય મહંત શ્રી ૧૦૦૮ શંકરનાથ બાપુ (નકળંગ ધામ- વાગડોદ) ના આશિર્વચન સાથે અને ડીસાના ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને બનાસ ડેરીના વાઈસ ચેરમેન માવજીભાઈ દેસાઈ, ગુજરાત ગોપાલક વિકાસ નિગમના પૂર્વ ચેરમેન ડૉ.સંજયભાઈ દેસાઈ, પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ, પ્રદેશ ભાજપ મહિલા મોરચાના કારોબારી સભ્ય ડૉ.રાજુલબેન દેસાઈ, જીવણભાઈ દેસાઈ(ભાન્ડુ), સરકારી વકીલ ઈશ્વરભાઈ દેસાઈ, અમીરગઢ માર્કેટયાર્ડના ડિરેક્ટર લીલાભાઈ દેસાઈ, ડીસા તાલુકા સંઘના ચેરમેન ડી.કે. દેસાઈ, નરસિંહભાઈ દેસાઈ (બાઈવાડા) અને પાટણ નગરપાલિકાના પૂર્વ કોર્પોરેટર વિહાભા ભોંકુ સહિત

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં આજે ખોડીયાર જયંતિ નિમિત્તે લાપસીના મહાપ્રસાદનું વિતરણ

ડીસા

આઈશ્રી ખોડીયાર માતાજીના આજે પ્રાગટય દિન ખોડીયાર જયંતિ નિમિત્તે ડીસાના બગીચા વિસ્તારમાં શાકમાર્કેટ સામે આવેલ શ્રી ખોડીયાર માતાજીના મંદિરે ભવ્યાતિભવ્ય રીતે ઉજવણી કરાશે. મંદિરના વહીવટ કર્તાઓ દ્વારા મોટી સંખ્યામાં આવનારા દર્શનાર્થીઓને તકલીફ ન પડે તે માટે વ્યવસ્થા કરાઈ છે. આ પ્રસંગે કુલ ૭૦૧ કીલો ઘઉં, ૭૦૧ કીલો ગોળ, ૩૦ ડબા ઘી તેમજ ૧૦ કીલો જેટલી બદામ નાખી મહાપ્રસાદ લાપસી તૈયાર કરી દર્શનાર્થીઓને પ્રસાદ અપાશે.

# માલગઢ ખાતે આજે ખોડીયાર જયંતીની ઉજવણી થશે

ડીસા

ડીસા તાલુકાના માલગઢ ગામે કુડાવાળી ઢાંણીમાં આદર્શ હાઈસ્કૂલની પાછળ આવેલ ખોડીયાર માતાજીના મંદિરે આજે મહા સુદ-૮ ના રોજ ખોડીયાર જયંતીની ઉજવણી કરવામાં આવશે. જે પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન અને પ્રસાદનો લ્હાવો લેવા ભાવિકોને અનુરોધ કરાયો છે.

# ડીસા કોલેજમાં રમતોત્સવ યોજાયો



ભરત સુંદેશા

ડીસા

ગત તા.૩૧-૦૧-૨૦૧૭ ના રોજ ડીસાની ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે રમતોત્સવ યોજવામાં આવ્યો હતો. રમતગમતથી વિદ્યાર્થીઓમાં ખેલદિલિનો વિકાસ થાય તે હેતુથી સ્પોર્ટસ વિભાગના અધ્યક્ષ ડૉ.રમેશભાઇ ડી. ચૌધરી દ્વારા આયોજિત આ રમતોત્સવમાં દોડ, લીંબુ ચમચી, રસ્સાખેંચ, દોરડા કુદ, સંગીત ખુરશી જેવી રમતોમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. સાથે સાથે અધ્યાપકોએ પણ ઉમળકાભેર આ રમતોત્સવમાં ભાગ લીધો હતો. સવારે સાડા-નવ કલાકે શરૂ થયેલા આ રમતોત્સવના ઉદ્‌ઘાટન પ્રસંગે કેમ્પસ નિયામક છગનભાઇ પટેલે જીવનમાં આગળ વધવા માટે તેમજ પ્રગતિ માટે આધુનિક સમયના તણાવભર્યા માહોલમાં હળવાશ માટે તેમજ તન અને મનની તંદુરસ્તી માટે રમત ગમતનું મહત્વ જણાવી વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આચાર્ય વંદનાબેન સિસોદિયાએ વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે, તમે સહુ રમતગમત ક્ષેત્રમાં એટલા આગળ વધો કે ડીસા 'બટાકા નગરી' ની સાથે સાથે 'સ્પોર્ટસ નગરી'તરીકે પણ જાણીતું બને. પ્રો.કે.એમ.પટેલ, પ્રો.કે.ડી.પટેલ તથા સરદાર પટેલ હાઈસ્કુલના શિક્ષક રાહુલભાઈની સાથે કોલેજના ટીચિંગ તેમજ નોનટિચિંગ સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપ્યો હતો.

# ન્યુ ટી.સી.ડી.મેદાન ઉપર સિઝન બોલ વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટના બીજા રાઉન્ડનો પ્રારંભ

## ફાઈનલ ઈનામ વિતરણ સમારંભમાં ભારતના તેમજ ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓ ઉપસ્થિત રહેશે

ડીસા

ડીસાના ન્યુ ટી.સી.ડી.ક્રિકેટ મેદાન ઉપર રમાઈ રહેલ ધી ડીસા સ્પોર્ટસ ક્રિકેટ એન્ડ ચેરીટેબલ એકેડેમી આયોજીત સ્વ.કે.એન. શાહ-જી ફોર્સ ક્રિકેટ એકેડેમી સીઝન બોલ વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટની બીજા રાઉન્ડની શરૂઆત થઈ ગઈ છે. આ ટુર્નામેન્ટમાં ગુજરાતની કુલ ૨૮ ટીમો ભાગ લઈ રહી છે. નોકઆઉટ પદ્ધતિથી રમાતી આ ટુર્નામેન્ટમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, ભાવનગર, ભુજ, ખેડા, સુરત, ગાંધીનગર, ડીસા, પાલનપુર, હિંમતનગરની ટીમો ભાગ લઈ રહી છે. જેમાં ગુજરાત, વડોદરા અને સૌરાષ્ટ્રના રણજી ટ્રોફીના ખેલાડી રમી રહ્યા છે. રોમાંચક તબક્કામાં પહોંચેલી આ ટુર્નામેન્ટ છેલ્લા પાંચ વર્ષથી રમાઈ રહી છે. આ ટુર્નામેન્ટ ડીસાના ન્યુ ટી.સી.ડી.મેદાન ઉપર શનિવાર તેમજ રવિવારના દિવસે છેલ્લા બે મહીનાથી આ ટુર્નામેન્ટ રમાઈ રહેલ છે. તેમજ એક મહીના સુધી ચાલનારી આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ ભારત તેમજ ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓ ઉપસ્થિત રહેશે અને ફાઈનલ ક્રિકેટ મેચ ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે.

# ડીસા કોલેજમાં ત્રિવિધ સ્પર્ધા યોજાઈ



ભરત સુંદેશા

ડીસા

સરદાર પટેલ એજ્યુકેશન ફાઉન્ડેશન, ડીસા સંચાલિત ડી.એન.પી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની 'સર્જનાત્મક ધારાના કન્વીનર ડૉ.પ્રો. સંકેતભાઈ પારેખ તેમજ ''કલા કૌશલ્યધારા'' ના કન્વીનર પ્રો.દિવ્યા પિલ્લાઈ દ્વારા 'વેસ્ટમાંથી બેસ્ટ', 'ડીશ ડેકોરેશન' તેમજ 'મહેંદી' સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૫ વિદ્યાર્થી ભાઈ- બહેનોએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મક શક્તિ ખીલે- વિકસે તે હેતુથી યોજાયેલ. આ સ્પર્ધામાં 'વેસ્ટમાંથી બેસ્ટ પ્રથમ ક્રમે પંચાલ પુજા, 'મહેંદી' સ્પર્ધામાં પ્રથમ ક્રમે સોની સિમરન તથા 'ડીશ ડેકોરેશન' માં પ્રથમ ક્રમે વર્મા આરતી આવ્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સરદાર પટેલ હાઈસ્કુલના શિક્ષકો છાયાબેન કે.પટેલ તથા અલ્પાબેન એસ. રાઠોડે સેવાઓ આપી હતી.

આ કાર્યક્રમના આયોજનમાં પ્રો. હરેશભાઈ ત્રિવેદી, પ્રો. તૃપ્તિ પટેલ, પ્રો.ભાવના બોસમિયા, પ્રો. ક્રિષ્ના સાંડ્યા, પ્રો.મિતલ વેકરિયાએ સહયોગ આપ્યો હતો. સ્પર્ધામાં બી.સી.એ. કોલેજના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. બી.સી.એ. ના પ્રા.રાહુલભાઈ ખત્રી તથા જલ્પાબેન ગેલોતે પણ સહકાર આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમ આચાર્ય વંદનાબેન સિસોદિયાની શુભેચ્છાઓ સાથે શરૂ થયો હતો. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને કેમ્પસ નિયામક છગનભાઈ પટેલ તથા પ્રો.તેજસ આઝાદના હસ્તે વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરાયા હતા.

# ડીસા તાલુકાની મંડળીઓને કેશલેશ બનાવવા અંગે જાગૃતિ કાર્યક્રમ



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ ની નોટબંધી બાદ દેશમાં કેશલેશ ઈકોનોમીક્સ તરફ આગળ વધી રહ્યા છે. ત્યારે કેશલેશ અંગેથી જાગૃતિ પણ એટલી જરૂરી છે. જેથી ગતરોજ ડીસા માર્કેટયાર્ડના વેપારી હોલમાં ડીસા તાલુકાના મંડળીઓના મંત્રીઓનો બનાસબેંક દ્વારા ડીજીટલ નાણાકીય સાક્ષરતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

બનાસ બેંકના અધિકારીઓ દ્વારા ડીસા તાલુકાના મંડળીઓનો મંત્રીઓના આ સેમિનારમાં ડીજીટલ કેશલેશ અંગેની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં દરેક મંડળી કેશલેશમાં વ્યવહાર ખુબ સરળતાથી કરી શકે તે માટેની દરેક માહિતી આપી હતી. જેમાં બનાસબેંકના એટીએમ ડેબીટ કાર્ડ આરટીજીએસ અને એન.ઈ.એફ.ટી જેવી સુવિધાઓથી દરેકને વાકેફ કર્યા હતા. આ ઉપરાંત મોબાઈલ બેન્કિંગ સુવિધા એટલે એન્ટોઈડ મોબાઈલના એપ દ્વારા ટ્રાન્જેકશનની સુવિધાની વિગતો આપવામાં આવી હતી. તથા પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અને અટલ પેંશન યોજનાની દરેક મંડળીના સભાસદો

અનુસંધાન પાના નં.૬

# ગઢ ગામે સદભાવના ગ્રુપ દ્વારા ૭૦૦ પરિવારોને માં-વાત્સલ્ય કાર્ડ અપાયા



પાલનપુર

ગામડા ના ગરીબ લોકો માટે અત્યંત લાભદાઈ અને કસ્તુરી સમાન એવી માં-વાત્સલ્ય યોજના નો લાભ ગામડા ના સાચા લાભાર્થીઓ સુધી ઘર બેઠા પહોચે એ માટે થઈ ને સદભાવના ગ્રુપ દ્વારા ગામડે ગામ કેમ્પો ચલાવવામાં આવી રહ્યા છે.આજ સુધી ૧૯ ગામોના ૮૦૦૦ પરિવારના કુલ ૨૫૦૦૦ લોકો સુધી સદભાવના ગ્રુપે આ યોજના ને ઘરે બેઠા ગુજરાત સરકારના આરોગ્ય તંત્ર ના સહયોગથી પહોચતી કરી છે.જેના ભાગ રૂપે આજે પાલનપુર તાલુકાના ગઢ ગામે ગઢ સદભાવના ગ્રુપ ગઢ દ્વારા ૭૦૦ પરિવારોને માં- વાત્સલ્ય યોજના ના માં કાર્ડ કાઢી અને તેનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રંસગે આજ રોજ સદભાવના ગ્રુપ ના ચેરમેન અને જીલ્લા યુવા ભાજપના મહામંત્રી હરેશ ચૌધરી, મહામંત્રી સાગર જાની, ગઢ તાલુકા પીએસ આઈ સંજય વરુ હાજર રહ્યા હતા. આ સુંદર કાર્યક્રમનું આયોજન ગઢ સદભાવના ગ્રુપના પ્રમુખ બેચરભાઈ ભુટકા તેમજ મંત્રી શૈલેષ ભાઈ કરણે કર્યું હતું.અને ૭૦૦ લાભાર્થીઓ ને સ્થળ પર જ કાર્ડ આપવામાં આવ્યા હતા.

# સિધ્ધપુર ખાતે ગોપાલક સંમેલન ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે

## ગોપાલક મંડળના નવીન હોદ્દેદારોની વરણી

ડીસા

સિધ્ધપુર - ઉંઝા તાલુકા ગોપાલક વિકાસ મંડળની સભા વાળીનાથ તરભ ખાતે પૂ.મહંતશ્રી બળદેવગિરીજી મહારાજ તથા અન્ય સંતો - આગેવાનોના સાનિધ્યમાં મળી હતી જેમાં નવા વર્ષના હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે રેવાભાઈ દેસાઈ - મેલજ (હાલ અમદાવાદ) તથા મહામંત્રી તરીકે શંભુભાઈ દેસાઈ ઉંઝા (હાલ- ડીસા) ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગોવિંદભાઈ (ગોપાલબંધુ) શંભુભાઈ દેસાઈ (ગાગલાસણા) અમૃતભાઈ દેસાઈ (ચેરમેન માર્કેટ કમિટિ - સિધ્ધપુર) એ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. સભામાં સમાજ માટે ગોપાલક ભવન બનાવવા ચર્ચા કરવામાં આવી હતી.

મંડળ દ્વારા આગામી તા.૫/૨/૨૦૧૭ રવિવારે સિધ્ધપુર ખાતે માર્કેટ હોલમાં ગોપાલક સ્નેહ સંમેલન તથા તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કાર્યક્રમ માજી ધારા સભ્ય બાબુભાઈ દેસાઈના પ્રમુખ પદે તથા પ્રદેશ ભાજપ મહામંત્રી કે.સી.પટેલ તથા સંસદીય સચિવ રણછોડભાઈ રબારી તથા ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ તથા માજી ધારાસભ્ય માલજીભાઈ દેસાઈના મુખ્ય મહેમાન પદે યોજાનાર છે.


### જાહેર હરાજી

ધી ખીમાણા વિ.ના.સ.મંડળી લી.ની ડસ્ટર ગાડી ૨૦૧૨ મોડલ જીજે૮ એઇ ૨૮૩૩ ની જાહેર હરાજી તા.૮-૦૨-૨૦૧૭ ના રોજ મંડળીની ઓફીસે રાખેલ છે. હરાજીમાં ભાગ લેનાર ઇસમે રૂા.૧૦૦૦૦/- રોકડે થી જમા કરાવી હરાજીમાં ભાગ લઇ શકશે. સમય સવારે ૯ કલાકે નક્કી કરેલ છે.

હરાજીમાં નિયત રકમ કરતા ઓછી બોલી બોલાશે તો ગાડી વેચવી કે નહી તેનો અધિકાર ચેરમેનશ્રીને અબાધિત રહેશે.

ધી ખીમાણા વિ.ના.સ.મંડળી લી.
તા.કાંકરેજ, જિ.બ.કાં.



### બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.,
બનાસ ડેરી, પો.બો.નં.૨૦, પાલનપુર-૩૮૫૦૦૧.
ફોન નં. (૦૨૭૪૨) ૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫

**સ્કેપ માલ વેચવાનો છે**

આથી સ્કેપમાલ ખરીદનાર દરેક ઇસમોને જણાવવાનું કે, તા.૧-૦૩-૨૦૧૭ થી તા.૩૧-૦૮-૨૦૧૭ સુધીના સમય માટે સંઘમાંથી નીકળતા સ્કેપમાલનું વેચાણ કરવાનું હોઇ, રસ ધરાવતી પાર્ટીઓએ સંઘના હિસાબી શાખામાંથી ટેન્ડર ફી પેટે રૂા.૧૦૦/- (નોન રીફંડેબલ) ભરી, ટેન્ડર મેળવી ટેન્ડર સાથે બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., નો રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો ડીમાન્ડ ડ્રાફ્ટ સીલબંધ કવરમાં તા.૧૪-૦૨-૨૦૧૭ ના ૧૫-૦૦ કલાક સુધીમાં સંઘમાં રજુ કરવાનો રહેશે.

ટેન્ડર મંજુર અથવા ના મંજુર કરવાનો અધિકાર સંઘના ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેકટરને અબાધિત રહેશે.

ઇન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર



તા.૨૮-૦૧-૨૦૧૭
### આંતરીક પરીક્ષા અંગે નોટીસ

આથી સરકારી આર્ટસ કોલેજ, ભાભરના તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે સેમેસ્ટર-૨ માટેની આંતરીક કસોટીના સમય પત્રક કોલેજ નોટીસ બોર્ડ પર મુકવામાં આવેલ છે. જે નોંધી લેવો.

આ સિવાય તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે આપની આંતરીક કસોટી સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, થરાદ ખાતે લેવાનાર છે. જે બાબતની નોંધ લેશો જેથી દરેક વિદ્યાર્થીઓએ સમય પત્રક મુજબ પરીક્ષાના દિવસોમાં થરાદ કોલેજ ખાતે પરીક્ષા આપવા હાજર રહેવાનું રહેશે. પરીક્ષા આપવા આવો ત્યારે દરેક વિદ્યાર્થીઓએ પોતાના ઓળખકાર્ડ સાથે લઇને આવવાના રહેશે. તથા સેમેસ્ટર - ૨ માટે સત્ર ફી ભર્યાની પહોંચ સાથે લઇને આવવું.

ખાસ નોંધ : પરીક્ષાના પ્રથમ દિવસે થેલેસેમિયા ટેસ્ટ માટે આવવાનો સમય વહેલો રાખેલ છે. જે બાબત નોંધ લેવી.

દરેક વિદ્યાર્થીઓને તેમના ઓળખકાર્ડ પરીક્ષાના પ્રથમ દિવસે થરાદ કોલેજ ખાતેથી આપવામાં આવશે તો દરેક પોતાનો એક પાસપોર્ટ સાઇઝ ફોટો અને ફીની પહોચ લઇને આવવું.

પ્રિન્સીપાલ
સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ, થરાદ


CMYK

## તંત્રી સ્થાનેથી ...

**અસત્ય બોલનાર અસત્ અર્થાત લુપ્ત થઈ જાય છે.**

# કેન્દ્રના બજેટથી ગરીબ અને મધ્યમ વર્ગની સ્થિતિ સુધરશે ખરી?

કેન્દ્રિય અંદાજપત્રમાં દરેક વર્ગનો અને તમામ લોકોનો ખ્યાલ રખાયો છે. તેમ રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પોતાના એક વક્તવ્યમાં જણાવેલ છે ત્યારે વિપક્ષ દ્વારા અંદાજપત્ર મૂડી પતિઓને લાભ આપનારું ગણાવ્યું છે. જો કે અંદાજપત્રમાં ઘણી બધી બાબતો પર ધ્યાન આપવામાં આવ્યું છે. પરંતુ ગુજરાતને ફાયદો થાય તે બાબતે કોઈ મુદ્દાસર બજેટમાં કોઈ બાબત જણાવાઈ નથી.

બજેટથી કૃષિ અને ગ્રામ વિકાસને સારો એવો વેગ મળશે. યુવાનો માટે નવી રોજગારીનું સર્જન થશે. દેશના ખેડૂતોની આવક પણ બમણી થશે અને ગ્રામીણ અર્થતંત્રમાં વેગ આવશે. આ તમામ વાતો મુખ્યમંત્રી રૂપાણી દ્વારા કરવામાં આવી છે, પરંતુ ગુજરાત સહિત દેશમાં કેટલા યુવાનો બેકાર છે? કેટલા શિક્ષિત બેકારો છે તે બાબતની ખરેખર સમીક્ષા કરવી જોઈએ, સામાન્ય નોકરીઓમાં ૨૦૦ જણાની ભરતી કરવાની હોય ત્યાં ૫૦૦૦ ઉપરાંત અરજીઓ થતી હોય છે આના પરથી જાણી શકાય કે બેકારી કેટલી છે. કેન્દ્રના બજેટમાં ઘણું બધું જણાવાયું છે પરંતુ યુવાનોને રોજગારી ક્યારે અને કેવી રીતે મળશે તે બાબતનો બજેટમાં કોઈ જ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. તે અંગે સરકારે પોતનું નિવેદન જાહેર કરવું જોઈએ.

કેન્દ્રિય બજેટથી દેશના ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને કેવી રીતે ફાયદો થશે તે બાબતે સરકારે સ્પષ્ટતા કરી નથી. બજેટમાં જાહેર થવાથી હકીકતમાં તે પ્રમાણે થશે ખરું? જો કે આ બાબતે વિપક્ષ કોંગ્રેસે સરકાર પર અનેક પ્રકારના પ્રહારો કર્યા છે. વિપક્ષનું કહેવું છે કે સદર બજેટ મુડીવાદી કહી શકાય. નાણાંમંત્રીએ જાહેર કરેલી કેટલીક બાબતો વડાપ્રધાન ગત ૩૧ મીએ જાહેર કરી હતી. ગરીબ અને મધ્યમ વર્ગને ફાયદો થશે તેવું બજેટમાં ક્યાંયે દર્શાવાયું નથી. આમ નાણાંમંત્રીએ ખેતીલક્ષી બજેટ ગણાવ્યું છે. પરંતુ સરકારની કૃષિ વિરોધી નીતિને પગલે ખેડૂતોની હાલત દયનીય બની છે. ખેત ઉપજના જોઈએ તેવા ભાવ મળતાં નથી. ખેતીમાં નફો કરતા ત્રણ ઘણું નુકસાન ખેડૂતો વેઠી રહ્યા છે. ખેડૂત વર્ગના દેવાં સંપૂર્ણ માફ કરવા જોઈએ, જો આમ નહિં થાય તો આગામી દિવસોમાં કૃષિ ક્ષેત્ર માટે ખોટો પડકાર ઉભો થશે તે વાત ચોક્કસ છે.

વિશ્વમાં જ્યારે આર્થિક મંદી હતી ત્યારે ડૉ. મનમોહનસિંહના નેતૃત્વ હેઠળની યુપીએ સરકાર રાષ્ટ્રીયકૃત બેન્કો અને નાણાંકીય સંસ્થાઓની મજબુતી માટે જે જોગવાઈ કરી હતી તેને વિચારણામાં જ લેવામાં આવી નથી.

છેલ્લા ત્રણેક બજેટથી મોદી સરકારે શિક્ષણ ક્ષેત્રમાં નાણાંની ફાળવણીમાં સતત ઘટાડો કર્યો છે. આ બાબતે સરકારે કોઈ નીતિ ગત નિર્ણયો લીધા નથી.

ગુજરાતમાં વિકાસની તકો ઉભી કરવા માટે અત્યાર સુધી માત્ર પ્રયત્નો જ થયા છે. શિક્ષિત બેકારોને થાળે પાડવા માટે જે વ્યુહાત્મક નીતિ હાથ ધરાવી જોઈએ. તે બાબતને કેન્દ્ર સરકારે હોશિયામાં ધકેલી નાંખી છે. ગરીબ વધુ ગરીબ અને ધનીક વધુ ધનીક થતો ગયો છે. ગરીબી રેખા હેઠળ જીવતાં લોકોની સમસ્યાને નિવારવાના ક્યારેય પ્રયત્નો થયા નથી. એટલે સામુહિક આત્મહત્યાના બનાવો વધી ગયા છે. જે મુડીવાદી છે. તેમને જ સર્વત્ર રીતે બજેટમાં ફાયદો કરી આપવામાં આવ્યો છે.

વળી બજેટ સંદર્ભે ભાજપનું કહેવું છે કે આ બજેટ 'બહુજન હિતાય, સર્વજન સુખાય' ના સૂત્રને સાર્થક કરનારું માની શકાય. બજેટમાં પારદર્શકતાનો નિર્ણય ખૂબ જ હિંમત ભર્યો કહી શકાય...

સરકારે ખાસ કરીને શિક્ષણ, કૃષિ અને આરોગ્ય ક્ષેત્ર માટે વધુ નાણાંની ફાળવણી કરવી જોઈએ તેવું શિક્ષણ વિદ્વોનું માનવું છે.

## બ્રહ્મર્ષિ જગદીશ દવે શિવલોક શરણે

અમદાવાદ

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજના મહામંત્રી અને બ્રહ્મ વિકાસ આયોગના કન્વીનર યજ્ઞેશ દવે અને સૂર્યકાલ ગ્રુપના મેનેજિંગ તંત્રી અજય દવેના પિતા જગદીશ દવે તા. ૨ ફેબ્રુઆરી ૨૦૧૭ ના રોજ શિવલોક શરણ પામ્યા છે.



વ્યવસાયે પત્રકાર અને ગુજરાતના બ્રાહ્મણોના આદર્શ એવા જગદીશ દવે પીઢ કોંગ્રેસી નેતા હતા. ૭૨ વર્ષની વયે અવસાન પામેલ સદગતને કોંગ્રેસ અધયક્ષા શ્રીમતી સોનિયા ગાંધી વતી અહેમદ પટેલે દિલસોજી પાઠવી હતી. તેમજ ગુજરાત કોંગ્રેસના પ્રમુખ ભરત સોલંકી સહિત તમામ નેતાઓએ શોક સંદેશ પાઠવ્યા હતા.

સદગતની સ્મશાનયાત્રામાં મોટી સંખ્યામાં ગુજરાત કોંગ્રસના નેતાઓ સહિત ભાજપના અગ્રણી નેતાઓ ઉપરાંત બ્રહ્મ સમાજના અગ્રણી નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા અને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

બ્રાહ્મણના સામાજિક ઉત્થાન માટે સતત કાર્યરત રહેવા બદલ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજે લાઈફ ટાઈમ એચીવમેન્ટ પુરસ્કાર, બ્રહ્મરત્નથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

### આત્મચિંતન

## પોતાને માત્ર સુધારો જ નહિ, પરંતુ ઉભારો પણ

બીજાને સહાય કરવી અને આવશ્યકતાનુંસાર લેતા રહેવું એ માનવી લોકવ્યવહારનો આધાર છે. આદાન પ્રદાનની વ્યવસ્થા સ્વીકારીને જ અખો સંસાર ચાલી રહ્યો છે. પદાર્થો, વનસ્પતિ અને પ્રાણીઓની વચ્ચે આ પ્રક્રિયા વણથંભી ગતિએ ચાલવી જોઈ શકાય છે. એ ટકાવી રાખવામાં યોગદાન કરવાનું ઉચિત પણ છે અને લાભદાયી પણ છતાંય એમ માનીને ચાલવુ જોઈએ કે, આત્માવલંબન એ મુખ્ય તથ્ય છે. એને સ્વીકારવાથી નિભાવ થાય છે અને ભવિષ્ય બને છે. બીજા પર આધારિત રહીને તો કોઈ પોતાનું અસ્તિત્વ ટકાવી શકે છે ન તો પ્રગતિ માર્ગે દુર સુધી અગ્રેસર રહી શકે છે.

પૃથ્વીના ગુરૂત્વાકર્ષણથી દરેક પરિચિત છે. તે દરેક વસ્તુને પકડે છે અને પોતાના તરફ ખેચે છે માનવી સત્તાનું પણ એક ચુંબકત્વ છે તે પોતાની સજાતીય વ્યક્તિઓ, વસ્તુઓ અને પરિસ્થિતિઓ માત્ર પકડતી જ નથી, પરંતુ ખેંચીને તે પોતાની નજીક બોલાવે છે. જે વ્યક્તિ જેવો હોય છે તેને પોતાનો સહધર્મી શોધતા વાર લાગતી નથી. જળાશયોનું પાણી અહી નહીં વહેતુ સમુદ્રમાં પહોંચી જાય છે, એટલું જ નહિ સમુદ્ર પણ ચેનથી બેસતો નથી, પરંતુ જયાં જળાશય હોય છે ત્યાં પાણી પહોંચાડવા માટે પોતાના દૂત એવા વાદળોને મોકલે છે.

**ગાયત્રી શક્તિપીઠ, ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**




આસમાન ફાઉન્ડેશન દ્વારા ગરીબ બાળકોના લાર્ભાથે તા.૧ થી ૫ ફેબ્રુઆરી આઈ.આઈ.એમ રોડ ખાતે ફડ ફેસ્ટીવલનું આયોજન કરવામા આવ્યુ છે. આ કાર્યક્રમમાં જી.આઈ.ટી ના સ્ટુડન્ટોએ વોલીયેન્ટર તરીકે સેવાઓ આપી હતી

## ટાટા ડોકોમોએ "પ્લે ટુ વીન" કોન્ટેસ્ટના બમ્પર પ્રાઈઝ વિનરની જાહેરાત કરી




અમદાવાદ

ટાટા ડોકોમો, ટાટા ટેલીસર્વીસીસ લીમીટેડ ટીટીએસએલની એકીકૃત કંપની એ "પ્લે ટુ વીન" કોન્ટેસ્ટના - એક પ્રશ્નોતરી આધારી ભારતભરની ગ્રાહક સંબંધીત કોન્ટેસ્ટના વિજેતાની ટાટા ટેલીસર્વીસીસની અમદાવાદ ઓફીસમાં સન્માન દ્વારા જાહેરાત કરી. કોન્ટેસ્ટમાં ટાટા ડોકોમોના દરેક સર્કલમાંથી ઘણાં બધા ગ્રાહકો જોડાયા હતાં.

તેના ગ્રાહકલક્ષી પહેલ અંતગર્ત, ટાટા ડોકોમોએ 'પ્લે ટુ વીન' કોન્ટેસ્ટ ની તેના બન્ને પ્રિપેડ અને પોસ્ટ પેડ ગ્રાહકો માટે જુલાઈ ૨૦૧૬માં ૯૦ દિવસ માટે રજૂઆત કરી હતી.આ કોન્ટેસ્ટમાં ભાગ લેવા, સબસ્ક્રાઈબર્સ રમવા માટે આઈવીઆર ૫૪૩૨૧૮ (ટોલ ફ્રી) લગાવવાનો હતો. ગ્રાહકો એ ૭૦૦ સવાલોના જવાબ આપવાના હતા અને સાચા જવાબ પર પોઈન્ટ મેળવવાના હતા. ૧,૦૦,૦૦૦ રૂા.ના ગોલ્ડ વાઉચરના બમ્પર પ્રાઈઝ સીવાય – ગ્રાહકો પાસે ટીવીએસ સ્પોર્ટ બાઈક જીતવાનો પણ મોકો હતો. આ સ્પર્ધામાં ભાગ લેનારાઓને અઠવાડિક અને દરરોજના રીચાર્જ વાઉચર આપવામાં આવતાં હતાં.

## ઝી સિનેમા મનાવી રહ્યું છે જૂનિયર બચ્ચનનો ૪૧મો જન્મદિવસ

કુછ ના કહોની સાથે, ૫ ફેબ્રુઆરીના રોજ બોલીવૂડના માનીતા અભિનેતાનો જનમદિવસ હોય તો એમની ફિલ્મોના દ્વારા જશ્ન મનાવવાથી વધારે સારું શું હોયી શકે. હિન્દી ફિલ્મો માટે દુનિયાનું સૌથી મોટું થિયેટર ઝી સિનેમા આ રવિવાર ૫ ફેબ્રુઆરીના રોજ અભિષેક બચ્ચનનો જન્મ દિવસ મનાવી રહ્યું છે. આ અવસર પર સવારે ૧૧-૩૦ વાગ્યે તેમની રોમેન્ટિક મ્યુઝિકલ ફિલ્મ



કુછ ના કહો બતાવવા જઈ રહ્યું છે. રોહન સિપ્પીના નિર્દેશનમાં બનેલ આ લવ સ્ટોરીમાં અભિષેકની સાથે ઐશ્વર્યા રાય, સતીશ શાહ અને અરબાઝ ખાન પણ છે.

## ૯૨.૭ બિગ એફએમ દ્વારા તેના ગુજરાત માર્કેટ માટે નવા ફ્રેશ શો 'મોર્નિંગ ચા વીથ માનવ ગોહિલ'ની રજૂઆત




ભારતના વિશાળ અને નં.૧ રેડિયો નેટવર્ક ૯૨.૭ બિગ એફએમ હંમેશા ઓરિજિનલ કન્ટેન્ટ આપવા માટે આતુર રહે છે અને તે ઈનોવેટિવ અને મનોરંજક શો આપવામાં પ્રાદેશિક માર્કેટસમાં સફળ રહેલ છે. આ જ રીતે બિગ એફએમ દ્વારા તેના નવા શોનો પ્રારંભ ગુજરાતમાં જાણીતા એક્ટર માનવ ગોહિલ સાથે કરશે. આ શોનું શીર્ષક 'મોર્નિંગ ચા વીથ માનવ ગોહિલ' છે જેનું પ્રસારણ ૬ ફેબ્રુઆરીથી થશે અને તે બરોડા, સુરત, રાજકોટ અને અમદાવાદ સહિત ગુજરાત માર્કેટમાં જોવા મળશ. શ્રોતાઓના મૂડ અને ઊર્જા સાથે જોડાઈને સવારના સમયે આ શોમાં તમામ એવા એલિમેન્ટ્સ હશે જેમાં આનંદ અને હળવાશની સાથે રમતિયાળ મ્યુઝિક રેટ્રો માહિતી સાથે સામેલ હશે. આ શોનું પ્રસારણ સવારે ૭ વાગ્યાથી ૯ વાગ્યા સુધી દર સોમવારથી શુક્રવાર થશે.

માનવ ગોહિલ ભારતીય ઘરોમાં એક જાણીતું નામ છે જેઓ છેલ્લા એક દાયકાથી મનોરંજન ઈન્ડસ્ટ્રીનો હિસ્સો રહ્યા છે. ગુજરાતના સુરેન્દ્રનગરથી સંકળાયેલ તેઓ આ શોમાં પૂરતા પ્રમાણમાં મનોરંજન અને રોમાંચ લાવશ. 'મોર્નિંગ ચા વીથ માનવ ગોહિલ' સાથે ૯૨.૭ બિગ એફએમનો હેતુ હકારાત્મકતા ફેલાવવાનો છે અને તેમાં ઓડિયન્સને તેમના દિવસની શરૂઆત આનંદદાયક સંગીતથી કરીને જીવનનો આનંદ માણવાના સંદેશ સાથે કરવા કહેવાશ. આ શો શ્રોતાઓની માગણીઓને ધ્યાનમાં રાખીને તૈયાર થયો છે જે પારિવારીક, હળવાશભર્યો અને હકારાત્મક છે. આ શોમાં શ્રોતાઓને રેટ્રો યુગ (૧૯૭૦થી ૧૯૯૦)માં લઈ જવાશે. જેના હૃદયસ્પર્શી ગીતો તમે પરિવાર સાથે ઊર્જાયુક્ત દિવસની શરૂઆત કરી શકશો.

## જીવનશૈલીમાં સુધારો લાવવાથી વિકસતા કેન્સરનું જોખમ ઓછું કરવામાં મદદ મળી શકે છે!

રાજકોટ

૨૦૧૭- વિકસતા કેન્સરનું જોખમ ઓછું કરવા માટે તેનો "તિબંધ જરૂરી છે. વિકસતા કેન્સરનું અચૂક કારણ વિશિષ્ટ રીતે જ્ઞાત નથી, પરંતુ દેખીતી રીતે જ કેન્સર સાથે સંકળાયેલાં જોખમનાં પરિબળો વિશે જાગૃત રહેવું જોઈએ. આપણી રોજબરોજની જીવનશૈલી સાથે ઘણાં બધાં જોખમનાં પરિબળો સંકળાયેલાં છે, જે નિવારી શકાય છે, પરંતુ આમાંથી અમુક પરિબળો આપણા નિયંત્રણની બહાર હોય છે.

ઈન્ડસ હેલ્થ પ્લસના પ્રિવેન્ટિવ હેલ્થકેર સ્પેશિયાલિસ્ટ અને જોઈન્ટ મેનેજિંગ ડાયરેક્ટર અમોલ નાઈકવાડીએ જણાવ્યું હતું કે ભારતમાં દર વર્ષો કેન્સરનાં લાભ ૧૨-૧૪ લાખ નવા કેસો નોંધાય છે અને સ્ત્રીઓની તુલનામાં પુરુષોને તે વધુ સામાન્ય છે. જોકે બધા કેન્સરના કિસ્સામાંથી એકતૃતીયાંશ જીવનશૈલીમાં ફેરફાર અને વહેલા નિદાનથી નિવારી શકાય છે. સમુદાયો, ખાનગી ખેલાડીઓ અને લોકોએ પણ વ્યક્તિગત સ્તરે એકત્ર આવવું જોઈએ અને દરેકને ચિહનો, લક્ષણો અને વહેલા નિદાન વિશે સુશિક્ષિત કરવા જોઈએ, જે કેન્સરથી હયાતિ સુધારશે અને લોકોને આરોગ્યવર્ધક પસંદગીઓ અપનાવવા માટે સશક્ત બનાવશે.

## રાહુલ સોની સબ પર દિલ દેકે દેખોમાં પ્રીત અને અટલ વચ્ચે અટવાય છે



પ્રીત (અંજુ જાધવ) અને રાહુલ (અભિષેક બજાજ)ના જીવનમાં સમસ્યાનો અંત આવતો નથી એવું દેખાય છે. હાલમાં વારતામાં રાહુલ સતત પ્રીત અને અટલ (ચૈતન્ય અદિબ) વચ્ચે ભીંસમાં સપડાય છે અને બંનેને ખુશ કરવાનાતેના પ્રયાસ નિષ્ફળ જાય છે.શું રાહુલ ટેકો આપશે? શું પ્રીત સસરાની ઈચ્છાની વિરુદ્ધ જઈને શેરીનો બર્થડે ઊજવશે? આ વારતા વિશે બોલતાં રાહુલની ભૂમિકા ભજવાઈ અભિષેક બજાર કહે છે, આ અત્યંત રસપ્રદ વારતા છે, જેમાં રાહુલ અવઢવમાં છે કે પિતાને કે પત્નીને ટેકો આપવો, કારણ કે બંને પોતપોતાની રીતે બરોબર છે. આખરેતેણે બંનેનેખુશ રાખવાનું હોય છે..

આ પછી શું થાય છે તે વિશે વધુ જાણકારી માટે જોતા રહો દિલ દેકે દેખો, સોમવારથી શુક્રવાર, સાંજે ૭.૦૦, ફક્તસોની સબ પર.

## સિસ્કા દ્વારા અવ્વલ ઈ-ટેલર સાથે પર્સનલ કેર શ્રેણી રજૂ કરવામાં આવી

આગામી ૨ વર્ષમાં શ્રેણીમાં ટોચની બ્રાન્ડ્સમાં સ્થાપિત કરવાનું લક્ષ્યઃ બ્રાન્ડ એન્ડોર્સર્સ તરીકે સુશાંત સિંહ રાજપૂત, તમન્ના ભાટિયા અને સની લિયોનીને રોક્યાઃ પ્રથમ તબક્કામાં ૩૦થી વધુ પ્રોડક્ટો રજૂ કરી

ભારતમાં એલઈડી લાઈટિંગ અને મોબાઈલ એસેસરીઝ બજારમાં પરિવર્તન લાવનારી બ્રાન્ડ સિસ્કાએ હવે તેના પોર્ટફોલિયોમાં નવું પરિમાણ ઉમેરતાં ભારતમાં યુવાનોની ગ્રૂમિંગ આદતોમાં ક્રાંતિ લાવવા માટે પર્સનલ કેર શ્રેણીમાં પ્રવેશ કર્યો છે. કંપનીએ આ સાથે તેની પુરુષો અને સ્ત્રીઓની શ્રેણી માટે બ્રાન્ડ એન્ડોર્સર્સ તરીકે અત્યંત લોકપ્રિય સુશાંત સિંહ રાજપૂત, તમન્ના ભાટિયા અને સની લિયોનીને રોક્યાં છે. પર્સનલ ગ્રૂમિંગ અવકાશમાં પ્રવેશ લોન્ચના પ્રથમ ૩ મહિના માટે અવ્વલ ઈ-ટેલર સાથે ફેબ્રુઆરી ૨૦૧૭ના આરંભમાં શક્ય છે અને ત્યાર પછી ઓફલાઈન મોડેલ સાથે પણ ઉપલબ્ધ બનશે. આ વ્યૂહાત્મક પ્રવેશને લીધે મેટ્રો સાથોસાથ નોન- મેટ્રો ગ્રાહકોની ગ્રૂમિંગ આકાંક્ષાઓને પણ પરિપૂર્ણ કરવામાં મદદ થશે.

સિસ્કાએ પ્રથમ તબક્કામાં પુરુષો અને સ્ત્રીઓ માટે ૩૦ બ્યુટી અને ગ્રૂમિંગ પ્રોડક્ટો રજૂ કરી છે. મૂલ્ય નિર્માણ અને પ્રોડક્ટ નાવીન્યતા તથા અત્યાધુનિક ટેકનોલોજીઓ થકી ગુણવત્તામાં ગ્રાહકોની અપેક્ષામાં પાર નીકળવાના ગ્રુપના ધ્યેયની રેખામાં સિસ્કાની બધી પર્સનલ કેર પ્રોડક્ટો કોરિયામાં સંશોધન કરીને ઘડવામાં આવે છે. પ્રોડક્ટ શ્રેણીમાં પુરુષો અને સ્ત્રીઓ માટે શેવર્સ, ટ્રિમર્સ અને ક્લિપર્સનો સમાવેશ થાય છે અને હેર સ્ટ્રેટનર્સ, ડ્રાયર્સ, એપિલેટર્સ, કર્લર્સ અને ઈલેક્ટ્રોનિક એક્સફોલિયેટર્સનો પણ સમાવેશ થાય છે, જે ગ્રાહકોને તેમની ગ્રૂમિંગ આવશ્યકતાઓને આધારે વર્સેટાલિટી પૂરી પાડશે.

## કેન્દ્રીય બજેટ ૨૦૧૭ કેશલેસ અર્થતત્ર માટે વેગ સમાન

કેન્દ્રીય બજેટ ૨૦૧૭ સમગ્રપણે હકારાત્મક રહ્યુ છે એમ કહેતા સુપર સીએફઓના મેનેજિંગ ડિરેક્ટર અને સ્થાપક ભૈરવ કોઠારીએ કહ્યુ હતુ કે બજેટ કેશલેસ ઈકોનોમી બળ આપનારૂ છે. જેમા તેને કાર્યરત કરવા અંગેના પડકારો હોઈ શકે પરંતુ લાંબા ગાળે ટેક્સ બેઝ માટે લાભદાયી નીવડી શકે છે. ટેક્સમા ઘટાડો નીચલા સ્તરે અને ઉપલા સ્તરે ટેક્સમા વધારો એ ભૈરવના મતે ઘણુ જ યોગ્ય કદમ છે. ભૈરવે કહ્યુ હતુ કે આશા છે કે ટેક્સ લિટિગેશન્સ પર લક્ષ આપશે જે ઉદ્યોગસાહસિકોમા આત્મ વિશ્વાસ વધારવા મહત્ત્વપૂર્ણ બનશે. કેટલાક પ્રારંભિક કદમો પ્રિસમ્પટીવ ટેક્સેશન માટે લેવાયા પણ હજુ વિભાગીય સ્તરે કેટલાક નક્કર પગલાં લેવામા આવે એ જરૂરી છે.

ભૈરવના જણાવ્યા પ્રમાણે, રાજકીય પક્ષોના રોકડ ફંડ અને ટ્રસ્ટના ફંડને મર્યાદિત કરવાનુ કદમ રસપ્રદ છે જેનાથી કેશ સર્ક્યુલેશન ઘટશે. આનાથી 'કેશ ફોર વોટ્સ'ની પ્રવૃતિમા ચોક્કસ અસર થશે. ટેક્સનુ સરળીકરણ અને ઘટાડો નીચલા સ્તરે ફરીથી એક સારૂ કદમ છે. આનો અર્થ એ નથી કે જેમ વધુ આવક એમ વધુ કરવેરા પણ તે વધુ લોકોને ટેક્સ ભરપાઈ કરવા માટે પ્રોત્સાહિત કરશે અને નોન કમ્પ્લાયન્સની કોસ્ટ કમ્પ્લાયન્ટ રહેશે. ભૈરવે ફોરેન ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન બોર્ડ (એફયુપીબી) દૂર કરવા અંગ કહ્યું હતું એમ કરીને એફડીઆઈ અન યુએસ માટે ઈકોનોમી મુક્ત બનશે જે સ્વદેશ બનીને ભારતને સ્પોટલાઈટ પર મૂકશે.

## કથાસાગર-ઈસુની શિખામણ

એક વાર ઈસુ ખ્રિસ્ત ગામમાં ગયા તો ત્યાં એક દુરાચારી વ્યક્તિએ તેમને ભોજનનું નિમંત્રણ આપ્યું. ગામના બધા લોકો એ દુરાચારી વ્યક્તિની ઘૃણા કરતા હતા. ઈસુએ તેનું આમંત્રણ સ્વીકાર કર્યું તે તેમને ગમ્યું નહીં. આખા ગામમાં વાતો થવા લાગી. આખરે એક વૃદ્ધ વ્યક્તિએ સલાહ આપી કે બધા ઈસુ પાસે જઈએ અને તેમને આ વાત સાફ-સાફ કહી દઈએ. બધાને સલાહ પસંદ પડી અને ભેગા થઈને ઈસુને મળવા ચાલ્યા. ગામ લોકો જયારે ઈસુ પાસે પહોંચ્યા તો તેઓ ભોજન માટે જવાની તૈયારી કરતા હતા. ગામના બુઝુર્ગ વ્યક્તિની વાત તેમણે ધ્યાનથી સાંભળી. બાદમાં સ્મિત સાથે તેમણે પૂછ્યું, 'વડીલ, મને એક વાત જણાવો. ચિકિત્સક સ્વસ્થ મનુષ્યના ઘરે જાય છે કે રોગીના ઘરે?' બુઝુર્ગે જવાબ આપ્યો, 'આ કેવો સવાલ છે? ચિકિત્સક રોગીના ઘરે જ જાય ને?' ઈસુએ પછી કહ્યું, 'હું પણ ચિકિત્સક બનીને એક રોગીના ઘરે જઈ રહ્યો છું. તને ઘૃણાના વિષની નહી, પ્રેમની અચૂક ઔષધિની જરૂર છે. ખરાબ વ્યક્તિને સારો બનાવવો હોય તો તેની સાથે પ્રેમપૂર્વક વ્યવહાર થવો જોઇએ. તેના સંપર્કમાં આવો, ત્યારે જ તે તમારું સન્માન કરશે. તેની અંદર જે દુર્ગુણ છે તેનાથી અવશ્ય બચવું જોઇએ, પરંતુ તેની ઘૃણા કરીને તેનું હૃદય નહિ બદલી શકાય. આપણે પાપીની નહિ, પાપની ઘૃણા કરવી જોઇએ. તેને પાપથી મુક્ત કરવાની ચેષ્ટા કરવી જોઇએ. સંસારમાં કોઈપણ વ્યક્તિ નિર્વિકાર નથી. એકબીજા પર દોષારોપણ કરવાથી જીવન, સમાજ અને સંસારની ગતિ અવરુદ્ધ થઈ જશે. તેથી કોઈને તિરસ્કૃત કરવાને બદલે તેને પોતાપણાથી સમજાવવો અને સુધારવો શ્રેયસ્કર છે.' ઈસુની આ વાતોએ જાદુ જેવી અસર કરી. ગામલોકોને પોતાની ભૂલનો અહેસાસ થઈ ચૂક્યો હતો. તેઓ ઈસુને નમસ્કાર કરી માથું ઝુકાવી ત્યાંથી પાછા ફર્યા.

## કથાસાગર-આઝાદીમાં આનંદ

ચીનના મહાન દાર્શનિક ચ્યુઆંગ જૂ એક દિવસે નદી કિનારે બેઠા હતા. ત્યારે ત્યાંથી રાજા દરબારીઓ સાથે પસાર થયા. તેમણે ચ્યુઆંગને જોયા અને તેમની સાથે વાતચીત કરી. રાજા તેમના જ્ઞાન અને વિદ્વતાથી બહુ પ્રભાવિત થયા. મહેલ પર પહોંચતાં જ રાજાએ દૂત સાથે તેમને તેડું મોકલ્યું. જ્યારે ચ્યુઆંગ જૂ રાજમહેલ પહોંચ્યા તો રાજાએ તેમનું સ્વાગત કરતાં કહ્યું, 'હું તમારા વ્યક્તિત્વથી બહુ પ્રભાવિત છું. મને વિશ્વાસ છે કે તમે આ રાજ્ય માટે બહુ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ શકો છો. તેથી હું તમને આ રાજ્યના પ્રધાનનું પદ આપવા માંગું છું.' ચ્યુઆંગ જૂએ રાજાની વાત શાંતિથી સાંભળતા હતા, સાથે જ રાજાના કક્ષમાં આમ-તેમ જોઇ લેતા હતા. અચાનક તેમની નજર કક્ષમાં મરેલા કાચબાના ક્લેવર પર પડી. ચ્યુઆંગે વિનમ્રતાથી રાજાને કહ્યું, 'હું તમારા પ્રસ્તાવ સંબંધે હા કે ના કહેતાં પહેલાં તમને કશું પૂછવા માગું છું.' રાજાએ પ્રસન્ન ચિત્તે કહ્યું, 'પૂછો.' દાર્શનિક બોલ્યા, 'તમારા કક્ષમાં આ જે કાચબાનાં ક્લેવર પડ્યાં છે, જો તેમાં ફરીથી પ્રાણનો સંચાર થઈ જાય તો શું આ કાચબો તમારા આ સુસજ્જિત મહેલમાં રહેવાનું પસંદ કરે?' રાજાએ કહ્યું, 'ના, એ તો પાણીનો જીવ છે, પાણીમાં જ રહેવા માગે.' હસીને ચ્યુઆંગ જૂએ કહ્યું, 'તો શું હું આ કાચબાથી પણ વધારે મૂર્ખ છું, જે પોતાનું આનંદપૂર્ણ, આઝાદ જીવન છોડીને અહીં તમારા મહેલમાં પરતંત્રતા અને જવાબદારીઓના કાંટાનો તાજ પહેરીને જીવવા તૈયાર થઈ જાય? બંધનમાં બાંધનારું આ પ્રધાનપદું મને નથી જોઇતું.' દાર્શનિકના વિચાર સાંભળીને રાજાએ દાર્શનિકનું અભિવાદન કરતાં કહ્યું, 'તમે વિચારોથી જ નહીં, આચરણથી પણ પૂર્ણ દાર્શનિક છે.'

## એવું શિવ મંદિર જ્યાં પૂજા કરવાથી મળે છે શ્રાપ

આ મંદિર દેવભૂમિ ઉત્તરાખંડના પિથોરાગઢ વિસ્તારમાં આવેલું છે. મંદિર બલ્તિર ગામમાં બનેલું છે. પિથોરાગઢથી ગામ માત્ર ૬ કિ.મી. દૂર છે. શિવનું આ મંદિર સ્થાપત્ય કળાના કારણે પણ પ્રસિદ્ધ છે મંદિરમાં લોકો આસ્થા અને વિશ્વાસને લઈને એટલા માટે જતાં હોય છે જેથી કરીને તેમની મનોકામનાઓ પૂરી થાય, પરંતુ ભારતમાં એક મંદિર એવું પણ છે જ્યાં પૂજા કરવાથી શ્રાપ મળે છે. સ્થિતિ એ છે કે સદીઓથી આ મંદિરમાં કોઈએ પૂજા જ નથી કરી. તેથી ભગવાન શિવના આ મંદિરમાં ભક્ત માત્ર દર્શન કરવા આવે છે, પૂજા કરવા કોઇ નથી કરતું. આ મંદિર દેવભૂમિ ઉત્તરાખંડના પિથોરાગઢ વિસ્તારમાં આવેલું છે. મંદિર બલ્તિર ગામમાં બનેલું છે. પિથોરાગઢથી ગામ માત્ર ૬ કિ.મી. દૂર છે. શિવનું આ મંદિર સ્થાપત્ય કળાના કારણે પણ પ્રસિદ્ધ છે. મંદિર હથિયા દેવાલના નામે પણ મશહૂર છે.

ઘણી જૂની વાત છે. અહીં એક સમયે રાજા કત્યૂરીનું શાસન હતું. રાજા સ્થાપત્ય કળાને ઘણું જ મહત્વ આપતો હતો. રાજાએ વિસ્તારમાં મંદિર બનાવડાવ્યું. આ મંદિર એક કુશળ કારીગરે એક હાથથી બનાવ્યું હતું કારણ કે એક હાથ તેણે અકસ્માતમાં ગુમાવી દીધો હતો. જ્યારે તે મૂર્તિઓ બનાવવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે લોકો તેને જઇને મજાક કરતા હતાં. ત્યારે તેણે પ્રણ લીધો કે તે એક હાથથી જ આખુ મંદિર બનાવશે.

આ રીતે તે એક હાથના કારીગરે એક ખડગને એક રાતમાં જ કાપી મંદિર ઉભુ કરી દીધું. એ મંદિરમાં એક શિવલિંગ પણ બનાવવામાં આવ્યું. જોકે શિવલિંગ રાતોરાત બનાવવામાં આવ્યું. તેમાં પ્રાણ પ્રતિષ્ઠા કરાઇ ન હતી. તેથી આ મંદિરમાં શિવલિંગની પૂજા કરવામાં નથી આવતી. ધીમે-ધીમે આ પરંપરા બની ગઇ અને લોકો વચ્ચે એવી માન્યતાનો જન્મ થયો કે જો કોઇ વ્યક્તિ આ શિવ મંદિરમાં પૂજા કરશે તો તેને ભગવાન શિવ શ્રાપ આપશે.

## અંતર્દૃષ્ટિ-મન પર નિયંત્રણ

સંસારરૂપી વૃક્ષનું મૂળ મન છે. 'ગીતા'માં ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે ઈન્દ્રિયોમાં મન હું છું. એક ઉપનિષદમાં પણ કહેવાયું છે કે સંસારના સમસ્ત પ્રાણી મનથી જ ઉત્પન્ન થાય છે. મનથીજ જીવન જીવે છે અને અંતમાં મનમાં જ વિલીન થઈ જાય છે. મનમાં ઊર્જાનો અસીમ ભંડાર છૂપાયો છે, પરંતુ આ ઊર્જા ભંડારનો તમે સદુપયોગ ત્યારે જ કરી શકો છો જ્યારે તમારું મન સકારાત્મક વિચારોથી ભરેલું હોય. તમારા મનમાં તમામ પ્રત્યે પ્રેમ અને મૈત્રીભાવ હોય, કરુણા અને પરોપકારનો ભાવ હોય, ઈમાનદારીનો જુસ્સો હોય. ઈર્ષ્યા, ક્રોધ, હિંસા, નફરત વગેરે નકારાત્મક વિચારોથી તમે દૂર રહો. આ જ સ્થિતિમાં તમે મનમાં રહેલ અસીમ ઊર્જાનો ઉપયોગ કરી શકો છો. મન વિલક્ષણ શક્તિપુંજ છે. સંપૂર્ણ શરીર અને ઈન્દ્રિયો પર તેનું આધિપત્ય છે. શાસ્ત્રકારોએ મનને મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ ગણાવ્યું છે. બળવાન મન અત્યધિક ચંચળ છે અને કઠિનાઈથી વશમાં થાય છે. તે સ્વેચ્છાચારી છે, જ્યારે મનુષ્ય મર્યાદાઓ, વર્જનાઓ અને દાયિત્વ-બોધ જેવાં બંધનોથી બંધાયેલો છે. આપણે હંમેશાં લૌકિક સુખ મેળવવા તત્પર રહીએ છીએ. મનની ભાગદોડનું એ જ કારણ છે. પોતાની કલ્પના શક્તિના જોરે મન રંગબેરંગી યોજનાઓ બનાવીને અને તેને પૂરી કરવાના તાણા-વાણા વણીને સદાય ઉડાન ભરે છે અને હંમેશાં અનેક મૃગ-તૃષ્ણાઓમાં મનુષ્યને ભટકાવતો જીવનને કષ્ટપ્રદ બનાવી દે છે. એ જ પ્રકારે નિરંકુશ મન વિષતુલ્ય છે, જ્યારે વશમાં કરાયેલું મન અમૃતતુલ્ય. મનમાં નશ્વર સંસાર પ્રત્યે જે પ્રિયતા અને આસક્તિ છે, એ જ અનર્થનું કારણ છે. ઋગ્વેદ કહે છે, 'હે મનુષ્ય! જો તું મનને સ્થિર કરવામાં સમર્થ થઈ જાય તો તું ખુદ સમસ્ત અડચણો અને સંકટો પર વિજય મેળવી શકે છે. પ્રયાસપૂર્વક મનને પકડીને બેસાડતાં તો દેડકાની જેમ ઉછળીને ભાગે છે. મન વશમાં હોય છે સતત અભ્યાસ અને વૈરાગ્યના ભાવથી. અભ્યાસનો મતલબ ચિત્તવૃત્તિઓનો નિરોધ છે અને વૈરાગ્ય એટલે કે નાશવાન જગતનાં પ્રલોભનોથી દૂર રહેવું એ છે. જીવનનો ઉદ્દેશ્ય સંસારના નશ્વર ભોગ નહીં, પણ અવિનાશી પ્રભુની પ્રાપ્તિ છે. આસ્થા અને વિશ્વાસના અભાવમાં મનનું ભક્તિપથ પર ટકવું કઠિન છે. તેથી આપણે પ્રભુ સાથે કોઈ સંબંધ બનાવીને મિલનની વ્યાકુળતામાં એટલું ક્રંદન કરીએ કે હૃદયની સંપૂર્ણ મલિનતા આંસુ બનીને નેત્રોના માર્ગે બહાર નીકળી જાય. ત્યારે જ આપણા નિર્મળ હૃદયમાં 'કૃપાનિધિ' આવીને વિરાજશે.

## ગાંડાને ગામ ના હોય

આમ તો આ કહેવત આપણે કહીએ છીએ અને સાંભળીએ પણ છીએ, કે ગાંડાને ગામ ના હોય,

લલ્લું નામનો એક છોકરો હતો જે બાળપણથી જ પોતાના પરીવારથી છુટો પડી ગયો અને તેનું મગજ સાવ અડધુ જ હતુ અને તે બોલવા અને ચાલવામાં ઢોરની જેમ વર્તન કરતાં હવે આ લલ્લુને બધા જ ગાંડો-ગાંડો કરીને તેને ગાંડા તરીકે ઓળખવા લાગ્યા,

આ ગાંડો એક વખત રાત્રે પોલીસને હાથ પકડાઈ ગયો પોલીસે તેની પુછપરછ કરી અરે તારૂ નામ શું છે. પેલો લલ્લું કહે ગાંડાને નામના હોય અરે તારૂ ગામ કયું ? પેલો લલ્લુ કહે ગાંડાને ગામ ના હોય પેલા તો પોલીસ કહે હવે આપણે આવા ગાંડા માણસનું શુ કામ છે, શાણને છોડી મુકો આમ લલ્લુ તો હવે બધે જ ફરે અને કહે ભાઈ તમારે બધાને ગામ છે, અમારે ગાંડાને ગામના હોય અને નામ પણ ના હોય, અમારે તો તેમજ મોજ-મજા કરવાની અને જે તે મળે તે ખાવાનુ ગાંડાને ગામના હોય.

ગાંડો લોકો ખરેખર જેમને કપડાના ઠેકાણાં તેમજ તેમની પાસે કોઈ પુરાવા નથી તેમને કોઈ રાત દિવસ અને આ સમાજની ખબર નથી તેઓ ક્યા ક્યા વિસ્તારમાં છે. તેમને ખબર નથી જે મળે તે કુતરાની જેમ ખાય છે. આવા લોકોને જ આપણો ગાંડા ગણીશું બાકી તો ગાંડાને ગામ ના હોય.

**ઠાકોર બાબુભાઈ પી. બીયોક**

## મધુવન

**"સાજા થવાની શાને ઉતાવળ ભલા કરું,**
**છે દર્દ જેનું મને સારવાર છે"**

શિર્ષક શે'ર અબ્બાસસ મુલ્લાં નૂરભાઈ ડેડાણવાલા એટલે કે'કાબીલ' ડેડાણવીનો છે.બિમારી આમ તો કોઈને ગમતી નથી.પણ જાણકાર લોકોના કહેવા મુજબ કેટલીક સામાન્ય બિમારીઓ શરીરના શુધ્ધિ-કરણ માટે હોય છે. અને એ થાય એ સારી બાબત ગણાય. જો કે શાયરની બિમારી અહીં જરા જુદા સંદર્ભમાં છે. એમને સાજા થવાની કોઈ ઉતાવળ નથી જોતબીબ સુંદર હોય તો જલ્દી જલ્દી સારા જવાનું કોને ગમે ? અહી શાયરની પણ એજ હાલત હોય એવું લાગે છે.

**"અદાયત કો મેરી આકર વો તાકીદ કરતે હૈ,**
**તુઝે હમ માર ડાલેંગે, નહી તો જલ્દ અચ્છા હો"**

'દાગ 'દહેલવીના આ શે'રમાં એક ધમકી છે. સામાન્ય રીતે ધમકી કોઈને ગમતી નથી હોતી. અયાદત એટલે ખબર અંતર પૂછવી બિમાર માણસની ખબર પૂછવા જવાની આપણામાં પ્રથા છે. અને ઈસ્લામાં તો એમ કહેવામાં આવ્યું છે કે બિમારીની ખબર પૂછવીએ ધાર્મિક કાર્ય છે એને કહેવું કે આપ જલ્દી સારા થઈ જશો અને આપનો કારોબાર પુનઃ શરૂ કરી શકશો. જો કે અહીં ખુલ્લી ધમકી છે કે તું જલ્દી સારો થઈ જા નહીતર બિમારી નહી હું મારી નાખીશ.

**"નાહક સમયને રૂઝનું ગૌરવ મળી ગયું,**
**નહિતર કોઈનો હાથ હતો સારવારમાં"**

મુસા યુસુફ'નૂરી' ના શે'ર માં સમયને મળી જતા ખોટા ગૌરવની વાત છે.એવું કહેવાય છે કે 'દુઃખનું ઓસડ દા'ડા'બિમારી કે જન્મ ગમે તેવાં હોય સમય જતાં એમાં સુધારો થાય છે. શાયર અહીં સમયને મળી જતાં બહુમાનની તરફેણમાં નથી, સ્નેહી -જનની સ-સ્નેહ સુંદર સારવારથી પણ ગમે જખ્મોને જલ્દીથી રૂઝ આવી જતી હોય છે.

**"કેવળ દવાથી રોગ અમારો નહીં મટે**
**સંબંધ પણ ઉમેરો જરી સારવારમાં"**

આદમ મૂસા પટેલ'અદમ' ટંકારવીનો આ શે'ર છે. જગતનાં બધાં દર્દો માત્ર મટતાં નથી. દિવાનગીનું પ્રીયજનના દર્શનથી. સ્પર્શથી કે વાતચીતથી મટતું હોય છે. દર્દીને સાજો દર્દ કરવામાં દવા જેટલી જ દરકાર જરૂરી છે.

**"ઉનકે દેખે સે આ જાતી હૈ મુહ પે રૌનક**
**વો સમજતે હૈ બિમાર કા હાલ અચ્છા હૈ"**

ગઝલવ્યોમે ધ્રુવના તારાની પેઠે અવિચળ ચમકતા ગઝલ શબ્દ કોને પડતાં જ જેના નામનું સ્મરણ થાય એવા શાયર સમ્રાટ મહાગઝલકાર સ્વ. મિર્ઝા 'ગાલિબ' નો આ શે'ર છે. અને આ શે'રની રોનક પણ પ્રિયજનના દર્શન ઝંખતા પ્રિયપાત્રને થાક એવી જ અદભૂત છે. ગમે તેવી મહામારીમાં સંડોવાયેલા વ્યક્તિને પણ જ્યારે પોતાના વ્હાલાના દર્શન થાય છે. ત્યારે ઘડીવાર માટે એના વદનપરથી દર્દ ગાયબ થઈ જાય છે. જો કે શાયરને એ વાતનું દર્દ છે કે એ સમજી લે છે કે હાલત સારી છે પણ હકીકતાં હાલત સારી હોતી નથી.

**"અફવાહ થી કી મેંરી તબિયત ખરાબ હૈ**
**ભોગેને પૂછ પૂછ કે બિમાર કર દિયા"**

શ્રી રાહત ઈન્દૌરી સાહેબનો આ શે'ર છે. ઘણીવાર જીવનમાં એવું બનતું હોય છે કે આપણી ખબર પૂછવા આવવા વાળા લોકો જ આપણને વધારે હતાશ અને માંદા પાડી દે છે. એમની શંકાશીલ અનુભવવાણીને આપણા સુધી પહોંચાડીને આપણને હિમંત આપવાને બદલે કમજોર કરી નાખે છે.આવા લોકોએ બિમારની ખબર પૂછવા જવાનું ટાળવું જોઈએ.વધુ પડતી રોગની વાતો કરવાથી વ્યક્તિ જાણે અજાણ્યે માનસિક રીતે તે રોગનો શિકાર થઈ જાય છે. અને અંતે શારીરિક રીતે સ્વસ્થ હોવા છતાં એ અર્દશ્ય વિચારોની દિવાલ ઓળંગી શકતો નથી. અંતે જોઈએ ફેસબુક ઉપર આવેલ એક સરસ શે'ર

**"સુબહ શામ એક-એક બાર મુજે દિખ જાયા કરો તુમ**
**ડૉક્ટરને કહા હૈ મુજે અપની દવાઈયાં વક્તપર લેતે રહેના"**

**શ્રી ધેંગાભાઈ એન'સરહદી'**
**મુ.પો.ટડાવ, તા. (વાવ) ૯૪૨૭૬૪૪૬૧૧**

## આને કહેવાય..! શેર ઉપર સવા શેર

ઘણાં સમય પહેલાંની વાત છે.ચારે યાત્રીઓ એક બાગમાં ભેગાં થયા. પ્રથમ યાત્રીનું નામ હતું ગોવર્ધન, બીજાનું સુખદેવ,ત્રીજાનું મોતીલાલ અને ચોથી હતી સરસ્વતી.એમાંથી એક જણ બોલ્યું, ચાલો આપણે બધા પોતાની વિચિત્ર ઘટના-અનુભવ સંભળાવે, જે એની પર વિશ્વાસ નહીં કરે એણે રાત્રિનું ભોજન બનાવવાનું રહેશે.સૌ પ્રથમ ગોવર્ધન પોતાનો અનુભવ દર્શાવતા કહેવા લાગ્યો કે" એક વાર હું જંગલમાં મારી ગાયોને ચરાવવા ગયો હતો. અચાનક એક અવાજ સંભળાયો ચોર..ચોર..! હું તો ગભરાઈ ગયો. મેં મારી બધી ગાયોને એક ધાબળામાં લપેટી અને ગામની તરફ ભાગવા માંડ્યો. મેં વિચાર્યું કે ચોર તો મારો પીછો કરશે, એટલે મેં એક સુરક્ષીત જગ્યા સંતાવાને માટે શોધવા માંડી, ત્યાં મારી નજર એક તરબૂચ પર પડી, અને હું તેની અંદર સંતાઈ ગયો. તડબૂચની અંદર મેં જોયું તો આખુ ગામ એમા સંતાયેલું હતું. તે જ ક્ષણે તડબૂચને એક બકરી ખાઈ ગઈ.બકરીને એક અજગરે પોતાનો કોળિયો બનાવી દીધો અને અજગરને એક બગલો ખાઈ ગયો. બગલો ઉડ્યો અને એક ઝાડની ડાળી પર જઈ બેઠો. ઝાડની નિચે રાજાની સેના આરામ કરી રહી હતી. બગલો પોતાનો એક પગ વૃક્ષની ડાળ પર લટકાવીને બેઠો હતો. ત્યાં જ રાજાનો હાથી બગલાના પગમાં ફસાઈ ગયો. ડરનો માર્યો બગલો હાથીને લઈને આકાશમાં ઉડવા માંડ્યો. આ જોઈને હાથીનો મહાવત ચિલ્લયો. સીપાઈઓ તીર ચલાવ્યા અને બગલાને મારી નાંખ્યો. રાજાની આજ્ઞાથી બગલાનું પેટ ચીરવામાં આવ્યું.એમાંથી એક અજગર નિકળ્યો. અજગરનું પેટ ચીર્યુ તો તેમાંથી બકરી નીકળી. અને બકરીનું પેટ ચીરવામાં આવ્યું ત્યારે તેમાંથી તડબૂચ નિકળ્યું. જ્યારે તડબૂચને કાપવામાં આવ્યું ત્યારે તેમાંથી આખુ ગામ નિકળ્યું. હું અને મારી ગાય પણ એમાંથી બહાર નિકળ્યા. બધા પોતપોતાના ઘેર ગયા. હું પણ મારા ઘેર આવ્યો અને મારી ગાયોને ખીલે બાંધી દીધી. અને હું અહિંયા આવ્યો બોલો મારી વાત પર વિશ્વાસ કરો છો ?

ત્રણે યાત્રિઓએ કહ્યું,"હાં..હાં..કેમ નહિ ! આવું તો થતું જ રહે છે.

પછી સુખદેવે પોતાનો અનુભવ સાંભળાવતા કહ્યું,"હું મારા ખેતરમાં સરસોં ઉગાડતો હતો. ક્યારેક ક્યારેક સરસોંના છોડ એટલા ઉંચા થઈ જતા હતા કે મારે એ છોડને કુહાડી વડે કાપવા પડતા હતા. એક વાર એક જંગલી હાથી મારી પાછળ પડી ગયો. હું પ્રાણ બચાવવા ભાગ્યો અને સીધો જ સરસોંના એક ઉંચા વૃક્ષ પર ચડી ગયો. ગુસ્સામાં હાથી એ છોડને જોરથી હલાવવા લાગ્યો. હાથીના હલાવવાથી સરસોંના દાણા જમીન પર પડવા લાગ્યા. હાથીના પગ નિચે દાણા કચડાવા લાગ્યા એટલે એ દાણામાંથી તેલ નિકળવા લાગ્યું. થોડીવારમાં તો સરસવના તેલની નદી વહેવા લાગી. અને હાથી એ તેલની નદીમાં ડૂબી ગયો. મેં મરેલા હાથીની ચામડીમાંથી એક મશક બનાવી. અને એમાં બધુ તેલ ભરી દીધું."

ગોવર્ધન કહેવા લાગ્યો,"હાં..હાં.. હાથીની ચામડીમાંથી મશક સારી બને છે." સુખદેવે કહ્યું,"શું તમે બધા મારી વાત પર વિશ્વાસ કરો છો ખરાં સરસ્વતી બોલી," બે શક એમાં વિશ્વાસ ન કરવાળી કઈ વાત છે.?"

હવે મોતીલાલનો વારો હતો, કોઈ અનુભવ કહેવાનો મોતીલાલ કહેવા માંડ્યો, "એક વાર મારી પાછળ એક હાથી પડ્યો. આજુબાજુ કોઈ ન હોતું. મેં નદી કિનારે એક કમંડર જોયું જેવો હાથી મારી નજીક આવ્યો એટલે હું કમંડરના નાળચા વડે એમાં ઘૂસી ગયો. હાથી પણ મારી પાછળ નાળચા વડે કમંડરમાં ઘૂસ્યો. છ મહિના સુધી તે કમંડરમાં મારો પીછો કરતો રહ્યો. છેવટે જે રસ્તે અંદર આવ્યા હતા તે જ રસ્તે બહાર નિકળ્યા. હાથી પણ મારી પાછળ નાળચામાંથી બહાર નિકળ્યો. પરંતુ મારૂં કિસ્મત સારૂં હતું કે હાથીની પૂંછડી નાળચામાં ભરાઈ ગઈ. અને તેમાં તે લટકી રહ્યો. મેં મારી યાત્રા ચાલુ રાખી અને આજે તમારી સમક્ષ ઉભો છું."

"બોલો મારી વાત પર તમને વિશ્વાસ કરો છો ? મોતીલાલે કહ્યું,"બધાએ હા પાડી.હવે સરસ્વતીનો વારો હતો અનુભવ કહેવાનો. એણે કહેવાની શરૂઆત કરી,"હું એક રાજાના ધોબીની કન્યા છુ. એક વાર હું રાજમહેલમાંથી કપડાં લઈને નદી કિનારે ધોવાને માટે ગઈ. કપડાંને ધોયા પછી એને સૂકવવા તાર પર લટકાવ્યા. ત્યાં જ એક તે જ આંધી આવી. અને બધા કપડાં ઉડી ગયા. મેં મારા નોકરોને કપડાં શોધવાને માટે મોકલ્યા. તો તેઓ પાછા ન ફર્યો. હું એમને શોધતી શોધતી અહિંયા સુધી આવી ચડી છું. અને ભગવાનનો આભાર માનું છું કે મને મારા નોકરો મળી ગયા છે. તમે જ મારા નોકરો છો અને અને એ જ ઉડેલા વસ્ત્ર પહેર્યા છે."

સરસ્વતી બોલી,"મારા અનુભવ પર વિશ્વાસ કરો છો? બધાએ નજર ઝુકાવીને કહ્યું, "હાં" સરસ્વતી બોલી,"તો ચાલો, તમે બધા કામ પર ચઢી જાવ.ત્રણેય યાત્રિઓ બોલ્યા,"ના અમને તારી વાત પર કોઈ વિશ્વાસ નથી બેસતો ."સરસ્વતી બોલી"તો પછી મારા માટે ખાવાનું બનાવો."

ત્રણેય પુરૂષો સરસ્વતી માટે ખાવાનું બનાવવા લાગ્યા. અને સરસ્વતી એક વૃક્ષની છાયામાં આરામ ફરમાવી રહી હતી.**કમલેશ કંસારા**

## એકતાની શક્તિ

મધુનગરનું બજાર ઘણું જ મોટું હતું. આસપાસનાં બધાં જ ગામના ખેડૂતો મધુનગરમાં પોતાની વાડી-ખેતરમાં પાકતાં અનાજ-શાકભાજી વેચવા આવે.મધુનગરના કેટલાક વેપારીઓ ખૂબ જ લુચ્ચા હતા. તેઓ કાયમ ખેડૂતોને કઈ રીતે પોતાની મીઠી બોલીમાં ફસાવી અને તેમને ઠગી લેવા? તેની યોજના બનાવતા.

આસપાસનાં ગામના ખેડૂતો આ વાતને સારી રીતે જાણતા હોવા છતાં, તેઓ આર્થિક રીતે અત્યંત નબળા હોવાના કારણે તેમની સામે કંઈ જ કરી શકતા નહીં. આથી આ વેપારીઓની હિંમત દિવસે દિવસે ખૂબ વધી ગયેલી.

એક દિવસ રતનપરના રામલાલે પોતાની વાડીમાંથી દૂધી-પપૈયાંનો પાક ઉતાર્યો. પછી તે બન્ને પાકને કૂવા પાસે લઈ જઈ, સારી રીતે પાણીથી ધોઈ, તેના કોથળા ભર્યા. બધા કોથળા ભેગા કરી પોતાની પાસે છકડો રિક્ષા હતી. તેમાં બધા જ કોથળા લાદી દીધા.

કોથળા ગોઠવાઈ ગયા એટલે તેને સારી રીતે બાંધી લઈ મધુનગર જવાની તૈયારી કરી. તેની પત્નીએ રામલાલને બપોરના સમયે ખાવા કામ આવે તે રીતે ભાથું બાંધી આપ્યું. તે લઈ રામલાલે છકડો મધુનગર તરફ હંકાર્યો. રામલાલ મનોમન ખૂબ આનંદમાં હતો. દૂધી-પપૈયાંનો પાક સારો હતો. વળી,બજારમાં તેની માંગ પણ ઘણી હતી. તેથી રામલાલને થયું, "સારા રૂપિયા આવશે તો તેમાંથી બચત કરી પત્નીને કોઈ સારી વસ્તુ લઈ દઈશ. લગ્નગાળો શરૂ થવાનો છે તો બાળકોને નવાં કપડાં પણ લઈ દઈ શકાશે." આમ મનમાં જાતજાતના વિચારો કરતો રામલાલ મધુનગર પહોંચી ગયો.

મધુનગરમાં મુખ્ય બજારમાં છકડો ઉભો રાખ્યો. પાસેની એક રેંકડીમાં ચા-પાણી પીધા. બે-ત્રણ વેપારીઓ સાથે વાતચીત કરી. પરંતુ પોતાને જે ભાવ જોઈતા હતા તે ભાવ મળતા ન હોઈ, રામલાલ તો ખૂબ જ નિરાશ થઈ ગયો. તેને લાગ્યું કે હવે તેનું સ્વપ્ન સિદ્ધ નહીં થઈ શકે.વળી, દૂધી-પપૈયાં જો કોઈ ખરીદશે નહીં, તો વધુ નુકશાન જશે.

તે આ પ્રમાણે વિચાર કરી રહ્યો હતો, ત્યાં તો મણિલાલ નામનો એક મોટો વેપારી તેને દેખાયો. તેને જોતાં રામલાલના ચહેરા પર ચમક આવી ગઈ.

"કેમ ? રામલાલ આજે વળી શું લાવ્યો છે ?" રામલાલને હસતાં હસતાં મણિલાલે પૂછ્યું.

રામલાલે ગંભીરતાથી જવાબ આપ્યો, "દૂધી અને પપૈયાં.."

પછી તો બન્ને વચ્ચે ભાવતાલ શરૂ થઈ ગયા.મણિલાલે પૂછ્યું,"દૂધી-પપૈયાં કયા વાહનમાં ભરી લાવ્યો છે ?""એક છકડો ભરીને બન્ને લાવ્યો છું." રામલાલે કહ્યું."તો આખા છકડાના ભાવ બોલી નાખ.." મણિલાલે લહેકા સાથે કહ્યું.

આથી રામલાલને તો "ભાવતું હતું, ને વૈદ્યે કહ્યું" જેવું થયું. તેણે મનોમન જે ભાવ નક્કી કરેલો એ ભાવ નક્કી તરત જ કહી નાખ્યો. આ ભાવ સાંભળી મણિલાલે એ જ સમયે "હા" કહી દીધી."આખા છકડાનો એ ભાવ મને મંજૂર છે." આમ કહેતાં કહેતાં મણિલાલે છકડાના ભાવ તુરંત ચૂકવી દીધા.

પૈસા લઈ રામલાલે છકડામાંથી દૂધી-પપૈયાંના કોથળા ઉતારવાની હજુ તો શરૂઆત જ કરી હતી ત્યાં તો મણિલાલ બોલી ઉઠ્યો, "ખબરદાર, જો તું છકડાને અડક્યો છે તો મેં તને છકડા સહિત માલની કિંમત ચુકવી દીધી છે. હવે જો તું છકડો લઈ જશે તો હું તારી સામે કાયદેસરની કાર્યવાહી કરીશ."

રામલાલને હવે સમજાયું કે વેપારી મણિલાલે પોતાની મીઠી બોલીમાં ફસાવી દીધો! હવે શું થાય ? પહેલાં તો તેને ખુબ જ મૂંઝવણ થઈ. પછી કંઈક વિચારી અચાનક રામલાલે મણિલાલને સંબોધીને કહ્યું,"મારી તમને એક વિનંતી છે.""હા..હા..બોલ ને.."મણિલાલ તિરસ્કાર સાથે બોલ્યો "મારે મારા ગામ રતનપર જવું છે. મને ત્યાં પહોંચવા માટે આ છકડાની જરૂર પડશે. માટે એક કામ કરો, તમારા પુત્રને મને આપો તો હું મારા ગામ પહોંચતાંની સાથે જ છકડો તમને પાછો મોકલી દઈશ." રામલાલે કહ્યું.

"કંઈ વાંધો નથી. તું તારે મારા પુત્રને સાથે લઈ જા." એમ કહી મણિલાલે પોતાના પુત્રને બોલાવવા સંદેશો મોકલ્યો. થોડી વારે મણિલાલનો પુત્ર આવ્યો. મણિલાલનો પુત્ર અને રામલાલ રતનપર રવાના થયા. રતનપર પહોંચી સૌ પ્રથમ મણિલાલના પુત્રને એક ઓરડામાં લઈ જઈ, ત્યાં જમવાનું આપી ઓરડાને બહારથી બંધ કરી દીધો.

પછી ગામના સરપંચ તથા ખેડૂતોને રામલાલે ભેગા કર્યા. થોડીવારમાં બધા જ ભેગા થઈ ગયા. તેમની સામે રામલાલે બધી વાત કહી સંભળાવી.ગામના ખેડૂતો જાણતા હતા કે મધુનગરના વેપારીઓ, ખેડૂતો સાથે લૂંટ ચલાવે છે. તેમને પાઠ ભણાવવો જ જોઈએ.સરપંચે રામલાલને તેની ચતુરાઈ માટે ધન્યવાદ આપ્યા. પછી આસપાસનાં બીજાં નાના ગામોના ખેડૂતો-સરપંચોને બોલાવી, સૌને ભેગા કર્યા. સભા ભરાઈ તેમાં બધી જ ચર્ચા-વિચારણા થઈ. આખરે નક્કી થયા મુજબ ગામનો એક બીજો ખેડૂત છકડો લઈ મધુનગર ગયો.

મધુનગર પહોંચી ત્યાં મણિલાલનો સંપર્ક સાધ્યો. પછી મણિલાલને બધા જ સરપંચો-ખેડૂતો વતી સંદેશો આપતાં કહ્યું," આ તમારો છકડો તમનને સોંપી જાઉં છું, રામલાલે તમારી સાથે જે શરત રાખેલી તે શરત મુજબ આ છકડા પર આજથી તમારી માલિકી રહેશે".ત્યારે મણિલાલે પૂછ્યું,"મારો પુત્ર ક્યાં ?"

"એ તો તમે જ રામલાલ સાથે સોદો કરેલો કે દૂધી-પપૈયાં સહિત છકડો આપવો.ત્યારે સાથે રામલાલે શરત રાખેલી કે સામે તમે પોતાને છોકરો આપો, તો રામલાલ તમને છકડો પાછો સોંપશે.હવે તમારો છોકરો તો રામલાલ રાખશે."આ સાંભળી મણિલાલ ગભરાયો. તેણે મધુનગરના બધા વેપારીઓને ભેગા કરી, પોતાની વ્યથા કહી સંભળાવી.ત્યારે વેપારીઓએ કહ્યું,"ચાલો, આ બાબતે આપણે રૂબરૂ રતનપર જઈએ."જ્યારે બધાય વેપારીઓ રતનપર પહોચ્યાં ,ત્યારે ત્યાં બધા ગામના સરપંચ-ખેડૂતોને જોયા. તેમની સાથે ચર્ચા-વિચારણા થઈ. રામલાલે કહ્યું,"આજ સુધી તમે સૌ વેપારીઓ અમને છેતરતા આવ્યા છો. આજે જે કંઈ થયું છે, તે શરત મુજબ જ થયું છે. તેમ છતાં તમને કોઈ ફરિયાદ હોય તો પોલીસ-કોર્ટ છે, ત્યાં ફરિયાદ કરો. પરંતુ એક વાત સમજી લેજો, હવે અમે એક છીએ. સૌ સાથે મળી. તમારી કાયદેસરની કાર્યવાહીનો મુકાબલોકરીશું".

આજે બદલાયેલું વાતાવરણ જોઈ બધા વેપારીઓ ઢીલાઢફ થઈ ગયા. મણિલાલ અને સૌ વેપારીઓએ ખેડૂતોની ક્ષમા માંગી. ફરી ક્યારેય છેતરામણી નહીં કરવા ખાતરી આપી. રામલાલનો છકડો રામલાલને સોંપી દેવાયો. રામલાલે મણિલાલના પુત્રને મણિલાલને સોંપી દીધો. આમ, મધુનગરના વેપારીઓને ઠોકર લાગતાં તેમના સ્વભાવમાં પરિવર્તન આવ્યું. ત્યાર પછી કોઈ વેપારીએ ખેડૂતને છેતરવાની કોશિશ ન કરી.

**સારઃ એકતામાં મોટી તાકાત રહેલી છે.**

**-દેવેન વ્યાસ ગીતાબેન વ્યાસ (અંજાર)**

## જાદુઈ કલમ

એક ગામ હતું. આ ગામમાં એક કઠિયારો રહે. ગામની છેવાડે તેની ભાંગેલ-ટુટેલ ઝૂંપડીમાં તે અને તેનો પરિવાર રહે. કઠિયારાના પરિવારમાં તેની પત્ની અને બે બાળકો હતા. કઠિયારો એટલો ગરીબ હતો કે કોઈક વાર તો તેને ભૂખ્યા રહેવું પડે. ખુબ ખરાબ પરિસ્થિતિમાં કઠિયારો જીવે. કઠિયારો રોજ સવારના ચાર વાગ્યે જંગલમાં જાય અને અને લાકડાં કાપી સાંજે છ વાગ્યે ઘરે આવે. કઠિયારો સવારમાં પોતાનું ભાતું સાથે લઈ જાય. સુકો રોટલો અને સુકી ડુંગળી, બસ આજ કઠિયારાનું ભાતું. જંગલમાંથી કાપેલા લાકડાં ગામમાં વેચી પોતાનો ગુજારો કરતો.

એક દિવસ કઠિયારો પોતાના નિત્યક્રમ મુજબ જંગલમાં લાકડાં કાપવા ગયો. તેણે એક મોટું વૃક્ષ પસંદ કર્યું. તેણે પોતાની કુહાડી વૃક્ષને કાપવા ઉગામી. ત્યાંજ તે વૃક્ષ બોલ્યું, 'ભલા માણસ, મેં તારું શું બગડ્યું છે કે તું મને કાપે છે?' તું મારો જીવ શા માટે લે છે ?

"જીવ તો હું કોઈનોય લેવા નથી માંગતો પણ શું કરૂ, મારી મજબૂરી છે. કઠિયારે નમ્રતાથી કહ્યું" વૃક્ષે કઠિયારાને પૂછ્યું મજબૂરી ? એવી તો કેવી મજબૂરી કે તું અમારા જેવા વૃક્ષોનો જીવ લે છે ? કઠિયારાના આંખમાં આંસુ આવી ગયા. થોડીવાર પછી બધી વિગત કહી કે, પોતે એક ગરીબ કઠિયારો છે. તમારા લાકડાં વેચીને પોતાનો જીવન ગુજારો કરે છે. વૃક્ષે કહ્યું 'બસ, આટલી જ વાત, લે હું તને આ કલમ આપું છું આ કલમ કોઈ સામાન્ય કલમ નથી. પરંતુ આ જાદુઈ કલમ છે. આ કલમથી જે લખીશ તે હાજર થશે.' કઠિયારો તો ખુશ ખુશ થઈ ગયો. તેણે તે વૃક્ષ નો આભાર માન્યો. પછી કઠિયારો પોતાની ઝુંપડીએ ગયો. કઠિયારે કલામને ખડિયામાં બોળીને લખ્યું, 'એક સુંદર અને મોટું ઘર' ત્યાંજ ચમત્કાર થયો ! તેની ભાંગેલ-ટુટેલ ઝુંપડીની જગ્યાએ બે જ ક્ષણે એક સુંદર અને મોટું ઘર આવી ગયું. આ જોઈને કઠિયારો, કઠિયારાની પત્ની, તેના બાળકો ખુશ ખુશ થઈ ગયા. થોડી વારમાં તો તેને જીવન જરૂરિયાતની બધી જ વસ્તુ ઘરમાં લાવી દીધી, ઘણા દિવસો થઈ ગયા. કઠિયારો તો ધનવાન થઈ ગયો.

એક દિવસ કઠિયારાની પત્નીને ધનની લાલચ જાગી. આખી દુનિયામાં તેણે પૈસાદાર થવું હતું. તેને વધુ ને વધુ ધન જોઈતું હતું. તેણેતો કલમથી લખી દીધું. આ ઘરમાં જે હોય તે ડબલ થઈ જાય. આ તો કઠિયારાની પત્નીએ ભરી કરી ! ઘરમાં જેટલી વસ્તુ હતી તે બધી જ વસ્તુ ડબલ થઈ ગઈ. પણ, કઠિયારો, કઠિયારાની પત્ની, તેના બાળકો પણ ડબલ થઈ ગયા. કારણકે તેઓ પણ ઘરમાં જ હતા ને થોડીવારમાં તો બીજો કઠિયારો, તેની પત્ની, તેના બાળકો ઘરમાં પ્રગટ થયા. હવે બંને પરિવારો લડવા લાગ્યા. આ ઘર માટે ઘરના દાગીના માટે, ધન માટે, એક કઠિયારી કહે કે 'આ મારું ઘર છે.' બીજો કહે કે 'આ મારું ઘર છે.' ખુબ મારકૂટ થઈ. આખા ઘરમાં ધમાલ મચી ગઈ. છેલ્લે પેલા સાચા કઠિયારે કંટાળીને જાદુઈ કલમથી લખી કાઢ્યુંકે બધું નષ્ટ થઈ જાય. આ તો જાદુઈ કલમ, જેમ લાખો તેમ થાય. થોડી જ વારમાં બંને કઠિયારા, બંને પત્નીઓ, ચાર બાળકો સાથે ધન, દોલત, ઘર જાદુઈ કલમ સાથે બધું જ નષ્ટ થઈ ગયું. એક લાલચના કારણે કઠિયારાની પત્નીએ પોતાનો પતિ, પોતાના બાળકો, અને પોતાનો જીવ ગુમાવ્યો.

**મહેન્દ્ર પરમાર**

### ધરતીની ખુશ્બુ

મંદમંદ મકરંદ ના રવે,
કોમળ કળીઓમાં ખીલી વસંત ?
મનગમતા વગડાની વાઈ, ઝુકી ઝુકી લતા લહેરાય
આષાઢી સાંજે નયનરમ્ય ખેતરના શેઢે
મહેકતામોરના સાદ સંભળાય,
કુંજની ગોદમાં ગીત કોયલનો નમણાં કંઠે મહેંકે
સંધ્યાની સલુણી સાંજે નભમાં રંગ હેલી સર્જાય
પ્રદીપ ધરતી ખુશ્બુ વેરે, મબલખ મોલે મન હરખાય !

**એન.એ.મોઢ (પાંચડા)**

## ગંગાદેવી ઢળી પડયા

એક રાજા હતો આમ તો એનું રાજય એની રીતે સરસ રીતે ચાલતાં હતાં. પ્રજા સુખી હતી,રાજાના પ્રત્યે કોઈ કશી જ ફરીયાદ ન હતી. બધું બરાબર ચાલતું હતું પણ કહે છે કે સુખના દિવસો કોઈના એક સરખા ચાલતાં નથી, જતાં નથી એવું જ થયું. અત્યાર સુધી કોઈ રાજાએ આ રાજા પર આક્રમણ કર્યું ન હતું તેથી આક્રમણ શું ચીજ છે એની એને પણ જાણ ન હતી. હા ભયાનકતાનો ખ્યાલ હતો. મારો કાપો અને લોહીની વહેતી નદીઓ વળી આ રાજાનું રાજય ભૌગોલિક રીતે લાઈન દોરીમાં પ્રથમ આવતું હતું અને આક્રમણ જો થાય તો પહેલા એનો વારો આવી જાય. રાજાને વળી આ વાતની ખબર પણ.. બીજી તરફ ઘણા વર્ષોથી કોઈ નાનું મોટું આક્રમણ થયું ન હતું.

પણ એકવાર જાણે કે સમય બદલાયો..દુરની સરહદોથી ચડી આવેલા રાજાએ આ રાજા પર આક્રમણ કરી દીધું. ઓચિંતાનું આક્રમણ થતાં નગરમાં અફરાતફરની અને ભયનો માહોલ બધે પથરાઈ ગયો.

રાજાએ સૈનિકોને યુદ્ધ ભૂમિમાં પહોંચી જવા યુદ્ધમાં ઝુકાવી દેવાનો આદેશ કર્યો પણ કોઈપણ જાતની પૂર્વ તૈયારીના ઠેકાણા વિના સૈનિકોએ યુદ્ધમાં ઝુકાવ્યું. પણ એની ભુંડી હારી થઈ. વળી કોઈ સૈનિકે છુરી ફેંકેલી પણ મોટી છુરી રાજાના ગળામાં પેસી ગઈ. રાજાની શ્વાસનળીકપાઈ જતાં સ્થળ પર જ એનું મરણ થયું. એના સૈન્યમાં ભાગંભાગી મચી ગઈ. વિજેતા રાજાએ હારેલા રાજાના સૈનિકોને યુદ્ધ કેદી બનાવી બધાના હાથ દોરડાથી બંધાઈ ગયા. હવે રાજાના સૈનિકોએ નગરના માર્ગો પર વિજયકુચ કાઢી હારેલા અને મૃત્યુ પાનમેલાએ રાજાની રાણી ગંગાદેવી પકડાઈ ગઈ.

ગંગાદેવી રૂપાળી હતી. પ્રભાવશાળી હતી અને ઉભી હોય તો એક છટા પડે એવી હતી. એનો અવાજ અત્યંત મધુર હતો. પણ સેનાપતિ અર્થાત નગરના રાજાનું અવસાન થતાં હાર થતાં જાણે કે સઘળું ધુળધાણી થઈગયું હતું. આમ તો એ તલવાર ધારણ કરીને નગરની ધુરા પોતાના હસ્તક કરી નાખત પણ એ બધું કરવાનો સમય જ મળ્યો ન હતો. નહીં તો ગંગાદેવીમાં ગજબની હિંમત હતી, જોશ હતો.

પણ ગંગાદેવી પકડાઈ ગઈ.

એને રાજાની સમક્ષ લાવવામાં આવી. રાણી સાવ લાચાર હતી, વિજેતા રાજાની સામે પોતાનું મસ્તક નીચું કરીને ઉભી રહી.

દેવી તમારૂં મસ્તક ઉંચુ કરો અને મને તમારૂં મોં જોવા દો.. રાજા બોલ્યો.. રાણીને પગથી માથા સુધી અગનજાળ લાગી ગઈ પણ સમય એવો હતોકે ખામોશ રહેવું પડે.

રાજાને કારણ અકારણ ગુસ્સો આવી ગયો અને એ સાથે જ રાણી ગંગાદેવીને પોતાના અસલ નગરમાં લઈ જવાનો આદેશ આપ્યો.

રાણી ગંગાદેવીને તો જાણે પગ તળેની જમીન ધસતી હોય એમ અનુભવ થયો. રાણી ગંગાદેવી સમજી ગઈ હતી કે જીતેલો રાજા મને એની નગરીમાં લઈ જશે અને મારા ધણીએ ના છતાં મારી સાથે લગ્ન કરશે. મારા સ્વમાનનું સત્યાનાશ વાળી દેશે.. પોતે વિજેતા થયો છે એનો અર્થ એ નથી થતો કે ગમે તેની મહિલાને એની પત્ની બનાવે.. અને એમ જ થયું..

વિજેતા રાજા ગંગાદેવીને પોતાની નગરીમાં લઈ ગયો. ચાર દિવસ સુધી નજર તળે રાખી એ સાથે એને કહ્યું.. દેવી આવ મારી સાથે લગ્નથી જોડાઈ જાવ એમાં તારી ભલાઈ છે..ગંગાદેવી તો એ સાંભળતાં જ જાણે ક્રોધના અગ્નિથી ભડભડ બળી ઉઠી છતાંય ધીરજ ઠંડા કલેજે રાજાને કહ્યું, મહારાજ આપે મને લગ્નને યોગ્ય જાણી છે એ મારૂં અહોભાગ્ય છે..પણ મારા પતિ પૂર્વ પતિને મરે હજુ સપ્તાહ થયું નથી.. એકાદ સપ્તાહ સમાપ્ત થવા દો શોક ઓછો થવા દો, રાજા માની ગયો. હશે આખરે રાણી તૈયાર થઈ છે..

સાત દિવસ થયા સવાર સવારમાં દરબાર ભરાયો હતો. એક સિંહાસન પર રાજા હતો આજુબાજુ એના દરબારીઓ બેઠા હતા. ગંગાદેવી એક તરફ ઉભી હતી.

દરબાર શરૂ થાય એ પહેલાં ગંગાદેવીએ કંઈક કહેવાની છુટ માંગી.. રાજાએ અનુમતી આપી.. ગંગાદેવીએ પુછ્યું..

મારા પતિ યુદ્ધભૂમિમાં માર્યા ગયા અને તમે મને ઉઠાવી અહીં લાવ્યા. લગ્નની મારી સાથે માંગણી કરી એવું તમારી સાથે થાય. તમો યુદ્ધભૂમિમાં હારો માર્યા જાવ તમારી પત્ની પકડાય અને જીતેલો રાજા..

ગંગાદેવીએ ગજબની હિંમત કરીને પુછ્યું. વિજેતા રાજાનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો.. એ કંઈક કહે એ પહેલાં જ એમણે બાજુમાં ઉભેલાં એક સૈનિકના કમરેથી તલવાર ખેંચી પોતાના પેટમાં ખોસી દીધી.

ગંગાદેવી ત્યાં જ ઢળી પડયા.. આખો દરબાર અને રાજા સ્તબ્ધ થઈ ગયા.

**-રેણુ વિષ્ણુકુમાર બારોટ (અમદાવાદ)**

**ગોધરાકાંડ...**

**પાના નં.૧ ચાલુ**

છે કે ૨૭મી ફેબ્રુઆરી ૨૦૦૨ના દિવસે ગોધરા રેલવે સ્ટેશન નજીક સાબરમતી એક્સપ્રેસ ટ્રેનના એસ-૬ કોચને આગ ચાંપી દેવામાં આવ્યા બાદ આ બનાવમાં આશરે ૫૮ લોકો બળને ભડથું થઈ ગયા હતા. આ બનાવ બાદ અમદાવાદ સહિત રાજ્યભરમાં વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. જેમાં ૧૦૦૦થી વધુ પણ વધુ લોકોના મોત થયા હતા. ૨૭મી ફેબ્રુઆરીના દિવસે ગોધરાકાંડના બનાવ બાદ હિંસાની શરૂઆત થઈ હતી. જેના ભાગરૂપે ગાંધીનગર પાસેના કલોલના પલીયાડમાં પણ હિંસા ભડકી ઉઠી હતી. આશરે ૨૫૦થી વધુ લોકોના ટોળાએ સમગ્ર ગામને લક્ષ્યમાં રાખીને તોફાનો કર્યા હતા. એક દરગાહને નુકસાન કરવામાં આવ્યું હતું. જેથી હિંસાએ વિનાશક સ્વરૂપ ધારણ કર્યું હતું. સુનાવણી દરમિયાન વકીલે કહ્યું હતું કે નુકસાનની ભરપાઈ કરી દેવામાં આવશે. બચાવ પક્ષના વકીલ ભાવેશ રાવલે કહ્યું હતું કે સમાધાન મુજબ જ નુકસાન થયેલી મિલકતોની ભરપાઈ કરી દેવામાં આવશે. શાંતિ અને સલામતિ અર્થે આરોપીઓએ સહકાર દર્શાવવાની તૈયારી પણ આપી છે. ગોધરાકાંડ બાદ એકાએક ખતરનાક રીતે હિંસાની શરૂઆત થઈ હતી. ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના પલીયાડ ગામમાં આ હિંસા થઈ હતી. નિર્દોષ છુટેલાઓમાં કલોલ નાગરિક સહકારી બેંકના વર્તમાન ચેરમેન ગોવિંદ પટેલનો પણ સમાવેશ થાય છે. તમામ આરોપીઓ પહેલાથી જ જામીન ઉપર હતા.

**આજે...**

**પાના નં.૧ ચાલુ**

ગોવામાં ૪૦ વિધાનસભા બેઠક છે જે પૈકી એક સીટ એસસી માટે રિઝર્વ રાખવામાં આવી છે. પંજાબમાં મતદાન મથકોની સંખ્યા ૨૨૬૦૦ જેટલી છે. જ્યારે ગોવામાં મતદાન મથકોની સંખ્યા ૧૬૪૨ જેટલી છે. પંજાબમાં શિરોમણી અકાલીદળનાપ્રકાશસિંહ બાદલ અને સુખબીરસિંહ બાદલ ચૂંટણી મેદાનમાં છે. કોંગ્રેસના કેપ્ટન અમરિન્દરસિંહ અને નવજોત સિદ્ધુ પણ મેદાનમાં છે. આમ આદમી પાર્ટી તરફથી ભાગવત માન અને એચએસ ફુલકા ચૂંટણી મેદાનમાં છે. ભાજપ તરફથી જેજે સિંહ મેદાનમાં છે. બીજી બાજુ ગોવા વિધાનસભા ચૂંટણીમાં ભાજપના લક્ષ્મીકાંત પરસેકર ચૂંટણી મેદાનમાં છે.પંજાબમાં ૧૧૭ બેઠકો પૈકી ૩૪ બેઠક અનુસૂચિત જાતિ માટે રિઝર્વ રાખવામાં આવી છે. બંને રાજ્યોમાં મતદારયાદીમાં સુધારા થઈ ચુક્યા છે. આની સાથે જ મતદારોની સંખ્યા ક્રમશ: ૧૯૨૧૪૨૩૬, ૧૦૮૫૨૭૧ છે. પંજાબમાં ૧૧૭ અને ગોવામાં ૪૦ બેઠકો માટે મતદાન યોજાનાર છે.બન્ને રાજ્યોમાં મોટી સંખ્યામાં મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે તૈયાર છે. અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી માટેના કાર્યક્રમની ચોથી ફેબ્રુઆરીના દિવેસ જાહેરાત કરવામાં આવી હતી. આની સાથે જ ચૂંટણી પ્રક્રિયા વધુ ઝડપી બની ગઈ હતી. પાંચ રાજ્યોમાં મતગણતરી ૧૧મી માર્ચના દિવસે હાથ ધરાશે. પાંચ રાજ્યોમાં કુલ ૬૯૦ વિધાનસભા બેઠક માટે મતદાન યોજાનાર છે.

આ ચૂંટણીમાં ૧૬ કરોડથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરનાર છે. પાંચ રાજ્યોમં એક લાખ ૮૫ હજાર મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા છે જે વર્ષ ૨૦૧૨ની સરખામણીમાં ૧૫ ટકા વધારે છે. તમામ જગ્યાઓએ ઈલેક્ટ્રોનિક વોટીંગ મશીનનો ઉપયોગ કરવામાં આવનાર છે. આને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. ઉત્તરપ્રદેશ સહિતના રાજ્યોમાં ચૂંટણી આચાર સંહિતા હાલમાં અમલી છે. પ્રથમ તબક્કામાં ઉત્તરપ્રદેશમાં ૭૩ સીટ માટે ૧૧મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. જ્યારે બીજા તબક્કામાં ૬૭ સીટ માટે ૧૫મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. ત્રીજા તબક્કામાં ૬૯ સીટ માટે ૧૯મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. ચોથા તબક્કામાં ૧૨ જિલ્લામાં ૨૩મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. પાંચમાં તબક્કામાં બાવન સીટ માટે ૨૭મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે.

છઠ્ઠા તબક્કા માટે સાત જિલ્લામાં ૪૯ સીટ માટે ચોથી માર્ચના દિવસે મતદાન થશે. જ્યારે સાતમાં,અંતિમ તબક્કામાં આઠમી માર્ચના દિવસે ૪૦ સીટમાં મતદાન થશે. જ્યારે મણીપુરમાં બે તબક્કામાં મતદાન યોજાશે. ઉત્તરાખંડમાં ૭૦ સીટ માટે એક જ તબક્કામાં મતદાન થશે. ૧૫મી ફેબ્રુઆરીના દિવસે મતદાન થશે. મણીપુરમાં પ્રથમ તબક્કામાં ૩૮ સીટ માટે ચોથી માર્ચના દિવસે અને ૨૨ સીટ માટે બીજાદોરમાં આઠમી માર્ચના દિવસે મતદાન થશે.

**ડીસામાં શાળા...**

**પાના નં.૮ ચાલુ**

૧૯ જેટલી શાળા કોલેજોના ૧૦૦ ફુટના ઘેરાવામાં ૧૩૪ જેટલા ગલ્લા, પાર્લર તથા કરીયાણાની દુકાનમાં તપાસ કરવામાં આવી હતી. જ્યાં તમાકુનું વેચાણ કરતા વેપારીઓ પાસેથી રૂા. ૮૭૦ નો દંડ વસુલ કરી નાની ઉંમરના બાળકોને તમાકુનું વેચાણ ન કરવા સલાહ અપાઈ હતી.

**ભાભર સરકારી....**

**પાના નં.૮ ચાલુ**

જેના કારણે ૧૩૬ વિદ્યાર્થીઓમાંથી માત્ર ૮૦ વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓએ ભારે હાડમારી ભોગવી પરીક્ષા આપી હતી. બાદમાં સરકારી કોલેજ ભાભરમાં બીજા સત્રમાં માત્ર ૫૫ થી ૬૦ વિદ્યાર્થીઓએ ફી ભરીને અભ્યાસ શરૂ કર્યો હતો. પરંતુ લેક્ચર લેવા થરાદ સરકારી કોલેજના અધ્યાપકો નિયમિત આવતા નથી. ક્યારેક ત્રણથી ચાર દિવસ એક વખત આવે છે અને છેલ્લા ચાર દિવસથી કોઈ અધ્યાપક લેકચર લેવા આવ્યા નથી. દુર- દુરથી વિદ્યાર્થી- વિદ્યાર્થીનીઓ સમયસર કોલેજે આવી જાય છે. પરંતુ લેક્ચર લેવા કોઈ અધ્યાપક હાજર રહેતા ન હોઈ રોષની લાગણી જન્મી છે. વિદ્યાર્થીઓએ સરકાર દ્વારા ફેબ્રુઆરી-૨૦૧૭ ની ઈન્ટરનલ પરીક્ષાનું કેન્દ્ર ભાભર ખાતે રાખવામાં આવે તેવી માંગ કરી છે. નહીતર પરીક્ષાનો બહિષ્કાર કરવામાં આવશે. તેવી ચીમકી ઉચ્ચારી છે. સરકાર દ્વારા ભાભર ખાતે કાયમી સરકારી કોલેજ ચાલુ કરાય અને પુરતો સ્ટાફ મુકાય અને પરીક્ષા કેન્દ્ર ભાભર રખાય તેવી માંગ ઉઠી રહી છે. વધુમાં જાણવા મળ્યુ છે કે ભાભર સરકારી કોલેજ ખાતે થરાદ કોલેજના અધ્યાપકો મુકાય છે. પરંતુ થરાદ કોલેજમાં ૧૪ ના મહેકમ સામે ૯ શિક્ષકો છે. જેમાં ૫ રેગ્યુલર છે અને ૪ હંગામી છે. તો ભાભરમાં કેવી રીતે અધ્યાપક સમયસર અને કાયમી આવી શકે!

**ભલગામ ....**

**પાના નં.૮ ચાલુ**

ભલગામ ટોલ નાકા ઉપર અવારનવાર આવા બનાવો બને છે. માથાભારે કર્મચારીઓ નજીવી બાબતે ગુંડાગીર્દી ઉપર ઉતરી આવે છે. ટોલ વસૂલવો અલગ વાત છે પણ વાહન ચાલકો સાથે ઉધ્ધત વર્તન હરગીજ ચાલી ન શકે. જે મુદ્દે હાઈવે ઓથોરીટી અને સરકાર સત્વરે માથાભારે કર્મચારીઓની શાન ઠેકાણે લાવે તેવો ચોમેરથી સૂર ઉઠવા પામ્યો છે.

**રાધનપુરમાં ....**

**પાના નં.૮ ચાલુ**

ઠરાવ તા.૧૧ ઓકટોબરે ટેન્ડર પ્રક્રિયા દ્વારા ભાવો મંગાવવામાં આવ્યા હતા અને તા.૨૬નવેમ્બર ૧૦ ના રોજ પાટણની કંપનીને વર્કઓર્ડર અપાયો હતો. આ કંપનીએ ૨૦૧૨ માં ચાલુ કામ બંધ કરી દીધેલ પરંતુ તા.૨૫ એપ્રિલ ૨૦૧૪માં પાલિકાએ ફરીથી કામ શરૂ કરાવેલ પરંતુ ટેન્ડરના સ્પેસીફીકેશન મુજબ કામગીરી થતી ના હોઈ સુચના આપતા કંપનીએ ફરીથી કામ બંધ કરી દીધેલ. જે આજ દિન સુધી ચાલુ થયેલ નથી.

**થરાદની સ્ટેટબેંક...**

**પાના નં.૩ ચાલુ**

લોકોમાં પણ એક કેશીયર પોતાની મનમાની કરીને બેંક ગજવે અને પબ્લિકને સહન કરવાનું તેમ કહીને આ કર્મચારી સામે પગલાં ભરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી હતી.યુવક હિમત પંડયાએ પણ બેંકના શુક્રવારના સીસીટીવી ફુટેજ બેંકના અધિકારીઓ દ્વારા જોવામાં આવે અને ત્યાર બાદ તેની સામે ખાતાકીય પગલાં ભરવામાં આવે તેવી માંગણી કરી હતી.અત્રે નોંધનીયછેકે આ કર્મચારીના ગેરવર્તતનો નગરના અનેક પ્રતિષ્ઠિત વેપારીઓ અને ગ્રાહકો પણ ભોગ બનવા છતાં પણ રોજ ક્યાં બેંકમાં વ્યવહાર કરવા જવું છે એમ સમજીને જતુ કરતા હોવાનું આ કર્મચારીની તાનાશાહીનો ભોગ બનેલા શહેરના શ્રવણભાઈ નામના પ્રતિષ્ઠિત વેપારીએ પણ જણાવ્યું હતું.

**રબારી સમાજની...**

**પાના નં.૩ ચાલુ**

રબારી સમાજના આગેવાનો, યૂવાનો તેમજ વિદ્યાર્થી ભાઈ- બહેનોની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, પાલનપુરના માર્ગો પર રબારી સમાજની શિસ્ત બધ્ધ નિકળેલી શોભાયાત્રાને સફળ બનાવવા માટે હિતેશભાઈ રોઝ, જયેશભાઈ નોગોસ, બાબુભાઈ રોઝ (માલોસણા), બાબુભાઈ ભોંકુ (ડીસા), નાગજીભાઈ આલ, ચેહરાભાઈ લળતુકા (જડીયાલ), રાજુભાઈ રોઝ, મહેશભાઈ ચરમટા, મહેશભાઈ લળતુકા, કિરણભાઈ જેલોતર, વેલાભાઈ નોગોસ સહિત યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે આયોજીત રક્તદાન કેમ્પમાં પણ સમાજના યુવનોએ મોટી સંખ્યામાં રક્તદાન કર્યું હતું.

આ પ્રસંગે ચેહરાભાઈ રોઝ, હરીભાઈ ચેલાણી, લીલાભાઈ બારડ, લીલાભાઈ આલ( જેથી), લીલાભાઈ નોગોસ (ભટામલ), દાંનાભાઈ દેસાઈ (દેલવાડા), ઈશ્વરભાઈ દેસાઈ (ખસા), જયેશભાઈ દેસાઈ (જુનાડીસા), રમેશભાઈ દેસાઈ(મોટા), અરજણભાઈ ગળસોર (આગથળા) સહિત મોટી સંખ્યામાં રબારી સમાજના ભાઈ- બહેનો હાજર રહ્યા હતા.

**ડીસા તાલુકાની...**

**પાના નં.૩ ચાલુ**

અને ગ્રામજનોને વધુમાં વધુ લાભ અપાવવા જણાવ્યું હતું. ડીસા તાલુકાની દરેક મંડળી કેશલેશ બને તે અંગેના ડીજીટલ નાણાકીય સાક્ષરતા જાગૃતિ કાર્યક્રમમાં બનાસ બેંકમાંથી સંદીપભાઈ બારોટ, પી.એલ. વાઘેલા, અમરતભાઈ કંબોયા વગેરે અધિકારીઓએ હાજરી આપી મંડળીઓના મંત્રીઓને માહિતી પૂરી પાડી હતી.

# સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૪૦૫૦૦-૪૧૫૦૦**
રૂપુ કાચું ૪૧૦૦૦-૪૧૫૦૦
સોનુ તોલો ૨૯૦૦૦-૨૯૫૦૦
**તેલ બજાર**
રાધે પામોલીન ૧૦૫૦
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૪૦
રાયડાતેલ ૧૫કી૧૩૧૦
સીંગતેલ૧૫ લી. ૧૬૮૦
સીંગતેલ ૧૫ કી.૧૭૧૦
સીગતેલ ૫ લી. ૫૩૦
તિરૂપતી કપા. ૧૨૮૦
૫ લીટર ૪૦૫
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૧૦૦
રા.રીફાઈન્ડ ૧૯૫૦
કોપરેલ ૧૫ કિલો ૨૧૫૦
૫ કે. કોપરેલ ૮૫૦
૫લી. અંકુર સીંગતેલ ૫૩૦
**૧૫ લીટર સનફલાય ૧૨૮૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૪૧૦
૨ લી. ૧૭૦
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
ગેટવે પ્રીમીયમ ૮૫૦૦
ગેટ વ. રોયલ ૬૦૦૦
ગેટવે રેગ્યુલર ૫૨૦૦
ગેટવે રીઝાના ૪૪૦૦
ગેટવે એવરેડી ૩૯૦૦
ગેટવે ડેઈલી ૩૪૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૯૬૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૯૫૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૯૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૫૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૬૫૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૬૬૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૬૮૫૦
ઈ.ગેટતીબાર ૧ કી.૬૯૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૬૯૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૬૨૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૬૪૫૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૬૫૦૦
દુન પ્રીમીયમ ૭૨૦૦
દુન તીબાર ૨૫ કી.૬૬૦૦
દુન તીબાર ૧૦ કી.૭૦૦૦
દુન તીબાર ૫ કી. ૭૩૫૦
દુન તીબાર ૧ કી. ૭૪૦૦
હાથી ૧૧૨૧ ૬૮૦૦
બેસ્ટ પ્રીમીયમ ૭૫૦૦
નર્મદા મગ પોલીસ ૬૧૦૦
મગદાળ નર્મદા સુપર ૫૮૦૦
નર્મદા મગ મોગર ૬૫૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦
નર્મદા અડદદાળ ૯૦૦૦
અડદદાળ નર્મદા પ્રી. ૮૬૦૦
દુન દેહરાદુન દુબાર જુના ૬૫૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના ૪૫૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦
દુન કણકી જુની ૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૩૦૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૦૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૫૮૦૦
હાથી ૮૧૭ આખા નવા ૬૫૦૦
હાથી૮૧૭ નવા દુબાર પાંણાં ૫૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૮૫૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૧૦૫૦૦
તુવરદાળ ખીડીયાર ૭૨૦૦
દાવત સીલેકટનવા ૮૮૦૦
દાવત સુપર જુના ૯૮૦૦
દાવત દીલખુશ નવા ૭૫૦૦
દાવત દીલખુશ જુના ૬૫૦૦
દાવત દુબાર જુના ૬૦૦૦
દાવત રોઝાના જુના ૫૫૦૦
દાવત ૭૦ જુના ૪૧૦૦
દાવત ૬૦ મીની જુના ૩૨૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૭૦૦૦
હેરીટેજ તીબાર ૬૦૦૦
હેરીટેજ દુબાર ૫૦૦૦
હેરીટેજ મીની દુબા ૪૦૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૫૬૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૨૮૦૦
ચણાદાળ ૪૪૪ ૮૮૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૮૦૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૮૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૮૫૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૩૯૫૦**
**ખાંડ એમ. ૪૦૫૦-૪૧૫૦**
ખાંડએલ. ૪૧૫૦-૪૧૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૫૦
જીરાળુ ૧૯૦૦-૨૦૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૫૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૬૦૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૫૦-૨૪૦
સાકરીયા ૪૫૦૦
ખાંડ બુરૂ ૪૨૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૦૦-૧૨૦
સુકી ડુંગળી ૧૪૦-૧૬૦
લસણ ૮૦૦-૧૩૦૦
ધાણા ૩૦૦-૪૦૦
સફરજન ૮૦૦- ૧૪૦૦
મરચાં ૨૦૦-૨૪૦
લીંબુ ૩૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૪૦૦
આદુ ૫૮૦-૫૬૦
રીંગણ ૨૦૦-૩૦૦
ટામેટા ૮૦-૧૦૦
ભીંડા ૮૦૦
કોબી ૧૦૦-૧૨૦
વટાણા ૨૦૦-૨૪૦
ટીંડસા ૨૦૦-૪૦૦
ગવાર ૮૦૦-૧૧૦૦
બાદશાહ બટાકા ૭૦-૧૦૦
સાંગા બટાકા ૭૦-૧૦૦
ફુલાવર ૩૦૦-૩૧૦
ચોળી ૪૫૦-૮૦૦

## ઝરણાં

સાગરનાં જળ સરખાં કોમળ ઝરણાં
ઝરણાં તોય સાગર સાથે ચાલ્યા ઝરણાં
ભરબપોરે સુખનાં સાગર નદીઓ થઈને ચાલ્યા ઝરણાં
સરોવર પાણી ભર્યા ભર્યાને ભરી સરીતા તરસ્યું લઈને
રાત દિવસ ખળખળતા ઝરણાં સરીતાની
રેખાઓની ચીલે વનવાસીની વન્ય સૃષ્ટીમાંથી
હળવે ચાલી નીકળ્યાં ઝરણાં,
ધરતીના ખોળે પ્રકૃતી સંગાથેજ
પ્રેમગીત ગાતા જાતા ઝરણાં

**રાજેશ બારૈયા વનવાસી** (ભાવનગર)

## હશે

ફુલ ડાળીથી તુટશે પછી ખુશ્બો ઝુરતી હશે
સમયની સાથ પણ નવી કળીઓ ફુટતી હશે
સ્મરણમાં નહીં રાખ્યો એની જરાય ફીકર નથી
તસવીર મુજની ખુદ એ રોજ નોટમાં દોસ્તી હશે
નફરત સદાય કરતી છતાં આ માન તો જુઓ
વાત આગમની જાણી ઘરે રંગોળી પુરતી હશે
ચાંદ જેવું મુખ, સુરજનું તેજને આભનું ઓઢણ
કુદરતની આ કળાને એ કયાં સુધી ચોરતી હશે
ન દિલ દુભાવો કોઈનું એ જ કાશી ને મક્કા છે
માત્ર મંદીરોને મસ્જીદોમાં તો ખાલી મુરતી હશે
મીટાવી નહીં શકે મુજ હસ્તીને આ લોકો માહીર
મરણની બાદ પણ ગઝલો મારી જીવતી હશે

**માહીર** (થરા)

## પ્રતીક્ષા

જીવ શાને કરે છે કલ્પાંત જીવ બાળી બાળીને
પસ્તાય છે ઈન્સાન આ ધરા પર આવી આવીને
વનના મોરલાને કયાં છે ખબર ટહુકા કરી કરીને
ઠરી ઠામ બેસે નહીં પલભર થાકે દોડી દોડીને
વાદળ દેખી મલ્હાર કરે જંગલમાં ભટકી ભટકીને
મેહ કયારે વરસશે નીરખે આંખો ચોળી ચોળીને
જીવ શાને કરે છે કલ્પાંત જીવ બાળી બાળીને
ટળશે દરીદ્રતા મનની અધ્ધરતા થશે અટકી અટકીને
જીવનમાં પીજજો ગમને, દુઃખ બીજાનું જોઈ જોઈને
માટીની પણ જરૂર પડે છે માટે રહેજો હળી મળીને
છુટકારો કરો કાવાદાવાને લાવો નહીં તાણી તાણીને
કરશો નહીં જીવન બરબાદ લોકોની ટીકા કરીકરીને
રાખશો નહીં ભેદભાવ કોઈ બાબતે જાણી જોઈને
વીરા જીવ શાને કરે છે કલ્પાંત જીવ બાળી બાળીને

**વીરાભાઈ સી.ચાવડા** (કાણોદર)

## પ્રજાસત્તાક પ્રજા દિન

આવો ઉજવીએ રૂડો તહેવાર, દેશભકિતમાં સૌ રંગાઈએ
ચાલો રાષ્ટ્રગીત ગાઈએ, દેશના ગૌરવ સમા
ધ્વજને વંદન ચાલો સૌ સલામ કરીએ
આવો ઉજવીએ રૂડો તહેવાર પ્રજાસત્તાક પ્રજા દિન
આ દિન છે શહીદોનો પ્યારો, ચાલો સૌ તેમને યાદ કરીએ
લાખો સલામ એ શહીદવીરોને આવો ઉજવીએ
રૂડો તહેવાર પ્રજાસત્તાક પ્રજા દિન

**ઠાકોર બાબુભાઈ પી. ધરાધરવાળા**

## લખું

કંઈ નવું ચળ વળે તો લખું
સમય સાથે પ્રેમ ભળે તે લખું
એવી વાચા વિશે મારે બોલવું નથી
પીડા મને પાછી થાય તો લખું
રોજ લખ લખ એમને ગમતું નથી
શબ્દોના અર્થો ઘણા મળે તો લખું
પાનખર આવે કે નવી કુંપળ ફુટે
જંગલો બધા લીલા બને તો લખું
તમને ગમે કે ન ગમે કહેવું નથી
સંબંધો મીઠા સ્થપાય તો લખું
છાંટા સાથે ગુલાબ બોલો શું લખું ?
આજ મને તે મળે તો નવું લખું

**રાજેશ બારૈયા વનવાસી**
(મુ.બોરડા ભાવનગર)

## અમને કેમ ભુલાયે ?

અડધી ખુલ્લી બારીમાંથી અમને જોયા કરવું અમને કેમ ભુલાયે ?
દરવાજાની પાછળ મારો હાથ દબાવી મળવું અમને કેમ ભુલાયે ?
હોઠો ઉપર સમંદર જેવી તરસ મુકી ટળવળવું અમને કેમ ભુલાયે ?
ભીનાં થાયે હોઠ છતાં યે રોમેરોમ સળગવું અમને કેમ ભુલાયે ?
રોજ તને છોડી દેવાનું મનમાં મનમાં બકવું અમને કેમ ભુલાયે ?
રોજ તને જોઈને પાછું સરરરર.. ધબાક પડવું અમને કેમ ભુલાયે ?
ગંજીપાના રાજારાણી માફક હળવું મળવું અમને કેમ ભુલાયે ?
કુદરત એકો કિસમત દુડી રમી રમી તરફડવું અમને કેમ ભુલાયે ?
ખભે માથું દઈને પારેવાની જેમ ફફડવું અમને કેમ ભુલાયે ?
અમને જોઈ હસવું અમને જોઈ રોયા કરવું અમને કેમ ભુલાયે ?
પાંપણ ઉપર ભીનાં ભયભયતાં સપનાં લઈ ફરવું અમને કેમ ભુલાયે ?
જેના સ્મિતે જીવવું એના સ્મીતે મરવું અમને કેમ ભુલાયે ?
તેં દીલ ખાલી કરીયું જીવન થઈ ગ્યું હળવું હળવું અમને કેમ ભુલાયે ?
અંતે સાંઈ તમારી સઘળી માનતાઓનું ફળવું અમને કેમ ભુલાયે ?

**સાંઈરામ દવે**

## ત્રણ દિવસના મૌન વચાળે

ત્રણ દિવસના મૌન વચાળે વહી શકી ના વાણી
હળ્યાં મળ્યાંની ભુંસી નાખી આંખોએ એંધાણી
પગલાં ભરતાં હલબલ હલબલ હલકયાં રે કંઈ ડાળે
પારાવારની વચ્ચે ટહુકો અઢળક મલકયો ઢાળે
મળી ગયું તું મેળા વચ્ચે એકાંતોનું ગાણું
નજરું મળતાં નજરાયું રે મોંઘેરૂં નજરાણું
બે પ્હોરનો વહ્યો વાયરો વાગ્યોલ મખમલ ઝોકો
પડખે બેસી ગાલે ગલગલ થાતું કોઈ ના રોકો
બાર મેઘનો વાતે મેઘો વરસ્યો ભીના ગાળે
હાથ મીલાવી હલબલ હલબલ મનડું ઉમટયું માળે
કહી દીધું કે કયારે મળશો ? કયારે હૈયાં ડુલ ?
તમે કહ્યું રે કાગળ વાંચી કરજો મારાં મુલ !
ઉભો થઈને બે હાથોથી ગાલને કીધું ગીત,
જતી ટ્રેનને કહ્યું આવજો આપી દીધું સ્મીત
હાથ હલાવ્યો રૂમાલ ફરકયો ઉગ્યાં આંખે પાણી
હાથ મીલાવી હાથ વડે બસ હૈયુંરાખ્યું તાણી
મારે જાવું દુર દુર લઈ તારો નીકટ સાદ
પ્રીયે મારાં વેણ વચાળે કરજો કોક દિ યાદ
આવકારાને આવો કહીને પહેરજો મારી સાડી
મન મુકીને મણમણ પગથીઉપડી મારી ગાડી

**મંગળ રાવળ સ્નેહાતુર**

## ઢળતો પ્રકાશ

જીંદગીથી ત્રસ્ત છું ઢળતો પ્રકાશ છું
સુરજ નથી હું ચંદ્રનો આછો ઉજાસ છું
ખોવાઈ ગયો પ્રશ્નના ઉત્તરની શોધમાં
જાણ્યો ન મર્મ જન્મનો તેથી ઉદાસ છું
ઘાયલ હૃદયની વાત હવે કોને જઈ કહું
આપે છે દર્દ એમની હું આસપાસ છું
લાચાર લેશ પણ નથી હું ખુશમીજાજ છું
વર્તનમાં ફેર જોઉં છું એથી ઉદાસ છું
તું જોઈ લે યુસુફ જરા સંજોગને સમય
અમૃત થયુ છે વિષ હું તેથી હતાશ છું

**યુસુફ ગુંજાવી**

## ઈશ્વરનો નાતો

ઉત્સાહ છલકયા અંગભેર હૈયે ખુટી હામ
બેકસુર નજરોની કરૂં સીકાયત, ન જાણું નામ કે ઠામ
હું તરફદાર છું તમારો સાહેબ, ગયા અજમાવી અદા
અણધાર્યા એ મીલનની વેળા યાદગાર બની રહી સદા
આશાનો દીવઠો ડગમગવા લાગયો, નેન આંસુડે નાથ
પણ પણ જીરવી ન જાય દિવસો વરસો ના થાય
પ્રેમમાં ન હોય ફરેબ, અમૃત ઘાયલ ગુણગાતાં
કહત પ્રચાંદ જગતમાં દે પ્રેમ, ઈશ્વરનો નાતો

**સંકલન : પ્રભુ જેપુ** (ડેડાવા)

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

## હેપ્પી બર્થ-ડે રેહાન



**પિતા :- સમીરભાઈ મેમણ**
**માતા :- શબાનાબેન સમીરભાઈ મેમણ**
**નાના :-અબ્દુલ રહેમાન સિદીકભાઈ મેમણ**
**દાદી :- જરીનાબેન અબ્દુલ રહેમાન મેમણ**
**મામા : રિયાઝભાઈ મેમણ**
**માસી : હીનાબેન મેમણ**
**જન્મ તા.૪/૨/૨૦૧૪વર્ષ : ૩**
**મુ.વડગામ (બ.કાં.)**

**નામ :...................... પતિ/પિતા :......................**
**માતા : ......................જ.તા. ................ઉ.વ.**
**પરિચયઃ ..........................................................**
**સરનામુ : .......................................................**
**મોકલનારની સહી : ...........................................**

## આજે કચ્છ જિલ્લાના રાપરમાં મફત નેત્રયજ્ઞ

રાધનપુર

ગટ્ટા પરિવાર ચામુંડા મંદિર- બેલા, તા. રાપર તરફથી દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૦૪/૦૨/૨૦૧૭ ને શનિવાર સમય સવારે ૯.૦૦ કલાકે વિનામુલ્યે સરકારી હોસ્પિટલ- રાપરમાં તદ્દન ફ્રી મોતીયાના ઓપરેશનનો નેત્રયજ્ઞ રાખવામાં આવેલ છે. જરૂરિયાતવાળાને લાભ લેવા જાણ કરવા વિનંતી કરવામાં આવે છે. દર્દીઓને આવવા જવાના પેટે ભાડાના રૂા. ૧૦૦/- આપવામાં આવશે. તેમજ ભેટ પણ આપવામાં આવશે. આ નેત્રયજ્ઞના સહયોગી બળદેવભાઈ ગટ્ટા, પાલનપુરવાળા છે. નેત્રયજ્ઞને સફળ બનાવવા બળદેવભાઈ, મનોજભાઈ, રાપર, વસંતભાઈ, અરજણભાઈ, રાયચંદભાઈ, ધનજીભાઈ, હસમુખભાઈ, પ્રતાપભાઈ ભારે જહેમત ઉઠાવી રહેલ છે.

## વામજમાં પૂર્વ અદાવત સંદર્ભે એક ઈસમ પર જીવલેણ હુમલો

મહેસાણા

કડી તાલુકાના વામજ ગામ ખાતે અગાઉના કેસોની અદાવતમાં એક શખ્સ પર લાકડીથી હુમલો કરી સખ્ત માર મારીને રૂા. બે લાખ લઈ જઈ મોતની ધમકી આપતાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે પાંચ વ્યક્તિ સામે કડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો અનુસાર વામજ ખાતે રહેતા રામભાઈ પ્રહલાદભાઈ પટેલે ગામના કનુભાઈ પટેલ સહિત પાંચ વ્યક્તિ સામે કડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર શુક્રવારના રોજ આરોપીઓએ અગાઉના કેસોની અદાવત રાખી લાકડીથી રામભાઈને માર માર્યો હતો. તેમજ રૂા. બે લાખ લઈ જઈને મોતની ધમકી આપી હતી. પોલીસે આ બાબતે તપાસ હાથ ધરી છે.

## મેઘરજની અદાલતમાં ચેક રિટર્ન કેસમાં ડેરીયાના શખ્સને ૧ વર્ષની કેદ

(હિં.સ.) હિંમતનગર

મેઘરજ તાલુકાના ડેરીયા ગામના કાના રૂપા મનાતએ મેઘરજની દેના ગુજરાત ગ્રામીણ બેંકમાંથી ટ્રેકટરની લોન લીધી હતી આ લોન પેટે રૂ. ૨૭૨૦૦૦/-ની રકમનો કાના રૂપાએ દેના ગ્રામીણ બેંકને ૨૦૧૨માં તેમના ખાતાનો ચેક આપ્યો હતો

આ આપેલ ચેક બેન્કે ચેકની તારીખે કાના રૂપા મનાતના ખાતામાં નાખતાં ખાતામાં બેલેન્સ ન હોઈ ચેક રિટર્ન થયો હતો. ચેક રિટર્ન થતાં બેન્કે બેંકના વકિલ ભરતભાઈ પંચાલ અને આર.બી. ડામોર મારફતે મેઘરજની કોર્ટમાં કાના રૂપા મનાત સામે ચેક રિટર્નનો કેસ દાખલ કર્યો હતો. બંને પક્ષના વકિલોની દલીલો ચાલી જતાં મેઘરજની અદાલતના જયુડિશીયલ મેજીસ્ટેટ એચ.એન. બારડે આ કેસનો ચુકાદો આપતાં કાના રૂપા મનાતને એક વર્ષની સાદી કેદ તથા ૩૦ દિવસમાં બેંકને રૂ.૨૭૨૦૦૦/-નુ વળતર ચુકવવા આદેશ કર્યો હતો અને જો વળતર ન ચુકવવામાં આવે તો વધુ ત્રણ માસની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો.

## હિંમતનગરના મોતીપુરામાં આગ લાગતા નેનો કાર બળીને ખાખ

હિંમતનગર

હિંમતનગરના મોતીપુરામાં લાટીની બાજુમાં આવેલ ખૂલ્લી જગ્યામાં મૂકેલી નેનો કારમાં અચાનક આગ લાગતા હિંમતનગર ફાયર બ્રિગેડને કોલ કરવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડના પી.એસ.દેવડાએ જણાવ્યુ હતું કે, તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી આગ ઉપર કાબૂ મેળવી લેવાયો હતો. આગ કેવી રીતે લાગી તે હજુ સુધી જાણી શકાયુ નથી. તેમણે ઉમેર્યુ હતું કે, કાર માલિક વડાલી તાલુકાના હોવાનું તથા કાર મૂકીને પ્રાંતિજ નોકરી અર્થે જતા હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ હતું.

## વિવિધ બજાર ભાવ

**ડીસા**

| | |
|---|---|
| એરંડા | ૭૩૧-૭૫૦ |
| રાયડો | ૬૫૦-૭૦૮ |
| મગફળી | ૮૦૦-૯૫૧ |
| ઘઉં | ૩૫૮ |
| બાજરી | ૨૮૦-૩૦૪ |
| ગવાર | ૫૮૦-૬૧૦ |
| રાજગરો | ૮૩૫-૮૬૯ |
| જુવાર | ૪૪૦-૫૦૫ |
| અડદ | ૯૧૧ |
| તલ | ૧૧૫૦-૧૧૫૧ |

**ભીલડી**

| | |
|---|---|
| એરંડા | ૭૫૦-૭૫૮ |
| રાયડો | ૬૫૦-૬૭૬ |
| મગફળી | ૬૫૦-૮૭૬ |
| ઘઉં | ૩૩૪ |
| બાજરી | ૨૯૦-૩૦૨ |
| ગવાર | ૫૮૦-૬૦૫ |
| તલ | ૧૧૧૧-૧૧૭૯ |
| કપાસ | ૧૦૧૫-૧૧૨૦ |
| અડદ | ૯૮૩-૧૦૪૪ |
| રાજગરો | ૮૦૦-૮૧૬ |

**પાલનપુર**

| | |
|---|---|
| ઘઉં | ૩૫૦-૪૩૦ |
| બાજરી | ૨૭૦-૩૦૪ |
| એરંડા | ૭૩૫-૭૫૨ |
| જુવાર | ૪૩૦-૫૫૪ |
| રાયડો | ૬૩૧-૬૭૩ |
| ર.બાજરી | ૩૨૫-૩૩૪ |
| મગફળી | ૮૦૦-૯૪૫ |
| રાજગરો | ૭૯૧-૮૭૧ |
| ગવાર | ૫૯૧-૬૦૩ |
| મકાઈ | ૨૯૦-૩૧૦ |

**વડગામ**

| | |
|---|---|
| ઘઉં | ૩૬૦ |
| એરંડા | ૭૪૨ |
| ગવાર | ૬૦૪-૬૦૭ |
| રાયડો | ૬૨૧ |

**થરા**

| | |
|---|---|
| જીરૂ | ૨૯૫૧-૩૪૫૫ |
| એરંડા | ૭૩૮-૭૫૦ |
| અડદ | ૯૨૦-૯૮૦ |
| તલ | ૧૧૦૦-૧૨૦૧ |
| ઘઉં | ૩૫૦-૪૩૮ |
| ગવાર | ૫૪૫-૫૯૬ |
| બાજરી | ૨૯૦-૩૧૩ |

**ધાનેરા**

| | |
|---|---|
| એરંડા | ૭૨૦-૭૫૧ |
| ઘઉં | ૩૨૯-૪૦૦ |
| બાજરી | ૨૯૬-૩૨૯ |
| મઠ | ૬૦૦ |
| મગ | ૭૫૦-૮૫૬ |
| ગવાર | ૫૮૦-૬૧૭ |
| મેથી | ૬૨૯ |
| રાજગરો | ૭૦૧-૮૩૧ |
| અસાળીયો | ૧૩૭૫ |
| રાયડો | ૬૪૦-૬૮૦ |
| મગફળી | ૭૫૦-૮૭૦ |
| ઈસ. | ૨૧૭૬ |
| તલ | ૧૦૭૬-૧૨૦૦ |
| વરી. | ૧૧૩૦ |

**થરાદ**

| | |
|---|---|
| એરંડા | ૭૪૬-૭૬૦ |
| રાયડો | ૬૫૦-૭૦૫ |
| ગવાર | ૫૯૦-૬૧૨ |
| મગ | ૭૯૫-૯૧૧ |
| મઠ | ૫૫૦-૬૦૦ |
| બીજડા | ૯૭૫-૧૦૦૦ |
| મેથી | ૫૮૧-૬૧૭ |
| બાજરી | ૨૯૧-૩૨૫ |
| જીરૂ | ૨૫૦૦-૩૫૦૦ |
| મગફળી | ૮૦૦-૮૫૦ |
| તલ | ૧૧૦૦-૧૨૨૩ |
| ઈસ. | ૨૨૧૧-૨૩૨૫ |

**સિદ્ધપુર**

| | |
|---|---|
| એરંડા | ૭૪૦-૭૫૭ |
| રાયડો | ૫૮૧-૬૮૦ |
| મગ | ૫૫૫-૫૬૦ |
| અડદ | ૯૯૦-૧૦૪૦ |
| ગવાર | ૫૬૮-૬૧૫ |
| ઘઉં | ૩૬૨-૪૬૦ |
| બાજરી | ૨૪૦-૩૪૦ |
| જુવાર | ૪૦૦-૫૭૬ |
| કપાસ | ૧૦૩૦-૧૧૭૧ |

**પાટણ**

| | |
|---|---|
| જીરૂ | ૨૫૦૦-૩૩૯૩ |
| વરી. | ૧૦૫૦-૧૦૭૯ |
| મેથી | ૬૧૧-૬૩૨ |
| રાયડો | ૫૯૦-૭૦૪ |
| એરંડા | ૭૩૦-૭૬૦ |
| ગવાર | ૫૫૦-૬૦૫ |
| ઘઉં | ૩૪૦-૪૪૦ |
| મગફળી | ૬૯૧-૮૫૬ |
| બાજરી | ૨૬૦-૩૦૦ |
| બંટી | ૪૧૦-૪૩૩ |
| મગ | ૬૫૦-૮૩૪ |
| રજકા બા. | ૩૧૧-૩૨૯ |
| જુવાર | ૩૯૦-૪૨૫ |
| અડદ | ૮૦૦-૧૦૮૯ |
| તલ | ૧૧૧૧-૧૨૯૧ |
| કપાસ | ૧૦૦૦-૧૧૭૨ |

# પાટણ - ચાણસ્મા હાઈવે ઉપર અકસ્માતના બે બનાવ




પ્રતિનિધિ પાટણ

પાટણ - ચાણસ્મા હાઈવે ઉપર આવેલી ગ્રીન પાર્ક સોસાયટી આગળ અચાનક આવી પડેલી ગાયને બચાવવાના પ્રયાસમાં ઝેન અને ઈકો ગાડી વચ્ચે ધડાકાભેર ટક્કર થતા અકસ્માત સર્જાયો હતો. સદભાગ્યે જાનહાનિ ટળી ગઈ હતી પરંતુ બંન્ને વાહનોને વ્યાપક નુક્શાન થયું હતું. જ્યારે આજ હાઈવે ઉપર નજીકમાં સર્જાયેલ વધુ એક માર્ગ અકસ્માતમાં લકઝરી બસ અને ટ્રક ટકરાતા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જેથી ચાલકો અને લોકો વચ્ચે ઉગ્ર બોલચાલી થતા ટ્રફિકજામ થવા પામ્યો હતો.

## મહેસાણામાં ૧૬ પ્લેટફોર્મઃ એનાઉન્સર, નોંધણી અને જવાબ આપનારા કંટ્રોલર માત્ર એક

મહેસાણા

મહેસાણાના મોઢેરા સર્કલ પાસે નવો બસપોર્ટ કરોડોના ખર્ચે બનાવાયો પણ હજુ કંન્ટ્રોલરની બાબતે પહેલાની ટ્રાફીક પોઈન્ટની જેમ એક જ કર્મચારી મૂકવામાં આવેલ છે.પહેલા પ્લેટફોર્મ નહોતા,હવે બસપોર્ટમાં ૧૬ પ્લેટફોર્મ છે અને દર અડધી મીનીટે બસનું આવાગમન હોય છે.જ્યાં કંન્ટ્રોલ પોઈન્ટ પર બસ નંબરની રજીસ્ટરમાં એન્ટ્રી કરવા,બસ અંગે પૂછપરછ કરતા મુસાફરોને જવાબ અને પ્લેટફોર્મ પરથી ઉપડતી બસનું એનાઉન્સની ત્રિવિધ કામગીરીમાં એક જ કંન્ટ્રોલર મૂકવામાં આવેલા છે.

રોજની ૭૦૦થી વધુ બસો આવે છે,સવારે ૫.૩૦થી રાત્રે ૯.૩૦ દરમ્યાન બે શિફ્ટમાં એક,એક કન્ટ્રોલર જ ફરજ પર હોય છે.આ સ્થિતિમાં કર્મચારીને પાણી કે,શૌચાલયની પણ ફુરસદ રહેતી નથી.બસપોર્ટ કંન્ટ્રોલપોઈન્ટ તરીકેની ગણનામાં માત્ર એક કંન્ટ્રોલરથી બસો અને મુસાફરોની માહિતિનું મેનેજમેન્ટ ચાલી રહ્યું છે.

બસની ઓનલાઈન એન્ટ્રી માટે કોમ્પ્યુટર સેટ છે, પણ એક જ કર્મચારી છે એટલે ઉપયોગ વગર પડી રહ્યુ છે. જીપીએસ વગરની ગાડીઓનું એનાઉન્સ કંટ્રોલરૂમથી બસોનું કંન્ટ્રોલરૂમથી કર્મચારી દ્વારા મુસાફર જોગ એનાઉન્સ કરવામાં આવે છે. જ્યારે જીપીએસ સિસ્ટમવાળી બસ પ્લેટફોર્મ કેમેરા સામે ગોઠવાતા ઓટોમેટીક એનાઉન્સ થાય છે પણ સતત બસોના આવાગમનમાં આ એનાઉન્સ બરોબર સંભળાતુ ન હોઈ મુસાફરો પૂછપરછ માટે કંન્ટ્રોલ બારીએ જાય છે.

## ચાણસ્માની પટેલ કોલેજમાં રાષ્ટ્રીય મતદાન દિવસની ઉજવણી

ચાણસમા

'નીમા મેમોરિયલ' ગ્રામ વિકાસ ટ્રસ્ટ, રૂપપુર-ચાણસ્મા સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્માના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટના ઉપક્રમે તારીખ ૨૫ જાન્યુઆરી ૨૦૧૭ ના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે પ્રા.જે.વી.પટેલે કાર્યક્રમની રૂપરેખા અને રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી શા માટે ? એ વિશે જણાવ્યું. આ પ્રસંગે વ્યખ્યાન, જૂથચર્ચા, પ્રતિજ્ઞા વાંચન અને વિદ્યાર્થીઓના વકતૃત્વ જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી. પ્રા.ડી.વી.પટેલ ''મતદાન એ જ મહાદાન'' વિષય પર વ્યાખ્યાન આપતાં જણાવ્યું કે કોલેજ કેમ્પસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને આસપાસના યુવાનો અને નાગરિકોમાં મતદાન જાગૃતિ લાવવા તેમજ યુવા મતદારોની નોંધણી, મતદાનયાદી સુધારણા જેવા ઉદ્દેશથી રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. ગ્રંથપાલ એન.બી.ચૌધરીએ ''શું મતદાન ફરજિયાત હોવું જોઈએ ?'' એ વિષય પર યોજેલ જૂથચર્ચાનું સંચાલન કર્યું. ગૃહવિજ્ઞાન વિભાગના પ્રા.શરચનાબેન વર્માએ વિદ્યાર્થીઓએ ''અમે, ભારતના નાગરિકો, લોકશાહી તંત્રમાં શ્રધ્ધા રાખીને આથી પ્રતિજ્ઞા લઈએ છીએ કે અમે અમારા દેશની લોકતાંત્રિક પરંપરાઓની અને મુકત, ન્યાયી તેમજ શાતિપૂર્ણ ચૂંટણીઓની ગરીમા જાળવીશું તેમજ દરેક ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક અને ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઇપણ પ્રકારના પ્રલોભનથી પ્રભવિત થયા સિવાય મતદાન કરીશું'' એવું પ્રતિજ્ઞા વાંચન કરાવ્યું. કોલજના વિદ્યાર્થીઓ ઠક્કર નેહા ભરતભાઇ અને સાધુ રોહિત માધવદાસે મતદાન જાગૃતિ વિષયક વકતવ્યો આપ્યા. આ પ્રસંગે કોલેજના આચાર્ય ર્ડા.વી.સી.પટેલ, અધ્યાપક મિત્રો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા.

## ૪-૪ મહિનાથી પગાર ન થતા હોમગાર્ડ જવાનોએ દાગીના ગીરવે મુકવા પડ્યા

મહેસાણા

મહેસાણામા ફરજ બજાવતા ૧હજાર હોમાગાર્ડ જવાનોને છેલ્લા ૪ મહિનાથી પગાર ન ચૂંકવાતા રોષ પ્રસર્યો છે. હોમાગાર્ડ વિભાગનું કહેવુ છે કે, ગ્રાન્ટ નથી જ્યારે પોલીસ અધિકારી પગાર નહી થવા માટે બીલ ન બન્યાનું કહી રહ્યા છે.

મહેસાણા કોર્ટ,ટ્રાફિક,નાઈટ પેટ્રોલીગ-વોંચ,રેલવેમા ફરજ બજાવતા ૧હજાર જેટલા હોમાગાર્ડ જવાનોને છેલ્લા ૪ મહિનાથી પગાર ન થતા ઘર કેમ ચલાવવું તે એક સવાલ છે.મહેસાણાના ૧હજાર હોમાગાર્ડ જવાનોનો પગાર છેલ્લા ૪ મહિનાથી ન થતા કેટલાક વ્યાજે નાણા લાવ્યા છે તો કેટલાક દાગીના ગીરવે મુંકી ઘર ચલાવી રહ્યા છે.

આ સંજોગોમા હોમાગાર્ડ જવાનોનો પગાર કેમ થયો નથી તે મુદ્દે બન્ને કચેરીઓના મંતવ્ય અલગ છે.જેમા મહેસાણા ડીવાયએસપી વી.એસ.સરવૈયાએ જણાવ્યું હતું કે, હોમાગાર્ડ કચેરીમા ક્લાર્ક એક જ હોઈ બીલ બનાવવાનું વહેલુ મોડુ થતુ હોઈ પગાર નહી મળ્યો હોય આ બાબત તેમના વિભાગ લગત છે ૬ ડિસેમ્બર ૧૯૪૭મા ગૃહ રક્ષકદળની સ્થાપના કરાઇ હતી.જે પોલીસ સાથે ખભેખભો મીલાવીને કાયદો વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે કામ કરે છે. વાવાઝોડું,કુદરતી આફતો, હુલ્લડો,ગણેશ વિસર્જન જેવા ધાર્મિક તહેવારો,ચૂંટણી સમયે હોમાગાર્ડની સેવા લેવાય છે.જેમનું ભથ્થુ ૬૮ વર્ષમા ૨૨થી વધીને ૨૦૪ કરાયું છે.

કેટલાક રાજ્યોમાં હોમગાર્ડ કાયમી છે તો ક્યાંક ફિક્સ પગારમા જ્યારે કેટલાક રાજ્યોમા હોમગાર્ડને રૂ ૧૫ થી ૧૭હજાર પગાર -ભથ્થા મળે છે.ગુજરાતમાં હોમગાર્ડ જવાનોની સ્થિતિ દયનીય છે અને તેમા પણ ૪ મહિનાથી પગાર ન ચૂ કવાતા ઘર ચલાવવાની જવાબદારી ઉંઘવા દેતી નથી.આ સંજોગોમા કોઇ જવાનનું આકસ્મિક કે ઘટનામા મૃત્યુ પામેતો તેને મામુલી સહાય આપી દેવાય છે : હોમગાર્ડ

## પાટણ તાલુકાની પંચાયતની સામાન્ય સભા યોજાઈ

પાટણ

પાટણ તાલુકા પંચાયતની સામાન્ય સભાની બેઠક પ્રમુખ સેજલબેન અલ્પેશભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને ગત બુધવારે યોજાઈ હતી. જેમાં તાલુકામાં હાથ ધરાતા વિવિધ વિકાસના કામોના ગુણવત્તાયુક્ત કામગીરી થાય તે જોવા સહિત શૌચાલયની કામગીરીમાં પણ ભાર મુક્યો હતો.

આ ઉપરાંત ૨૦૧૭ ની નવી ડાયરી બનાવવા સહિત વિવિધ વિકાસના કામોની ચર્ચા થઈ હતી.

# વિજાપુરના હીરપુરાની સીમમાંથી બંદૂક અને ૧૯ છરા સાથે એક ઝબ્બે

વિજાપુર

વિજાપુરના હીરપુરા ગામની સીમમાં ગુરુવારે મહેસાણા એસઓજીની ટીમે ઓચિતી તપાસ કરી ને દેશી બનાવટની બંદૂક સાથે એક શખ્સને ઝડપી લઇ ને તેના સામે આર્મસ એકટ મુજબ ગુન્હો નોધી વધુ તપાસ વિજાપુર પોલીસને સોંપી છ .

મહેસાણા એસઓજીના પીઆઇ જયેશભાઇ ચાવડા, એએસઆઇઇમ્તીયાઝખાન,હેડકોન્સટેબલકેશરિસિહ,સાહરભાઇ,મહેન્દકુમાર સહીતના ઓની ટીમ ને મળેલ બાતમી ના આધારે ગુરુવારે વિજાપુર તાલુકા ના હિરપુરા ગામની સીમમાંથી સિન્ધી (ડફેર) યુસુફમહંમદભાઇ રહે. હાલ હિરપુરા સીમ મુળ રહે શાહપુર તા.સતલાસણા વાળાઓ ને ગેરકાયદેસર દેશી હાથની બનાવટની બંદૂક તથા ૫૦ ગામ જેટલો ઘન પાવડર તથા નાના મોટા સીસા જેવી ધાતુના છરા નંગ ૧૯ સાથે પકડી પાડી ને વિજાપુર પોલીસ સ્ટેશને તેના વિરુધ્ધ આમર્સ એકટની કલમ ૨૫(૧) મુજબ ફરીયાદ નોધી ને આ અંગેની કાયદેસરની કાર્યવાહી કરી છે.

## મીઠી ધારીયાલમાં ૧૦૦ ટકા મેન્ટેનન્સનું કામ ન થતાં ઝોલા ખાતા વીજ વાયર

ચાણસ્મા

ઉત્તર ગુજરાત વીજ કંપની બહુચરાજી ડિવીઝન નીચે આવેલા મીઠીધારીઆલ ગામે આજથી આશરે ૪૦ વર્ષ અગાઉ વીજળીકરણ કરવામાં આવ્યું હતું. પરંતુ ગામનું ૧૦૦ ટકા મેન્ટેનન્સ કામ ન થતાં સંખ્યાબંધ જગ્યાએ પોલને નુકસાન થયેલ છે અને બે પોલ વચ્ચેનું અંતર વધારે હોવાના કારણે ઝોલા ખાતા વીજ વાયર ક્યારેક ગંભીર અકસ્માત સર્જાવાની ભીતિ ગામલોકો વ્યક્ત કરી રહ્યા છે. આ અંગે જરૂરી કાર્યવાહી કરવા સ્થાનિક ગ્રામ પંચાયત દ્વારા ઉ.ગુ. બહુચરાજી વીજ કંપનીને ફરિયાદ કરવા છતાં કોઈ કામગીરી ન થતાં ગામલોકો તંત્ર સામે રોષ વ્યક્ત કરી રહ્યા છે.

મીઠી ધારીઆલ ગામનું વીજળીકરણ આજથી ૪૦ વર્ષ પૂર્વે કરવામાં આવ્યું હતું. ગામમાં મોટાભાગના રોડ આરસીસી બની જતાં પોલ ઉપરના વાયર ઝોલાં ખાતાં હોઈ અહીંથી પસાર થતાં વધારે ઊંચાઈવાળા વાહનો ક્યારેક અકસ્માતનો ભોગ બની શકે છે. ગામના ઈન્દિરાનગરમાં આશરે ૧૦૦ જેટલા મકાનો આવેલા છે, ત્યાં પણ આવી જ હાલત છે. ગામમાં ૮ થી ૧૦ જગ્યાએ ક્ષતિગ્રસ્ત પોલ ક્યારેક જમીનદોસ્ત થવાની રાહ જોઈ રહ્યા છે. ઠેરઠેર જગ્યાએ બે પોલ વચ્ચેનું અંતર વધારે હોવાથી વાયરો ઝોલાં ખાય છે.

## ઈડરમાં તુવેરના ટેકાના ભાવના બદલે ઓછા ભાવ આપતા ખેડૂતો વિફર્યા

ઈડર

ઈડરની સહકારીજીનમાં તાલુકાના ખેડૂતો બુધવારે પોતાનો માલ લઇ આવતા કેન્દ્રના અધિકારીઓએ તુવેરાના ટેકાના ભાવ આપવાના બદલે માલમાં ખામીઓ કાઢતા ખેડૂતો વિફર્યા હતા અને હોબાળો મચાવ્યો હતો. આ ઘટનાની ઈડર પોલીસને જાણ થતાં પોલીસ પણ દોડતી થઇ ગઇ હતી. જોકે ત્યારબાદ જિલ્લા પંચાયત પ્રમુખની દરમિયાનગીરીથી મામલો શાંત પડયો હતો.

ઈડરના ખેડૂતો બુધવારે ઈડરની સહકારીજીન ખાતે પોતાનો માલ લઈ વેચવા આવ્યા હતા. તે દરમિયાન ખરીદ કેન્દ્રના અધિકારી દ્વારા ખેડૂતોને ટેકાના ભાવ આપવાના બદલે માલમાં ખામીઓ કાઢતા ખેડૂતો વિફર્યા હતા. તેમજ હોબાળો મચાવી રસ્તો બ્લોક કરી દેતા જે ઘટના અંગે ઈડર પોલીસને પણ જાણ થતાં પોલીસ દોડતી થઈ ગઈ હતી. જ્યારે બીજીબાજુ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવતને પણ ઘટનાની જાણ થતાં તેઓ તાત્કાલિક સહકારીજીન ખાતે દોડી આવી ખેડૂતોને સમજાવતા મામલો થાળે પડયો હતો.

## આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનું સાબરકાંઠા જીલ્લામાં ભવ્ય સ્વાગત કરાશે

હિંમતનગર

ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની આગેવાનીમાં આગામી તા.૭ ફેબ્રુઆરીએ દક્ષિણ ગુજરાતના ઉનાઈથી નિકળનારી આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનો સાબરકાંઠા જિલ્લામાં પણ ભવ્ય સ્વાગત થશે તે માટે તડામાર તૈયારીઓ પણ શરુ કરી દેવાઈ છે.

જિલ્લા કાર્યકરોની બેઠકમાં યાત્રાની વિગતો આપતા જિલ્લા પ્રમુખ જે.ડી.પટેલે જણાવ્યું હતુ કે, મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણીની ભાજપ સરકારે ''પેસા એકટ'' થી વિસ્તારોના ગ્રામજનોને મળેલા અધિકાર અને ગૌરવને બક્ષતી આ યાત્રા આદિવાસી વિસ્તારના ૧૫ જિલ્લાઓના ૫૦ તાલુકાઓને આવરી લેશે. યાત્રા દરમિયાન ૫૦૦ જેટલા સ્થાનો પર યાત્રાનું સ્વાગત થશે અને જનસભાને સંબોધન થશે. પ્રદેશ અધ્યક્ષની યાત્રા દરમ્યાન યોજાનાર જાહેર સભાઓમાં મુખ્યમંત્રી વિજયભાઈ રુપાણી, કેન્દ્રીય મંત્રી પરશોત્તમભાઈ રુપાલા, ગણપતભાઈ વસાવા, સહિત કેન્દ્રીય આગેવાનો, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાનની સરકારના આદિવાસી મંત્રીઓ સહિત પ્રદેશના આગેવાનો ઉપસ્થિત રહી ભાજપ સરકારના આદિવાસી સમાજ માટેના વિકાસના કાર્યો અને સંવેદનાપૂર્ણ નિર્ણયો સહિતની બાબતોનું માર્ગદર્શન આપશે.

## સિધ્ધપુર ખાતે પ્રાંતકક્ષાનો પ્રગતિ સેતુ કાર્યક્રમ યોજાયો

પાટણ

રાજયનાવહીવટમાંપારદર્શિતા વધે તેમજપ્રજાનીસામુહિકલક્ષી રજૂઆતો નાઝડપીઉકેલમાટે પારદર્શી પ્રશાસન પ્રતિબધ્ધ સરકાર દ્વારા નાગરિકોની સુખાકારી માટે સ્પર્શતી સામૂહિક રજુઆતોના સ્થળ ઉપર ઉકેલ માટે પ્રાંત કક્ષાનો સિધ્ધપુર તાલુકા અને સિધ્ધપુર નગરપાલિકા વિસ્તારનો પ્રગતિ સેતુ કાર્યક્રમ જિલ્લા કલેકટર કે.કે.નિરાલાના અધ્યક્ષસ્થાને તાલુકા સેવા સદન, સિધ્ધપુર ખાતે યોજાયો હતો.



આ પ્રગતિ સેતુ કાર્યક્રમમાં રોડ,પીવાનું પાણી, વીજળી, આરોગ્ય, શિક્ષણ, પાણીની ટાંકી, કોમ્યુનીટી હોલ, નવી શાળાઓ માટેના રૂમો, ભૂગર્ભ ગટર યોજના, ગામતળમાં ચોમાસામાં ભરતા વરસાદી પાણીના નિકાલ, ગૌચર, બેંકોની સુવિધા, શિક્ષકો, તલાટીઓ, ર્ડાકટરોની ઘટ જેવા ૧૩૫ સામુહિક પ્રશ્નો સરપંચઓ અને જાગૃત્ત નાગરિકો તરફથી રજુ થયા હતા. આ પ્રશ્નોનું સંવેદનશીલતા અને હકારાત્મક અભિગમ દાખવી ઝડપભેર અને સંતોષકારક નિવારણ લાવવામાં આવશે તેમ જિલ્લા કલેકટર કે.કે. નિરાલાએ જણાવ્યું હતું.

આ પ્રગતિ સેતુ કાર્યક્રમમાં ઠાકોર નિગમના ચેરમેન નંદાજી ઠાકોર, જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજયગુરૂ, જિલ્લા પોલીસ અધિક્ષક અશ્વિન ચૌહાણ, નિવાસી અધિક લેકટર બી.જી.પ્રજાપતિ, સિધ્ધપુરના પ્રાંત અધિકારી જસવંત જેગોડા, મામલતદાર અશોક શેરસીયાતેમજ અમ લીકરણ અધિકારીઓ અને અરજદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

### વિદ્યાર્થીઓને મફત પાઠયપુસ્તક સહિતના મુદ્દે

# નોન ગ્રાન્ટેડ શાળાઓને થયેલ અન્યાય બાબતે સરકારમાં રજુઆત

### રાજય નોન ગ્રાન્ટેડ શાળા સંઘ દ્વારા મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રીને રજુઆત કરાઈ

પ્રતિનિધિ વાતમ

ગુજરાત સરકાર દ્વારા શિક્ષણનું પ્રમાણ વધારવા અને અંતરિયાળ વિસ્તારમાં પણ સરળતાથી શ્રેષ્ઠ શિક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ખોલવા વિવિધ સંસ્થાઓને મંજુરી આપી છે અને આપે છે પરંતુ અંતરિયાળ વિસ્તારમાં એટલે કે ગામડાઓમાં ખોલવામાં આવેલી સંસ્થાઓમાં સરકારની કોઈ જ મદદ મળતી ન હોવાથી આવી સંસ્થાઓમાં અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓને તગડી ફી ચુકવવી પડે છે તેમજ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને પણ મહેનત અને પોતાના પ્રમાણ પુરતું વેતન મળતું નથી. ગ્રામ્ય વિસ્તારમાં આવેલી નોન ગ્રાન્ટેડ શાળાઓ ખુબ જ દયનીય સ્થિતિમાં ચાલી રહી છે.

બનાસકાંઠા જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની નોન ગ્રાન્ટેડ શાળાઓમાં ૮૫ ટકાથી વધુ વિદ્યાર્થીઓના વાલીઓ ખેતી અને ખેતમજુરી પર નિર્ભર છે તેમજ એસ.સી.ડી.અને ઓબીસી કેટેગરીના બાળકો અભ્યાસ કરે છે પરંતુ હાલ વર્તમાન સ્થિતિમાં આવી સંસ્થાઓ અનેક મુશ્કેલીઓનો સામનો કરી રહી છે ત્યારે ગુજરાત રાજય નોન ગ્રાન્ટેડ શાળા સંઘ દ્વારા ગુજરાત સરકારમાં પોતાની આપવીતી રજુ કરવા પ્રતીનિધિ મંડળ સરકારને લેખીત રજુઆત કરવામાં આવી હતી જેમાં નોનગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને મફતમાં પાઠયપુસ્તકો આપવામાં આવે. કારણ કે ગામડાઓની સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મોટા ભાગે ગરીબ અને મધ્યમ પરીસ્થિતિમાંથી આવતા હોય છે. વળી નોન ગ્રાન્ટેડ શાળાઓમાં નોકરી કરતા શિક્ષકોનો અનુભવ સરકારી અને ગ્રાન્ટેડ જેવી તમામ સરકારી ભરતીઓના આધારે, પ્રોફાઈલ બેંક પગાર સ્ટાફ અને વાર્ષિક નિરીક્ષણ અહેવાલ જેવા આધારો સાથે અનુભવ ગણત સરકારી ભરતીમાં સમાવેશ કરવો અને પ્રોત્સાહન આર્થિક સહાય તમામ શાળાઓને સમયસર મળે અને તે શાળાના કર્મચારીઓ કાયમી સલામત થાય અને પછાત તાલુકા, જિલ્લા અને ગામડાઓની નોન ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ કરવી વગેરે માંગણીઓ કરી છે.

### જૈનાચાર્ય શ્રી પૂર્ણચંદ્ર સૂરીશ્વરજીની નિશ્રામા

# ધાણધા ખાતે શ્રી જીરાવલા દાદાની પાવન પ્રતિષ્ઠા ઉજવાઈ

## પ્રતિષ્ઠા સંપન્ન થતાં જ અમી ઝરણા થયા

ડીસા

બનાસકાંઠાના પાલનપુર પાસે આવેલા ધાણધાર પ્રદેશના મુખ્ય મથક ધાણધા નગરે નવનિર્મિત્ત ત્રિભુવન તારક તીર્થના આંગણે સફેદ પાષાણમાંથી બનાવાયેલ કલા કોતરણીયુકત જિનાલયમાં પ્રાચીન જીરાવલા પાર્શ્વનાથ પ્રભુજી તથા શ્રી મહાવીર સ્વામી અને નેમીનાથ પ્રભુજીની મંગલકારી પ્રતિષ્ઠા પ્રસંગ મહા સુદ ૭ ના શુભ દિવસે ભારે હર્ષોલ્લાસ અને વિશાળ જનમેદનીની ઉપસ્થિતિ વચ્ચે સંપન્ન થઈ.જેમાં પ્રભુ પ્રવેશનો લાભ જયંતિલાલ મફતલાલ શાહ માસ્તર પરિવારે (માલણ) પ્રાપ્ત કરેલ. જયારે જીરાવલા દાદાની ગાદીનશીન વિધિ તીર્થના ભૂમિદાતા તથા નિર્માણના આધારસ્થંભ માતુશ્રી જયાબેન પોપટલાલ શાહ પરિવાર હસ્તે સુરેખાબેન દિનેશભાઈ અને શીતલબેન સુરેશભાઈ સમસ્ત કુટુંબે ખુબ જ ઉછળતા ભાવો સાથે ઉદાર દિલે ચડાવો લઈને કરી હતી.

આ પ્રતિષ્ઠા પ્રસંગના નિશ્રાદાતા પ્રતિષ્ઠાચાર્ય સાહિત્ય સમ્રાટ પૂ.જૈનાચાર્ય શ્રી પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મ., પ્રખર પ્રવચનકાર પૂ.જૈનાચાર્ય શ્રી યુગચંદ્ર સૂરીશ્વરજી મ.આદિ અનેક શ્રમણ શ્રમણીગણની પાવન સંનિધિમાં જેવો પ્રતિષ્ઠા ઉત્સવ ઉજવાયો કે તરત જ જીરાવલા દાદાના ગભારામાંથી અમી ઝરણાનો ધોધ વહેવા માંડયો હતો.ગભારાની ત્રણેય દિવાલ ઉપરાંત જીરાવલા પ્રભુના નયનોમાંથી પણ અમીધારા વહેતા ઉપસ્થિત શ્રાવક-શ્રાવિકાઓ આશ્ચર્યના સાગરમાં ગરકાવ થઈ ગયા હતા અને જૈનાચાર્યશ્રીના પ્રભાવક સાનિધ્યને અહોભાવની દ્રષ્ટીએ નિહાળવા લાગ્યા હતા. આ પ્રતિષ્ઠામાં આસપાસના માલણ, ભાગળ, ટીંબાચુડી, વડગામ, ગોળા, વગદા, પાલનપુર, ધોતા, પરખડી અનેક ગામોના શ્રેષ્ઠીઓ મુંબઈ, સુરત, નવસારી, નાસિક અને એન્ટવર્પથી ઉમટી પડયા હતા. ધાણધાની પ્રતિષ્ઠા લોકોના મુખે એકી અવાજે વખણાઈ ચુકી.

# રાધનપુરમાં રૂા.૧.૪૦ કરોડની કામગીરીમાં ગેરરિતી બાબતે તપાસ કમિટી રચાઈ

### પાલિકા દ્વારા જિલ્લા કલેકટરને રજુઆત કરાતાં ઉચ્ચ સ્તરીય તપાસ કમિટી રચાઈ

પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર નગરપાલિકાની હદમાં લોકોને પીવાનું પાણી સરળતાથી મળી રહે એ માટે રૂા. ૧.૪૦ કરોડના ખર્ચે પાઈપલાઈન બિછાવવાની કામગીરી પાણી પુરવઠા વિભાગ દ્વારા ૨૦૧૦ માં કરવાની હતી અને પાટણની ડી.સી.પટેલ એન્ડ કંપનીને કામગીરી પણ સોંપવામાં આવી હતી પરંતુ કંપનીને ૭૫ ટકા જેટલું માતબર બિલ ચુકવી આપવા છતાં ૨૦૧૨ માં કંપનીએ કામગીરી બંધ કરી દેતાં અનેક વિસ્તારોમાં પાઈપલાઈન બિછાવવામાં આવી નથી અને જયાં પાઈપ નાખવામાં આવી છે ત્યાં સાચા અર્થમાં પાઈપો નાંખી છે કે કેમ તે તપાસનો વિષય હોવાથી પાલિકાએ જિલ્લા કલેકટરને ભ્રષ્ટાચાર થયાની રજુઆત કરતાં ઉચ્ચ સ્તરીય તપાસ કમિટી નિમવામાં આવી હોવા છતાંય આજ દિન સુધી ના તો તપાસ થઈ છે કે ના તપાસ કમિટીએ કામગીરી શરૂ કરી છે. પાલિકા પ્રમુખના જણાવ્યા મુજબ રૂા.૧૦ થી ૧૫ લાખની પાઈપો મળતી ન હોવાથી તાત્કાલિક તપાસ થવી જરૂરી છે.

જિલ્લા કલેકટરને પાલિકા દ્વારા ગત તા.૩૧ ડિસેમ્બરે લેખિત રજુઆતમાં જણાવ્યા મુજબ ૧૨ મા નાણાંપંચ હેઠળ શહેરના તમામ વિસ્તારોમાં રૂા. ૧.૪૦ કરોડના ખર્ચે પાઈપલાઈન નાંખવાનો

અનુસંધાન પાના નં.૬

#### મંજુરીઓનાં અભાવે કામ અટકયું

પાણી પુરવઠા વિભાગના ડેપ્યુટી ઈજનેર બી.વી. શાહના જણાવ્યા મુજબ રેલ્વે ક્રોસીંગ આવતાં હોય અથવા તો અન્ય અડચણો અંગે મંજુરીઓ મળી ના હોવાથી કામ અટકેલ છે. જો કે ઈજનેરનું બહાનું યોગ્ય લાગતું નથી. જે જગ્યાએ પાઈપલાઈનો નાખી હોય ત્યાં ખોદકામ કરાય તો સાચી માહિતી આપોઆપ બહાર આવશે કે કામગીરી થઈ છે કે કેમ ?

#### અધૂરા પ્રોજેકટ પૂર્ણ કરવા સુચના

મુખ્યમંત્રીની સુચના મુજબ દરેક નગર પાલિકામાં અધુરા પ્રોજેકટ પૂર્ણ કરવા સુચના આપવામાં આવેલ છે.જેથી આ કામ બાબતે પૂર્ણ વિગતો ડોકયુમેન્ટ રજુ કરવામાં આવેલ ન હોઈ આ બાબતે કોઈ જ નિર્ણય લેવામાં પાલિકા અસમર્થ હોઈ ઉચ્ચ સ્તરીય તપાસ કમીટી રચવા ઈન્ચાર્જ પ્રમુખ અરવિંદભાઈ ઠક્કરે જિલ્લા કલેકટરને રજુઆત કરી હતી. પ્રજાને પુરેપુરો ન્યાય મળે તે ખુબ જરૂરી હોઈ કામની તપાસ કરવી જરૂરી છે.

#### ઉચ્ચ સ્તરીય તપાસ કમિટી

જિલ્લા કલેકટર દ્વારા ઉચ્ચ સ્તરીય તપાસ કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં પ્રાંત અધિકારી, મામલતદાર, પાણી પુરવઠા વિભાગ અને માર્ગ મકાનના કાર્યપાલક ઈજનેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે પંદર દિવસ પહેલાં જિલ્લા કલેકટર દ્વારા સુચના આપવા છતાંય તપાસ કમિટી દ્વારા હજુ સુધી તપાસ શરૂ કરવામાં આવી નથી.

# થરાદ પોલીસે વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપી

## રૂા. ૫,૭૪,૫૪૦ નો મુદ્દામાલ જપ્તઃ બે આરોપીની ધરપકડ




થરાદ

થરાદ પોલીસે જૂની આર.ટી.ઓ ઓફિસ નજીક નાકાબંધી ગોઠવી રૂા. ૫૦,૮૦૦ નો વિદેશી દારૂ ભેરલી ડસ્ટર ગાડી સાથે બે શખ્સોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. રાજસ્થાનને અડીને આવેલા સરહદી થરાદના હાઈવે અને અંતરિયાળ માર્ગો ઉપર વાહનો દ્વારા થતી વિદેશી દારૂની હેરાફેરી રોકવા જિલ્લા પોલીસ વડા નિરજકુમાર બડગુજરે સુચના આપી હતી. જે સંદર્ભે નાયબ પોલીસ અધિક્ષક (થરાદ) ના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. આર.જી.ચૌધરી સ્ટાફ સાથે પેટ્રોલિંગમાં હતા. તે દરમ્યાન નાયબ પોલીસ અધિક્ષકે આપેલી બાતમી મુજબ તેમણે સ્ટાફ સાથે જુની આર.ટી.ઓ. ઓફિસ નજીક નાકાબંધી ગોઠવી રાજસ્થાનના સાંચોર તરફથી આવતા વાહનોની ચકાસણી હાથ ધરી હતી. જે દરમ્યાન બાતમીવાળી ડસ્ટર ગાડી (નં.જી.જે. ૧૨ બી.આર. ૭૩૬૩)ને રોકાવી તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની ૧૧૮ બોટલ (કિંમત રૂા. ૫૦,૮૦૦) મળી આવી હતી. તેથી પોલીસે ગાડી ચાલક વિજયસિંહ ગંભીરસિંહ ઝાલા- રાણા (રહે. ચિત્રકૂટ સોસાયટી, અંજાર) અને ભાવેશકુમાર શ્યામભાઈ રાજપૂત (રહે. બલોચવાસ, રાધનપુર) ની અટકાયત કરી હતી. પોલીસે વિદેશી દારૂ સાથે ગાડી (કિંમત રૂા. ૫,૦૦,૦૦૦), ત્રણ મોબાઈલ (કિંમત રૂા. ૧૭,૫૦૦) અને રોકડા રૂા. ૬૨૪૦ મળી કુલ રૂા. ૫,૭૪,૫૪૦ નો મુદ્દામાલ કબ્જે લઈ બંને આરોપી વિરૂધ્ધ પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ભાભર સરકારી કોલેજમાં અધ્યાપકોની અનિયમિતતાથી વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય

## ભાભર સરકારી કોલેજ જાહેર થઈ પરંતુ અત્યારે થરાદની પેટા સેન્ટર તરીકે ચાલુ થતાં વિદ્યાર્થીઓ પરેશાન




તા.પ્રતિનિધિ ભાભર

સરકાર દ્વારા ભાભર સરકારી કોલેજ માટે મોટા ઉપાડે જાહેરાત કરી હતી. પરંતુ સરકારી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બની જવા પામ્યું છે. સરકાર દ્વારા ભાભર ખાતે જુન-૨૦૧૬ થી થરાદ પેટા કેન્દ્ર તરીકે ભાભરમાં આર્ટસ એન્ડ કોમર્સ સરકારી કોલેજ શરૂ કરવામાં આવતા પંથકમાં આનંદ છવાયો હતો. પંથકના પ્રથમ સત્રમાં ૧૩૬ વિદ્યાર્થીઓએ સરકારી કોલેજમાં એડમિશન લીધુ હતું. અને ભાભર ખાતે સરકારી કોલેજ થરાદ પેટા સેન્ટરમાં અભ્યાસ અર્થે વિદ્યાર્થીઓ આવતા હતા. પરંતુ થરાદ સરકારી કોલેજથી ભાભર પેટા સેન્ટરમાં લેક્ચર લેવા આવતા અધ્યાપકો નિયમિત આવતા નથી. અને આવે છે ત્યારે કલાક બે કલાકમાં લેકચર પુરૂ કરી થરાદ રવાના થઈ જાય છે.

પ્રથમ સત્રની ફી ભરી ત્યારે કહેવામાં આવ્યું હતું કે ભાભર પરીક્ષા કેન્દ્ર રાખવામાં આવશે. પરંતુ પ્રથમ સત્રમાં એક બાજુ પુરતો અભ્યાસ વિદ્યાર્થીઓને કરાવ્યો નથી અને પરીક્ષા કેન્દ્ર થરાદ ફાળવતા વિદ્યાર્થીઓ ભારે પરેશાન થયા હતા.

અનુસંધાન પાના નં.૬

# ભલગામ ટોલનાકા ઉપર માથાભારે કર્મચારીઓની ગુંડાગીર્દી

## વેપારીઓને માર મારી ગાડીના કાચ પણ ફોડી નાખ્યા

ડીસા

કાંકરેજ તાલુકાના ભલગામ નજીકના ટોલનાકા ઉપર ટોલ મુદ્દે ઉશ્કેરાયેલા માથાભારે કર્મચારીઓએ વેપારીઓને માર મારી તેમની ગાડીના કાચ પણ તોડી દીધા હતા. કર્મચારીઓની આ ગુંડાગીર્દીના જિલ્લાભરમાં તીખા પ્રત્યાઘાતો પડવા પામ્યા છે.

બનાસકાંઠા જિલ્લાના હાઈવે ઉપર ટોલ નાકાઓ ધમધમી રહ્યાં છે. તેમાં પણ કાંકરેજ તાલુકામાં નજીકના અંતરે બે ટોલનાકા ચાલે છે. ટોલનાકાના માથાભારે કર્મચારીઓની કનડગતના સમાચારો અવારનવાર મીડિયામાં પ્રકાશિત થાય છે. તેમ છતાં કોઈ પગલા ન ભરાતા તેઓ કાયદો પણ હાથમાં લેતા અચકાતા નથી. જેમાં વધુ એક બનાવની મળતી વિગતો મુજબ બે દિવસ અગાઉ રાધનપુર તરફથી કેટલાક યુવાન વેપારીઓ ગાડી દ્વારા આવી રહ્યાં હતાં. ત્યારે ભલગામ ટોલનાકા ઉપર ટોલ લેવા મુદ્દે ચડસાચડસી થઈ હતી. તેથી કર્મચારીઓ અચાનક ઉશ્કેરાઈ ગયા હતા અને વેપારીઓને માર મારી તેમની ગાડીના કાચ પણ ફોડી નાખ્યા હતા. કર્મચારીઓની આ જોહુકમીથી અન્ય વાહન ચાલકો અને મુસાફરો ડઘાઈ ગયા હતા. જેથી આ બનાવના જિલ્લાભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડવા પામ્યા છે.

અનુસંધાન પાના નં.૬

# ડીસા રેલ્વે સ્ટેશનમાંથી અજાણ્યા ભિક્ષુકની લાશ મળી



ડીસા

ડીસા રેલ્વે સ્ટેશન કમ્પાઉન્ડમાં ગુરૂવારે મોડી રાત્રે અજાણ્યા ભિક્ષુકની લાશ મળી આવી હતી.વૃધ્ધ ભિક્ષુકનું મોત બિમારી, ભુખમરા કે ઠંડીના કારણે થયું હોવાનું પોલીસનું અનુમાન છે. તેમની કોઈ ઓળખ વિધિ થઈ નથી.

ડીસાના રેલ્વે સ્ટેશન કમ્પાઉન્ડમાં કોઈ અજાણ્યા ભિક્ષુકની લાશ પડી હોવાની જાણ આજુબાજુ રહેતા લોકોએ પોલીસને કરતાં રેલ્વેની જગ્યા હોઈ પાલનપુર રેલ્વે પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે તપાસ કરતાં ૬૦ વર્ષના ભિક્ષુક જેવા પુરૂષ બિમારીના કારણે કે ઠંડીથી ઠુંઠવાઈ જવાથી અથવા કુપોષણના લીધે મોતને ભેટયા હોવાનું જણાતાં લાશનું પંચનામું કરી ડીસા સીવીલમાં પીએમ અર્થે મોકલી હતી. મૃતક પાસેથી કોઈ ઓળખ વિધિ ન થતાં લાશને કોલ્ડમાં રાખવામાં આવી છે. શનિવાર સુધી કોઈ વારસ નહીં મળે તો સેવાભાવી મનુભાઈ આસનાની દ્વારા તેની અંતિમ વિધિ કરવામાં આવશે.

# ડીસામાં શાળા આસપાસ તમાકુનું વેચાણ કરતા વેપારીઓ સામે દંડાત્મક કાર્યવાહી

## તાલુકાની ૧૯ શાળા વિસ્તારમાં આરોગ્ય ટીમની તપાસ

ડીસા

ડીસા તાલુકા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા વર્લ્ડ કેન્સર ડે ની ઉજવણી અંતર્ગત છેલ્લા બે દિવસમાં તાલુકાની ૧૯ શાળાઓની આસપાસ તપાસ હાથ ધરી હતી. જયાં તમાકુનું વેચાણ કરતા વેપારીઓ પાસેથી રૂા. ૮૭૦ નો દંડ વસુલ કર્યો હતો. તા. ૪ ફેબ્રુઆરી વર્લ્ડ કેન્સર ડે ની ઉજવણી અંતર્ગત તમાકુ નિયંત્રણ અધિનિયમ ૨૦૦૩ હેઠળ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના આદેશથી ડીસા તાલુકા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ તા. ૨ અને ૩ ફેબ્રુઆરીના રોજ તપાસ હાથ ધરાઈ હતી.

જેમાં ડીસા તાલુકાના શહેરી વિસ્તારમાં આરોગ્ય સુપરવાઈઝર તથા આરોગ્ય કાર્યકરો તેમજ જિલ્લા ટોબેકો વિભાગના ભરતભાઈ અને ડાહ્યાભાઈ તેમજ પોલીસ કર્મચારીઓને સાથે રાખી બે ટીમો બનાવી

અનુસંધાન પાના નં.૬

# કોંગ્રેસના ચાર સરપંચો ભાજપમાં જોડાયા

## ખડોલ ગામે નવ નિયુક્ત સરપંચોનો સત્કાર સમારોહ યોજાયો




(તા.પ્રતિનિધિ) ભાભર

સુઈગામ તાલુકાના ખડોલ ગામે આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને નવનિયુક્ત સરપંચોનો સત્કાર સમારોહ રાખવામાં આવ્યો હતો. જેમાં કોંગ્રેસના ચાર સરપંચો ભાજપમાં જોડાયા હતા.

સુઈગામના ખડોલ ગામે શુક્રવારના રોજ આરોગ્ય મંત્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને નવનિયુક્ત સરપંચોનો સત્કાર સમારોહ ગામના સરપંચ જમનાબેન કાજાભાઈ ચૌધરી દ્વારા રાખવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં નવનિયુક્ત સરપંચો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં રડકા, ભટાસણા, ચાળા અને રામપુરાના દલીત નવ નિયુક્ત સરપંચો, રામજીભાઈ પટેલના પ્રયત્નોથી ભાજપમાં જોડાયા હતા. ચારેય સરપંચો વર્ષોથી કોંગ્રેસમાં હતા. પરંતુ ભાજપમાં આરોગ્યમંત્રીના હસ્તે ખેસ પહેલ કેશરીયો ધારણ કરીને ભાજપને મજબુત કરવાનો સંદેશ આપ્યો છે. ભાભર, વાવ અને સુઈગામ પંથકમાં ભાજપ મજબુત થાય તેવા સતત પ્રયત્નો આરોગ્યમંત્રી અને આ વિસ્તારના ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીએ હાથ ધર્યા છે. આ પ્રસંગે મોટી સંખ્યામાં નવનિયુક્ત સરપંચો, ભાજપના અગ્રણીઓ અને લોકો જોડાઈ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# પાલનપુર બસ સ્ટેન્ડમાં બોમ્બ ડીસ્પોઝલ અંગેની 'મોકડ્રીલ'

પાલનપુર

જિલ્લા પોલીસ વડા નીરજ બડગુજરની સુચના આધારે પ્રશાંત (આઈ.પી.એસ.બનાસકાંઠા) તથા પી.આઈ. એન.પી. છાયા એસ.ઓ.જી. તથા પી.આઈ. જે.એચ.સીંધવ એલ.સી.બી. તથા બી.ડી.ડી.એસ. ટીમ, ડોગ સ્કોર્ડ પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથકના અધિકારી તથા સ્ટાફ તથા એલ.સી.બી., એસ.ઓ.જી.ની ટીમ દ્વારા તા.૦૩/૦૨/૨૦૧૭ ના "પાલનપુર બસ સ્ટેશન" ખાતે એક બોમ્બ ડીસ્પોઝલ અંગે મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ જેમાં બસ સ્ટેશનમાં એક બીનવારસી સ્કુલ બેગ હોવાની પોલીસ કંટ્રોલરૂમને જાણ થતા પોલીસ કંટ્રોલ દ્વારા ક.૧૪.૦૬ મીનીટે વર્ધી મળતા પ્રશાંત શુબે (આઈ.પી.એસ.) એસ.ઓ.જી., એલ.સી.બી. બી.ડી.ડી.એસ., ડોગ સ્કોર્ડ તથા પાલનપુર શહેર પૂર્વ પોલીસ મથક ટીમો તાત્કાલીક પાલનપુર બસ સ્ટેશનમાં પહોચેલ તે દરમિયાન ક.૧૪.૧૬ વાગે બી.ડી.ડી.એસ. તથા ડોગ સ્કોડ પાલનપુર બસ સ્ટેશનમાં પહોચેલા અને સ્નીફર ડોગ દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન ક.૧૪.૨૦ વાગે એક બીન વારસી સ્કુલ બેગ મુસાફરોને બેસવાના બાં-કડા નીચેથી મળી આવતા બી.ડી.ડી.એસ. ટીમ દ્વારા બોમ્બ બ્લેન્કેટમાં શંકાસ્પદ સ્કુલ બેગ મુકાવી ક.૧૪.૨૩ વાગે બોમ્બ ટ્રોલીમાં પેક કરાવી રવાના કરવામાં આવેલ છે. મોકડ્રીલ દરમિયાન કોઈ પણ પ્રકારની ભાગદોડ થયેલ નથી તેમજ કોઈ શંકાસ્પદ ચીજ વિસ્તુ મળી આવે તો શુ કાર્યવાહી કરવી તેમજ આ અંગે સાવચેતી અંગેના પગલા કઈ રીતે લેવા તે અંગે બસ સ્ટેશન બસમાં મુસાફરી કરતા પેસેન્જરોને સાવચેતી અંગેના પગલા લેવા સમજ આપવામાં આવેલ છે.

# ડીસા સહિત જિલ્લામાં વહેલી સવારે ઝાકળના પગલે મિશ્ર ઋતુનો અનુભવ

## દિવસ-રાતના તાપમાનમાં ફેરફારઃ બિમારીઓનો ઉપદ્રવ




પ્રતિનિધિ વડાવળ

જિલ્લાભરમાં વસંત પંચમી બાદ શિયાળાની વિદાય અને ઉનાળામાં આગમનની શરૂઆત થતી હોય છે. જેના પગલે જિલ્લામાં અત્યારે મિશ્ર ઋતુ જોવા મળી રહી છે. દિવસ અને રાત્રિના તાપમાનમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. જેથી બિમારીઓનો ઉપદ્રવ વધી પડ્યો છે. દેશના ઉત્તર ભાગમાં સર્જાયેલ અપર એર સર્ક્યુલેશનના પગલે રાજ્યભરમાં હવામાનમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. આગામી દિવસોમાં ફરી પાછી ઠંડીની મૌસમ આવી શકે તેવી શક્યતાઓ જોવા મળી રહી છેપણ અત્યારે તો દિવસ અને રાત્રિના તાપમાનમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. રાત્રે પડતી ઝાકળના કારણે ઠંડીનું સવિશેષ પ્રમાણ રહેતુ હોય છે. જેથી રાત્રિનો તાપમાનનો પારો ૧૦ ડિગ્રી આસપાસ જોવા મળે છે. જયારે દિવસે ૩૦ ડિગ્રી તાપમાન થઈ જતુ હોવાથી જિલ્લાભરમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. જેના પગલે શહેરમાં આવેલી ઓફિસો, હોસ્પિટલોમાં, વગેરે સ્થળો પર બપોરના સમયે ફરજીયાત પંખા ચાલુ કરવાની ફરજ પડી રહી છે. આવી મિશ્ર ઋતુના પગલે તેની સીધી અસર માનવ જીવન સહિત પશુ- પંખી અને રવિ સિઝનના વાવેતર પર પડી છે. નાના બાળકો, વૃધ્ધો, સહિત બિમાર વ્યક્તિઓની અસર વધુ જોવા મળે છે. જેમાં ખાંસી, શરદી જેવી બિમારીનું પ્રમાણ પણ ખુબ જોવા મળી રહ્યું છે. વાદળછાયુ વાતાવરણના પગલે હવામાનમાં ફેરફાર થઈ રહ્યો છે.

# ભાભરમાં ચાર વર્ષથી નાસતો - ફરતો આરોપી ઝડપાયો

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા પેરોલ - ફર્લો સ્કવોર્ડની ટીમે ભાભર પોલીસ મથકે નોંધાયેલ ગુનામાં છેલ્લા ચાર વર્ષથી નાસતા ફરતા આરોપીને ડીસા ખાતેથી ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.

જિલ્લા પોલીસ વડા નિરજ બડગુજરની સૂચનાથી પેરોલ - ફર્લો સ્કવોર્ડના પી.એસ.આઈ. આર.કે.પરમાર સ્ટાફના કિરણસિંહ હાલાજી, ખુમાજી રામાજી, ગોવિંદભાઈ શિવાભાઈ, કાનજીભાઈ નારાયણભાઈ, રમેશભાઈ અમૃતભાઈ વિગેરે સાથે પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન ભાભર પોલીસ મથકે ચાર વર્ષ અગાઉ ઈ.પી.કો. ક.૨૭૯, ૨૯૫ (ક), ૫૦૬(૨) મુજબના ગુનામાં નાસતો - ફરતો આરોપી મુલ્તફા ઈસ્માઈલભાઈ ઘાંચી (રહે.સિલવાવાસ તા.સમી જિ.પાટણ) ડીસા આવતો હોવાની બાતમી મળી હતી. તેથી પોલીસે 'વોચ' ગોઠવી તેને ડીસા ખાતેથી દબોચી લીધો હતો. અને આગળની કાર્યવાહી માટે ભાભર પોલીસને સુપ્રત કર્યો હતો.

**પાટણમાં રખેવાળ**

**સમાચાર / જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક કરો**

BG-17, એમ.કે.સ્કુલની નીચે,
સરદાર પટેલ કોમ્પલેક્ષ,
હાઇવે ચાર રસ્તા, પાટણ. (ઉ.ગુ.)

ટે.નં.(૦૨૭૬૬) ૨૨૧૪૬૦ મો.નં. ૯૪૨૮૬ ૭૮૨૦૨